ૐ

# નિર્ભ્રાંત દર્શનની કેડીએ

## (૧) મોક્ષાર્થીનું સ્વરૂપ

પૌરાણિક કાળના મનુષ્ય-આયુના પ્રમાણમાં, વર્તમાન કાળમાં મનુષ્યનું આયુષ્યપ્રમાણ અલ્પ છે અને તે પણ અનિશ્ચિતતાથી ગ્રસિત છે, તેવી સ્થિતિમાં પણ મોટા ભાગના મનુષ્યોને તો વ્યવહારિક જીવન-નિર્વાહ માટે અનેક પ્રકારની પ્રવૃત્તિમાં, આયુષ્યનો બહુભાગ વ્યતીત કરવો પડે છે. કોઈ કોઈને પૂર્વપુણ્યના યોગે અલ્પ પ્રવૃત્તિ કરતાં પણ ચાલે, તેવા પ્રકાર હોય છે. તોપણ બળવાન અસત્સંગ અને પાંચ ઇન્દ્રિયના વિષયોની વિવિધતાવાળા વિશાળ ફેલાવામાં જીવ ઘેરાયેલો રહે તેવી સ્થિતિ પ્રાયઃ છે. તદ્ ઉપરાંત પૂર્વે સન્માર્ગને આરાધેલ નહિ હોવાથી તેમજ તથા પ્રકારની હીન યોગ્યતાને લઈને, આત્મહિત સંબંધિત પુરુષાર્થ ઉત્પન્ન ન કરી શકે તેવો જીવોનો પ્રકાર સામાન્યતઃ જોવામાં આવે છે. ટૂંકમાં આ કાળને વિશે પૂર્વે કદી નહિ જાણેલો, નહિ પ્રતીત કરેલો અને નહિ આરાધેલો એવો સન્માર્ગ જીવને પ્રાપ્ત થવો દુષ્કર છે, તેમ સ્વાભાવિક જણાય છે. તેમ છતાં પણ જો કોઈ મુમુક્ષુજીવને માર્ગ-પ્રાપ્તિનો એકમાત્ર લક્ષ હોય, તો માર્ગ-પ્રાપ્તિ અવશ્ય થવી સંભવે છે. તેથી સમ્યગ્દર્શનાદિ મોક્ષમાર્ગને પામનાર જીવની મુમુક્ષતા કેવા (યથાર્થ) પ્રકારની હોય ? તે સત્પુરુષોના વચનોનાં આધારે વિચારવા યોગ્ય છે.

પ્રથમ તો, મુમુક્ષુ જીવને માર્ગ-પ્રાપ્તિના પ્રબળ નિમિત્ત બે પ્રકારે છે :-

(૧) પ્રત્યક્ષ સત્પુરુષનો યોગ (૨) સત્ શાસ્ત્રનો સ્વાધ્યાય

ઉક્ત બન્ને પ્રકારના નિમિત્તનો યોગ હોય તો તે ખચિત મહદ્ પુણ્યનો



યોગ છે. તેમાં સંશય નથી - તોપણ પ્રત્યક્ષ સત્પુરુષનો યોગ એ વિશેષ બળવાન કારણ છે અને તેથી આ પ્રકરણમાં પૂરું લક્ષ દઈને વિચારવું ઘટે છે.

અનંતકાળે જ્ઞાની સત્પુરુષનો સમાગમ વિશિષ્ટ પ્રકારના પૂર્વપુણ્યના ઉદયને લઈને થાય છે. તે કાળે જો આત્માર્થી જીવની યોગ્યતા તે સત્પુરુષને ઓળખે તેવી સુયોગ્ય પ્રકારની હોય, અર્થાત્ સમાગમ થવા છતાં ઓળખી ન શકે તેવા બાધક પરિણામ તેને વર્તતા ન હોય, તો તે જીવની આત્મકલ્યાણની અભિલાષા સફળ થવી સંભવે છે. કારણ કે ઉપાદાનની યોગ્યતા વિના યોગ પણ અયોગરૂપ જ થઈ પડે છે.

જે સત્પુરુષો જ્ઞાન દશાને સંપ્રાપ્ત થયા, તેઓ પૂર્વે મુમુક્ષુતામાં યથાર્થપણે પ્રવર્તીને, તે ભૂમિકાથી આગળ વધીને અનુભૂતિ પર્યંત પહોંચ્યા, તેમાં જે પ્રકારે તેઓ પ્રવર્ત્યા, તેનું અનુભવપૂર્ણ વચનોમાં તે તે મહાત્માઓએ વિશદ, ભાવવાહી શૈલીમાં વર્ણન કર્યું છે. આત્માર્થી જીવને આવા વચનો પોતાની ભૂમિકાને સ્પર્શતો વિષય હોવાથી પ્રયોજનભૂતપણે વિચારણીય છે. અહીં ''બહેનશ્રીનાં વચનામૃત'' ગ્રંથના આધારે આ વિષય અનેક પડખાથી સમજવા યોગ્ય છે. તે આ પ્રકારે છે :-

મુમુક્ષુજીવનાં પરિણામમાં સ્વરૂપ પ્રાપ્તિની તીવ્રતમ ભાવના હોય છે. તેમજ સ્વરૂપ સમજવાની, ઓળખવાની અપૂર્વ જિજ્ઞાસા પણ હોય છે. અર્થાત્ અનંત જન્મ-મરણથી મુક્ત થવાની વેદનાપૂર્વક ઉત્પન્ન જિજ્ઞાસા હોય છે, તેને લઈને પદાર્થનું યથાર્થ સ્વરૂપ સમજવાનો જ્ઞાનમાં અવકાશ થાય છે. અંદરથી ઉત્પન્ન થયેલી જિજ્ઞાસાનો આ ખાસ પ્રકાર છે. તદ્ઉપરાંત પૂર્ણ નિર્દોષતાની પ્રાપ્તિ અર્થાત્ પરિપૂર્ણ શુદ્ધિ પ્રાપ્ત કરવાનું ધ્યેય બાંધનાર અને તે ધ્યેયને પૂરી લગનીથી અનુસરવાની ધગશવાળો જીવ આત્માર્થીની યોગ્ય ભૂમિકાવાળો હોય છે. તેથી તેને આત્મહિત – એ જ માત્ર પ્રયોજન રહે છે. આવા આત્માર્થી જીવને નિજ પ્રયોજનના વિષયમાં તીક્ષ્ણ અને સૂક્ષ્મદૃષ્ટિ પૂર્વક સહજ પ્રવર્તવાનું થાય છે. સ્વરૂપ સંબંધી અપૂર્વ જિજ્ઞાસાને લઈને, પૂર્વે ગ્રહેલાં-માનેલાં વિપરીતતાના પ્રકારો શિથિલ થાય છે. અને

ગૌણ થઈ જાય છે, જન્મમરણથી મુક્ત થવાના ઉપાય સંબંધિત જિજ્ઞાસા જ્યારે જીવમાંથી જોર કરે છે ત્યારે જ જ્ઞાનમાં સત્યને સમજવાનો યોગ્ય અવકાશ થાય છે. તેવા સમયે, આ ભૂમિકામાં ભાવનાનું તત્ત્વ મુખ્યપણે કામ કરે છે. અર્થાત્ સ્વરૂપપ્રાપ્તિની તીવ્ર ભાવના મુમુક્ષુ જીવને ક્યાંય અટકવા દેતી નથી. આવી તીવ્ર ભાવનાના સદ્ભાવને લઈને, ભાવનાથી વિરુદ્ધ ભાવનો નિષેધ વર્તે છે. તે ત્યાં સુધી કે સ્વાનુભૂતિ થયાં પહેલાં ગમે તેવા ઉચ્ચકોટિનાં શુભ પરિણામ થવા છતાં અંદરમાં ખટક રહ્યા કરે, તે એવા પ્રકારે કે ખરેખર જે સ્વરૂપપ્રાપ્તિની ભાવના છે તે સિવાય મારે કાંઈ જોઈતું નથી, ગમે તે શુભભાવો થયાં તેથી શું ? ઉક્ત ભાવનાને લીધે શુભરાગ ઉપર વજન રહેતું નથી. તેથી તેવા શુભભાવ અટકવાનું સ્થાન થતાં નથી – ઉપરાંત આવી સ્વરૂપપ્રાપ્તિની તીવ્ર લગનીવાળી ભાવના, રાગરસને શિથિલ કરનારી હોવાથી, અને ભેદજ્ઞાનના અભ્યાસને નિપજાવનારી હોવાથી આ ભૂમિકામાં જ્ઞાનની નિર્મળતાનું કારણ થાય છે. સમ્યક્દર્શન પહેલાની ભૂમિકાનું જ્ઞાન યથાર્થ પ્રકારે નિર્મળ થતાં સમજણમાં વિપર્યાસ થવાનો પ્રસંગ રહેતો નથી –અર્થાત્ સત્ શાસ્ત્રો અને સત્પુરુષનાં વચનોની સમજણમાં યથાર્થતા રહે છે. ઉક્ત પ્રકારમાં જો મુમુક્ષુ જીવ પ્રવેશ ન કરે તો, પ્રાયઃ અનાદિના વિપરીત સંસ્કાર યુક્ત બુદ્ધિદ્વારા શાસ્ત્રમાં પ્રવેશ કરનારને સમજણમાં વિપર્યાસ થઈ આવે છે. અર્થાત્ તેને વસ્તુનું સ્વરૂપ અન્યથા ભાસે છે. જે કલ્પિત છે. તેથી એમ ફલિત થાય છે કે ભાવનાપૂર્વક થયેલ સમજણ યથાર્થ છે અને આવી યથાર્થ સમજણ પણ ઉક્ત ભાવનાને જ સતેજ કરે છે. એમ ભાવના અને જ્ઞાન એકબીજાનાં પૂરક થઈને રહે છે. જો મુમુક્ષુ જીવની સમજણમાં યથાર્થતા ન આવે તો તે શુષ્કજ્ઞાની થઈ જાય છે. ત્યાં તે જીવનો જ્ઞાનનો ક્ષયોપશમ તો શાસ્ત્ર અનુસાર અર્થઘટન કરવા સમર્થ હોય છે. ઉઘાડની શક્તિથી શબ્દાર્થ, નયાર્થ, મતાર્થ, ભાવાર્થ, વગેરે શાસ્ત્રના પ્રકરણને અનુકૂળ જણાવા છતાં તથા પ્રકારની ભાવનાના અભાવને લઈને શુષ્કતા ઉત્પન્ન થાય છે. જ્યારે યથાર્થજ્ઞાન તો શુષ્કતાને તોડવાવાળું છે, અને ભાવનાનું ઉત્પાદક છે. આમ મુમુક્ષુતાની ભૂમિકામાં



ભાવનાનું પડખું મુખ્ય છે. સ્વાનુભવવિભૂષિત પૂ. બહેનશ્રી (ચંપાબેન) વચનામૃત આંક ૨૧માં કહે છે કે :

''ચૈતન્યને ચૈતન્યમાંથી પરિણમેલી ભાવના એટલે કે રાગદ્વેષમાંથી નહિ ઉગેલી ભાવન – એવી યથાર્થ ભાવના હોય તો તે ભાવના ફળ્યે જ છૂટકો. જો ન ફળે તો ચૌદ બ્રહ્માંડને શૂન્ય થવું પડે અગર તો આ દ્રવ્યનો નાશ થઈ જાય પરંતુ એમ બને જ નહિ. ચૈતન્યપરિણામ સાથે કુદરત બંધાયેલી છે. એવો જ વસ્તુનો સ્વભાવ છે. આ અનંતા તીર્થંકરોએ કહેલી વાત છે.''

ઉપરોક્ત વચનામૃતમાં "યથાર્થ ભાવના'' નું સ્વરૂપ બતાવ્યું છે કે આ ભાવના રાગદ્વેષમાંથી ઉગેલી નથી. અર્થાત્ આવી ભાવનાવાળો જીવ રાગની પ્રધાનતામાં વર્તતો નથી – પરંતુ તે ચૈતન્યની પ્રધાનતામાં વર્તી રહ્યો છે. તેથી તેની ભાવના સરળ થશે જ, તે નિઃશંક છે. ઉપલક વાંચન-વિચારવાળા જીવની ભાવના-પર્યાપ્ત ભાવના નથી. અંદરથી વેદના સહિત ભાવના હોય, તો કાર્ય થાય જ, એવો અફર નિયમ છે. આવી ભાવના સાથે પૂરી લગની અને ખરી તાલાવેલી હોય છે. તેમાં (પૂર્ણતાનું) સાધ્યનું લક્ષ ન છૂટે તેવા પ્રકારે સર્વ પ્રસંગોમાં આત્માર્થી જીવ વર્તે છે. આ સંબંધમાં "બહેનશ્રીનાં વચનામૃત" આંક ૫૧માં તેઓ કહે છે કે :-

''આકાશ પાતાળ ભલે એક થાય, પણ ભાઈ; તારા ધ્યેયને તું ચૂકીશ નહિ, તારા પ્રયત્નને તું છોડીશ નહિ, આત્માર્થને પોષણ મળે તે કાર્ય કરવું, જે ધ્યેયે ચડ્યો તે પૂર્ણ કરજે, જરૂર સિદ્ધિ થશે.''

અહા ! કેટલું સુંદર પુરુષાર્થની પ્રેરણાદાયક ઉદ્બોધન છે. વળી સાથે સાથે અતિ મહત્વની શિખામણ પણ છે કે "આત્માર્થને પોષણ મળે તે કાર્ય કરવું" અર્થાત્ સર્વ કાર્યમાં આત્માર્થનો લક્ષ રાખવો અને ક્યાંય પણ સીધી કે આડકતરી રીતે આત્માર્થથી પ્રતિકૂળ જવાતું હોય-તે કાર્ય કરવું નહિ-આવું તીક્ષ્ણ અને સૂક્ષ્મ લક્ષ્યબિંદુ મુમુક્ષુના જ્ઞાનમાં હોવું ઘટે છે. તેમજ સ્વકાર્ય કરતાં કોઈ પણ પ્રતિકૂળતા વશ સ્વકાર્યને ચૂકવું નહિ. તેવી જોરવાળી ભાવના હોવી ઘટે છે. આ વિષયમાં પૂ. બહેનશ્રીના વચનામૃતમાં અનેક પડખાથી મુમુક્ષુ જીવને અત્યંત ઉપયોગી માર્ગદર્શન મળે તેવું નિરુપણ

છે, જેનો સારાંશ એવો છે કે, જે મુમુક્ષુ જીવને સંસારના ઉદય પ્રસંગો પ્રત્યે કંટાળો આવે-સંસારનાં કાર્યો કરવા તે ઉપાધિમય લાગે અને તેથી તેમાં પ્રવર્તવું પડે ત્યારે ઘણી અરુચિ થઈ આવે અનેક પ્રકારના ઉદયમાં થતાં વિભાવનો અંદરથી ત્રાસ લાગે (મુમુક્ષુતાના સદ્ભાવમાં) જીવનું સંસારબળ ઘટ્યા કરે, સંસાર પ્રત્યેની જે જીવની ભાવના તે મોળી પડી જાય તો માર્ગ જરૂર મળે. વળી, સર્વ જીવને, જે કાર્યમાં પ્રયોજન સધાતું જણાય-તે કાર્યમાં ઘણો રસ ઉત્પન્ન થઈ જાય છે. આ (પરિણામમાં રસ અંગેનો) નિયમ છે. તદ્અનુસાર મુમુક્ષુ જીવને નિજપ્રયોજન સધાય તેવા પ્રકારના પરિણામમાં રસ આવે છે. અને સર્વ વિભાવમાં નિરસપણું થઈ જાય છે. અર્થાત્ વિભાવનો રસ નીતરી જાય છે. તેથી વિભાવના વેગમાં તે તણાતો નથી-પરંતુ ગુણગ્રાહી બને છે. તેવી યોગ્યતામાં જો પ્રત્યક્ષ જ્ઞાની પુરુષની વાણી તેને મળે તો તેના અંતઃકરણમાં ઘણી ઊંડી અસર પહોંચે છે. અને તેનું ચિત્ત બીજે ક્યાંય ચોંટતું નથી. અનેક પ્રકારના શુભ પરિણામ થવા છતાં તેનો તેને આગ્રહ થતો નથી – પરંતુ પોતાની શોધકવૃત્તિ તે ચાલુ રાખે છે. જો કે તત્ત્વજ્ઞાનના વિષયમાં તેનો ઉપયોગ લાગે છે. તોપણ હૃદય ભીંજાયેલું હોવાથી જ્ઞાનની શુષ્કતામાં આવતો નથી – તેવા જીવની પાત્રતા પ્રદર્શિત કરતા પૂ. બહેનશ્રીના વચનામૃત ખાસ ઉલ્લેખનીય છે.

“મારે કાંઈ જોઈતું નથી. કોઈ પર પદાર્થની લાલસા નથી. આત્મા જ જોઈએ એવી જેને તીખી તમન્ના લાગે તેને માર્ગ મળ્યે જ છૂટકો છે. અંદરમાં ચૈતન્યઋદ્ધિ સંબંધી વિકલ્પમાં પણ તે રોકાતો નથી. એવો નિઃસ્પૃહ થઈ જાય છે કે મારે મારું અસ્તિત્વ જ જોઈએ છે. આવી અંદર જવાની તીખી તમન્ના લાગે તો આત્મા પ્રગટ થાય, પ્રાપ્ત થાય.” (આંક-૨૦)

વળી તેઓશ્રી આંક ૪૯માં કહે છે કે :-

“જીવન આત્મામય જ કરી લેવું જોઈએ. ભલે ઉપયોગ સૂક્ષ્મ કાર્ય કરી શકતો ન હોય, પણ પ્રતીતિમાં એમ જ હોય કે આ કાર્યથી લાભ છે. મારે આ જ કરવું છે. તે વર્તમાન પાત્ર છે.”



અહા ! આત્માર્થી જીવને, જીવન આત્મામય જ કરી લેવાની, કેવી ભાવવાહી પ્રેરણા છે ! આવા આત્માર્થીને એક પોતાનો આત્મા જ જોઈએ છીએ અને જગતમાંથી તેને કાંઈ જોઈતું નથી. તેવી દૃઢ વૃત્તિવાળો સરળ પરિણામી જીવ નિજદ્રવ્ય સ્વભાવને ઓળખી શકે – તેવી પાત્રતા વાળો છે.

પાત્રતા બે પ્રકારે હોય છે. : ગર્ભિત પાત્રતા અને વર્તમાન (પ્રગટ) પાત્રતા. ગર્ભિત પાત્રતા સામાન્ય માણસની સમજમાં આવતી નથી. તે તો જ્ઞાનીઓના સાતિશય જ્ઞાનનો વિષય છે. – ઉક્ત વચનામૃતમાં આત્મકાર્ય માટે દૃઢપણે કટિબદ્ધ-આત્મામય જીવન થયું છે. તેવા એકાંત આત્માર્થીપણાના ભાવને "વર્તમાન-પાત્ર" એવું પ્રગટ પાત્રતાસૂચક વિશેષણ આપેલ છે. તે મુમુક્ષુજીવને લક્ષમાં લેતાં અત્યંત ઉપકારી થાય તેવું છે. વર્તમાન પાત્રતાવાળો જીવ પોતાની યથાર્થ સમજણને તુરત પ્રયોગમાં મૂકવાનો પ્રયત્ન કરે છે. વળી, એક આત્મા સિવાય જેને કાંઈ જોઈતું નથી. તેવી તીખી આત્મવૃત્તિ પણ પાત્રતાની સૂચક છે – આવા પાત્ર જીવને જગતમાંથી તો કાંઈ મેળવવું નથી. પરંતુ ચૈતન્યની ઋદ્ધિના વિકલ્પ પરત્વે પણ તે નિસ્પૃહ છે. અને એક પોતાના અસ્તિત્વને જ ચાહે છે. એવા પાત્ર જીવને આત્મા અવશ્ય પ્રગટ થાય છે તેની ખાતરી આ વચનામૃતમાં આપી છે.

વળી, આત્માર્થી જીવ સ્વકાર્યમાં ઉદ્યમવંત હોવાથી, સમયને વ્યર્થ ગુમાવતો નથી. અર્થાત્ અપ્રયોજનભૂત વિષયમાં (પ્રવૃતિમાં) સમય જાય તે તેને પોસાતું નથી. પરંતુ ગમે તેવી કટોકટીમાં પણ અંતર-મંથન, વિચારણા અને સ્વાધ્યાય આદિનો સમય મેળવી લ્યે છે – ખેંચી કાઢે છે. પૂર્ણતાના લક્ષે શરૂઆત કરનાર કોઈ પણ સાધક – સાધક અવસ્થામાં રોકાતો નથી. તદ્અનુસાર મુમુક્ષુ જીવ પણ ઉક્તપ્રકારે શરૂઆત કરવાવાળો હોવાથી કદી પણ ચાલતા પરિણમનમાં સંતોષાઈ જતો નથી. પરંતુ પોતાને કરવાનું ઘણું બાકી છે તેના ભાનમાં રહીને આગળ વધે છે. જે કોઈ જીવ મુમુક્ષુની ભૂમિકામાં ઉત્પન્ન થતાં કોઈપણ પ્રકારનાં શુભભાવમાં સંતુષ્ટ થાય છે. અર્થાત્ તેને ગણતરીમાં રાખે છે કે આટલું વાંચન અથવા શ્રવણ હું નિયમિત

કરું છું અથવા અમુક ક્રિયા કરું તો છું. તેણે તે કાળે તે કાર્યમાં સર્વસ્વ માન્યું છે. તેથી તેનો વિકાસ થઈ શકતો નથી. અથવા સાચી વિધિ તેને પ્રાપ્ત થતી નથી. વર્તમાન પર્યાયમાં, સમ્યક્દ્રષ્ટિ સાધકને (પર્યાયદૃષ્ટિનો અભાવ હોવાથી) પૂર્ણતા પ્રાપ્ત ન થાય ત્યાં સુધી, સંતોષ થતો જ નથી. ફક્ત પર્યાય દૃષ્ટિવાન મિથ્યાદૃષ્ટિને જ કોઈને કોઈ પ્રકારે સંતોષવાનું બને છે. પરંતુ યથાર્થ પાત્રતાવાળો મુમુક્ષુ ક્યાંય પણ સંતોષાઈ જતો નથી. શરૂઆતથી તે આવા પ્રકારની ભૂલથી બચી જાય અને સત્‌ની ઊંડી જિજ્ઞાસા તેને હોવાથી તેનો પ્રયત્ન યથાર્થ પ્રકારે ચાલે છે. અને છેવટે તેની પરિણતિ સરળ થઈ-આત્મસન્મુખ થઈ, આત્મામાં પરિણમે તે સ્થિતિ યોગ્ય મુમુક્ષુ જીવને પ્રાપ્ત થાય છે. અપૂર્વ ઊંડી જિજ્ઞાસાના કાળમાં સત્‌નું શ્રવણ-ઊંડા સંસ્કારનું કારણ બને છે. તેથી છેવટે બીજી ગતિમાં અથવા બીજા ભવમાં પણ સત્ પ્રગટવાનું તે કારણ બને છે.

સમ્યક્દર્શન પ્રાપ્ત કરનાર જીવ પ્રાયઃ તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કરે છે કે જે વિચારની ભૂમિકાવાળી દશા છે. આ વિચારની ભૂમિકામાં પણ ભેદજ્ઞાનના લક્ષે અને ભેદજ્ઞાનના વારંવારના પ્રયાસરૂપ અભ્યાસ સહિત વિશેષ ચિંતવનપૂર્વક-ઊંડા ચિંતવનપૂર્વક શાસ્ત્રોનું અધ્યયન કર્તવ્ય છે. અને તો જ માર્ગની દિશા સૂઝવાનું સુગમ થાય-અન્યથા નહિ. આ પ્રકારનો અંતરઅભ્યાસ તે જ જીવ કરી શકે છે જેને ગુણનો મહિમા છે અથવા જેનું ચિત્ત ઊંડી જિજ્ઞાસાને વશ, ઉદય પ્રસંગમાં રંગાતું નથી. નીરસ થઈ જાય છે. સત્‌પુરુષનાં વચનો અને શાસ્ત્રો જરૂર માર્ગ ચીંધે છે. તો પણ મુમુક્ષુ જીવને પોતાની ઊંડી રુચિ અને પ્રયોજનભૂત વિષયમાં સૂક્ષ્મ ઉપયોગથી માર્ગ તો પોતાથી જણાય છે. આવું કારણ આપે તેને કાર્ય થાય જ તે અનાદિ નિયમ છે.

વળી, માર્ગની વિધિના વિષયમાં મુમુક્ષુ જીવને અતિ ઉપકારી થાય તેવું માર્ગદર્શન વચનામૃત આંક-૩૭૩માં નીચે પ્રમાણે છે. ''બધા તાળાની ચાવી એક – ''જ્ઞાયકનો અભ્યાસ કરવો'' આનાથી બધાં તાળા ખૂલી જશે જેને સંસાર કારાગૃહમાંથી છૂટવું હોય, મુક્તિપુરીમાં જવું હોય, તેણે મોહરાગદ્વેષરૂપ



તાળાં ખોલવા માટે જ્ઞાયકનો અભ્યાસ કરવારૂપ એક જ ચાવી લગાડવી.''

તત્ત્વજ્ઞાનની વિચારણા ચાલતી હોય છે. તેવા મુમુક્ષુ જીવને આ અમૂલ્ય માર્ગદર્શન છે. તત્ત્વજ્ઞાનના પ્રકરણમાં અનેક ભંગભેદના વિચારો ચાલે છે. તેમાં સર્વ પ્રકારને ગૌણ કરીને મુખ્યપણે "હું જ્ઞાયક છું." તે પ્રકાર "સ્વરૂપપ્રાપ્તિ" માટેના સર્વપ્રકારોમાં "મૂળભૂત પ્રકાર" છે. તેમ જાણીને તે પ્રકારે પ્રયત્નનો અભ્યાસ પોતાની લગનીથી થવો ઘટે છે. અર્થાત્ ક્યાંય પણ રોકાયા વિના આ પ્રકારે શ્રદ્ધા અને જ્ઞાનમાં જ્ઞાયકભાવના ઘોલનપૂર્વક પ્રયત્ન થવો જોઈએ છે. અંતર્મુખી ચિત્તની વિચારધારામાં જ્ઞાનસ્વભાવી (જ્ઞાયક) આત્માના અવભાસન-ભાવભાસનપૂર્વક સહજ પુરુષાર્થ ઉત્પન્ન થાય, તો આત્મ-દર્શન થાય – આવો સહજ પુરુષાર્થ જેટલો ઉગ્ર તેટલું નિર્વિકલ્પ શીઘ્ર થાય. મંદ પુરુષાર્થ હોય, તો તેમાં મોડું થાય, સ્વાનુભૂતિની આ સિવાય બીજી વિધિ નથી. કોઈ બહારની ક્રિયા માર્ગ દેખાડતી નથી. જ્ઞાન જ માર્ગ દેખાડે છે. મોક્ષમાર્ગની શરૂઆત સાચી સમજણથી થાય છે. બીજી ક્રિયાથી નહિ. વળી સમજણની ભૂમિકામાં પણ સામાન્ય પ્રકારથી ચાલતી તત્ત્વ વિચારણા કાર્યકારી થતી નથી. પરંતુ આત્મરુચિને પોષણ મળે તેવા પ્રકારે, ઊંડું મંથન કરીને મૂળ વસ્તુ-સ્વરૂપ સમજાય તેવા રહસ્યથી ભરપૂર અને (સત્ પુરુષોના) ગંભીર વચનોનું-ગહન ચિંતન કરી, મૂળ માર્ગને શોધી કાઢે તે ખરો મુમુક્ષુ છે – આવો પુરુષાર્થવંત મુમુક્ષુ જ્ઞાપકની પ્રતીતિ અર્થે જ્ઞાપકનો જ્ઞાપકપણે ઊંડાણથી પ્રયત્ન કરે છે.

આવા પ્રયત્નના કાળમાં જે (સ્થૂળ કે સૂક્ષ્મ) વિકલ્પો ચાલે છે. તે વિકલ્પોમાં અંદરથી દુઃખ લાગે છે. – આ પ્રયત્નના કાળનું ઉપ-લક્ષણ જ્ઞાનીઓએ પોતાના સ્વાનુભાવથી બતાવ્યું છે. જોકે વાસ્તવિકપણે વિચારવામાં આવે તો વિકલ્પમાં જરાપણ શાંતિ કે સુખ નથી જ, પરંતુ એમ મુમુક્ષુ જીવને અંદરથી લાગવું જોઈએ. જ્યાં સુધી મંદકષાયરૂપ વિકલ્પમાં શાંતિ (સુખ અથવા શાતા) લાગે અને તીવ્ર કષાયવાળા વિકલ્પમાં દુઃખ લાગે ત્યાં સુધી માર્ગ મળતો નથી. યથાર્થપણે તો વિકલ્પભાવમાં દુઃખ લાગે તો અંદરથી માર્ગ મળ્યા વગર રહે નહિ. જે મુમુક્ષુ જીવને આત્મસ્વભાવ સંબંધિત

ઉત્પન્ન થયેલ સૂક્ષ્મ વિકલ્પમાં પણ દુઃખ લાગે છે-એવો, વિકલ્પ માત્રથી ખસવાની તૈયારીવાળો, જીવ જ નિર્વિકલ્પ-દશાને પ્રાપ્ત કરે છે.

ઊંડે ઊંડે પણ રાગના એકકણને પણ લાભરૂપ માને છે, તેને આત્માનાં દર્શન થતાં નથી. ખરેખર તો મુમુક્ષુ જીવને શુદ્ધતા પ્રગટ થાય તેટલો પુરુષાર્થ નહિ પ્રગટવાને લીધે શુભ પરિણામ થયા કરે ત્યારે શુભની તેને ખટક રહે છે. ઓછી પાત્રતાવાળો જીવ તો કોઈ ને કોઈ શુભ પરિણામમાં સંતોષ પામી જાય છે. જ્યારે ખરા આત્માર્થીને તો-પાત્રતા વિશેષને લીધે, ઘણાં ઉચ્ચ કોટિનાં શુભ પરિણામ થવા છતાં, તે ખટકે છે, અને તેવી ખટક શુદ્ધતા પ્રગટે નહિ ત્યાં સુધી ચાલુ રહે છે. તેવા મુમુક્ષુ જીવને સ્વરૂપ નિશ્ચયપૂર્વક, પુરુષાર્થનું અંદરથી ઉત્થાન થતાં, પરિણતિ અવશ્ય પલટાઈ જાય છે.

આત્માની રુચિવાળા જીવને તો પોતાનું સ્વકાર્ય શીઘ્ર કરવાની લગની હોવાથી, ઉદયને વશ કરવા પડતાં કાર્યો ડખલરૂપ લાગે છે - બોજારૂપે લાગે છે. અને તેને ક્યાંય ગમતું નથી. તેને કદી પણ એવા પરિણામ ન થાય કે મારું કાર્ય પછી કરીશ. જ્યારે સ્વરૂપની અરુચિ વાળા જીવને સહજ એવા પરિણામ થાય છે કે - ''પછી કરીશ, – પછી કરીશ – હજી અમુક કામો બાકી છે, તે પૂરાં કરીને મારું કાર્ય કરીશ'' – આ પ્રકારના ભાવો અયથાર્થતાના લક્ષણમાં જાય છે.

વળી, ખરો આત્માર્થી જીવ, જ્ઞાનીની આજ્ઞાનું આરાધન એકનિષ્ઠાથી કરવા તત્પર-વૃત્તિવાળો હોય છે, તેથી વિદ્યમાન જ્ઞાનીના સમાગમમાં તેમના પ્રત્યે સર્વાર્પણબુદ્ધિએ વર્તે છે. અને એક ન્યાયે તે મોક્ષનું બીજ છે. આત્મજ્ઞ સત્ પુરુષ શ્રીમદ્ રાજચંદ્રજીએ તેમના વચનામૃતમાં મુમુક્ષુનું સ્વરૂપ (પત્રાંક-૧૦૫ માં) નીચે પ્રમાણે કહ્યું છે.

''મહાવીરના બોધને પાત્ર કોણ ?''

(૧) સત્ પુરુષના ચરણનો ઈચ્છક.

(૨) સદૈવ સૂક્ષ્મબોધનો અભિલાષી.

(૩) ગુણ ઉપર પ્રશસ્તભાવ રાખનાર.



(૪) બ્રહ્મવ્રતમાં પ્રીતિમાન.

(૫) જ્યારે સ્વદોષ દેખે ત્યારે તેને છેદવાનો ઉપયોગ રાખનાર.

(૬) ઉપયોગથી એકપળ ભરનાર.

(૭) એકાંતવાસને વખાણનાર.

(૮) તીર્થાદિ પ્રવાસનો ઉછરંગી.

(૯) આહાર, વિહાર, નિહારનો નિયમી.

(૧૦) પોતાની ગુરુતા દબાવનાર.

એવો કોઈ પુરુષ તે મહાવીરના બોધને પાત્ર છે, –સમ્યક્દશાને પાત્ર છે. પહેલા (૧) જેવું એક્કે નથી -''

ઉપરોક્ત દશ વચનોમાં, પહેલા વચનને સૌથી વધુ મહત્ત્વ તેમણે આપ્યું છે, તે આ વિષયના ઊંડા રહસ્યનું સૂચક છે. અને મુમુક્ષુતાના અન્યસર્વગુણ ઉત્પન્ન થવાનું કારણ પણ છે. તેનું વિશેષ વર્ણન આગળ કરીશું.

પાત્રતાવાળો જીવ તત્ત્વના સૂક્ષ્મ ઉપદેશની વધુ ઊંડી જિજ્ઞાસામાં આવીને ઉપદેશ ઝીલે છે. જ્યારે ઓછી પાત્રતાવાળા જીવ સૂક્ષ્મતામાં પ્રવેશવા અયોગ્ય હોવાથી, તેવા મહત્ત્વપૂર્ણ અને પ્રયોજનભૂત વિષયની ઉપેક્ષા કરી જાય છે.

ગુણપ્રાપ્તિની અભિલાષાવાળા મુમુક્ષુને, બીજા ગુણવાન પુરુષ પ્રત્યે બહુમાન આવે છે. અર્થાત્ ગુણ પ્રત્યે પ્રમોદભાવ થવો, તે પોતાની અભિલાષા સાથેના અનુકૂળ પરિણામ છે, બીજા ગુણવાન પ્રત્યે, આ કારણથી તેને માત્સર્યભાવ થતો નથી.

વળી, અંતર-નિવૃત્તિપૂર્વક સ્વકાર્યની ધગશવાળો મુમુક્ષુ જીવ બ્રહ્મચર્યને બાહ્યપ્રવૃત્તિ તેમજ વિકલ્પો નહિ વધવાનું કારણ સમજે છે. તેમજ પરિણામમાં તથા પ્રકારની મલિનતાથી દૂર રહેવાની ભાવનાથી બ્રહ્મચર્યની ચાહનાવાળો હોય છે.

પરિપૂર્ણ નિર્દોષ દશાનું ધ્યેય બાંધનાર, મુમુક્ષુ જીવની નિજહિતના પ્રયોજનની સૂક્ષ્મ દૃષ્ટિ થઈ જવાથી, જ્યારે તે સ્વદોષને અપક્ષપાતપણે દેખે છે, ત્યારે તેને છોડવાની સાવધાનીમાં તેના પરિણામ વર્તવા લાગે છે. આવા મુમુક્ષુ જીવને સ્વછંદ થવાનો અવકાશ રહેતો નથી. અને તેથી દરેક પળે

તે પ્રયોજનને ચૂક્યા વગર પ્રવર્તે છે. તેથી પડવાનાં અનેક સ્થાનો હોવા છતાં તે બધાથી તે બચી જાય છે, અને પોતાનું હિત સાધી શકે છે.

વળી, મુમુક્ષુ જીવ અનેકનો પરિચય, વ્યર્થ સમય ગુમાવવાનું નિમિત્ત સમજે છે. તેથી પરિચય વધવાના પ્રસંગોથી તે દૂર રહેવા ચાહે છે. અર્થાત્ એકાંતમાં રહીને નિજ કાર્યમાં અધિક રસ લેવા ચાહે છે. આ રીતે આત્માર્થીને એકાંત સહજ પ્રિય હોય છે.

તીર્થસ્થાન એ મહાપુરુષોનાં આચરણ અને અંતરંગ ઉજ્જવળ પરિણામોની સ્મૃતિનું નિમિત્ત છે. તેથી તેવા સ્થાનોનો પ્રવાસ કરવાની ભાવના પણ મુમુક્ષુને આવે છે. વળી ધાર્મિક સ્થળો ધર્માત્માના આવાગમનનું સ્થાન છે. તેથી તે સ્થાનોમાં સત્સંગની પણ સંભાવના રહે છે.

વળી, સામાન્યપણે આહાર, વિહાર અને નિહારની અનિયમિતતા સાધનાને જરાપણ અનુકૂળ નથી. અને વૃત્તિમાં સ્વચ્છંદ ઉત્પન્ન કરનારી છે. અર્થાત્ સાધનામાં બાધક થાય છે. તેથી મુમુક્ષુ જીવ ધ્યેયપ્રાપ્તિના લક્ષે, તેને રાગરસ મંદ થયો હોવાથી, સહજપણે નિયમિત આહાર, વિહારાદિમાં વર્તે છે. તીવ્ર રાગરસ વાળાની માફક મર્યાદા બહાર પ્રવૃત્તિ સહજ તેને થતી નથી.

આ સિવાય, મુમુક્ષુતાનું ઊંચું લક્ષણ પોતાની ગુરુતાને દબાવવી તે છે. નિજકાર્યમાં જે વિચક્ષણ છે. અને માન જેવા મોટા શત્રુને જે મારવા માગે છે. તે પોતાનામાં મુમુક્ષુને લાયક એવા અનેક ગુણો વડે (બીજા જીવોથી આગળ હોવા છતાં) પોતાની ગુરુતાને સંતાડે છે. મુમુક્ષુતા સંબંધિત માન પણ તેને જોઈતું નથી. (અર્થાત્ પોતાની પ્રસિદ્ધિ થાય, તેવા પ્રસંગોથી જે દૂર ભાગવા ચાહે છે. અને કદાચ તેવા પ્રસંગનો ઉદય હોય તો અંતરંગમાં અત્યંત જાગ્રત રહે છે.) લૌકિક જનોની જેમ પોતાની મોટાઈ દેખાડવાના પ્રકારે વર્તતા નથી. આવો જીવ જ ધર્મ પ્રાપ્ત કરવા માટે અધિકારી છે.

વળી, જીવનો એવો સ્વભાવ છે કે પોતાને લાભ કે સુખ થાય તેમ હોય, તેવા કાર્યમાં તે પૂરા રસથી અને પ્રયત્નથી વર્તે છે. આ પ્રકાર સર્વને



અનુભવ-ગોચર છે. જો વધુ મોટો લાભ થાય તેમ દેખાય તો તે જીવનો રસ તેના પ્રમાણમાં વધે છે. અને પુરુષાર્થ પણ વધુ ઉગ્રતાથી ઉત્પન્ન થાય છે. તદ્ અનુસાર મુમુક્ષુજીવે મોક્ષમાર્ગ પ્રાપ્તિના લાભનું મૂલ્યાંકન કેટલું કર્યું છે ? તેનું સ્પષ્ટીકરણ કરવામાં આવે તો, અનંતકાળના ચારગતિના જન્મ, મરણ, જરા અને અનેક પ્રકારનાં રોગની અશાતાઓ તથા માનસિક મૂંઝવણની (ઈષ્ટ વિયોગ - અનિષ્ટ સંયોગ) અશાતાના સર્વ દુઃખોનો નાશ અને અનંતકાળ પર્યંત અનંત સમાધિનું સુખ અને શાંતિની પ્રાપ્તિ અંગની વાસ્તવિક સમજણપૂર્વક આ ઉપાય (માર્ગ) નું મૂલ્ય આંકનાર આત્માર્થી જીવ છે. તેણે એમ નિશ્ચય કર્યો છે કે ભવભ્રમણનું અને સર્વદુઃખનું મૂળ કારણ અજ્ઞાન અને મિથ્યાત્વ છે. તેથી તે ટાળવાનો પૂરો ઉદ્યમ કરવો ઘટે છે. ભવભ્રમણ ચાલુ રહે તેવા ભાવમાં આ ભવ વ્યતીત થવા દેવો યોગ્ય નથી. કારણ તેમ થાય તો પાછળ ભવ-ભ્રમણ ઊભું છે. તેથી તેના મૂળને આ ભવમાં જ છેદવું જોઈએ કે જેના ફળમાં અનંતકાળનું અનંત સુખ પ્રાપ્ત થાય. આ પ્રકારે અજ્ઞાન અને મિથ્યાત્વનો અભાવ કરવાની, તાતી જરૂરિયાત જેને લાગી છે તે પોતાની જરૂરિયાત પ્રમાણેનો પ્રયત્ન કર્યા વિના રહી શકે નહીં. કારણ કે જરૂરિયાત પ્રયત્નની ઉત્પાદક છે એવો નિયમ છે. જે કોઈ એમ પ્રશ્ન કરે કે - શું કરીએ, બધું સમજાય તો છે, પરંતુ હજી અમારો પુરુષાર્થ ઊપડતો નથી ? - તેને "બધું સમજાય છે." તેવો ભ્રમ થયો છે. ખરેખર તો તેને સમ્યક્દર્શનની જરૂરિયાત પણ વાસ્તવિકપણે સમજાણી નથી, તેથી ઉપરોક્ત ભ્રમમાં તે બાહ્ય ક્રિયામાં પ્રવર્તે છે, આગળ વધે છે. અને અંતરની વસ્તુથી દૂર જાય છે. ઊંડે ઊંડે, તેને એમ રહે છે કે આમ કરતાં કરતાં મારું કાર્ય થઈ જશે. આવી અયથાર્થતા ખરા મુમુક્ષુમાં હોતી નથી પરંતુ પોતાના મહાન ધ્યેયને પ્રાપ્ત કરવાની ગંભીરતા તે સમજે છે, અને તેથી તદ્અનુસાર તેનો સહજ પુરુષાર્થ ઉત્પન્ન હોય છે, તેવો મુમુક્ષુ તે ખરો મુમુક્ષુ છે. આવા જીવને ઉદયની સર્વ પ્રવૃત્તિમાં 'આત્મલક્ષ' રહે છે, એટલે કે ચાલતા પરિણમનમાં જે કાંઈ ઈષ્ટઅનિષ્ટપણારૂપ પરિણામ વર્તે છે, તેમાં જેટલો પોતાનો રસ છે, તેનું જાગૃતિપૂર્વક સૂક્ષ્મ

અવલોકન રહ્યા કરે છે. અને તેથી વિભાવ રસ મોળો પડતો જાય છે. પર વસ્તુના ઈષ્ટ અનિષ્ટ-પણાના અભિપ્રાયને તોડવાનો આ પ્રયત્ન છે. સાથે સાથે પોતાનો વિભાવ રસ તોડવાનો પણ આ જ પ્રયત્ન છે. જાગૃતિવાળું જ્ઞાન જ વિભાવરસને વધવા દેતું નથી. પરંતુ તેને મોળો પાડે છે. તેથી સ્વકાર્યની સુગમતા થવાનો અવકાશ થાય છે. આત્મલક્ષે પર પ્રત્યેનો રસ મંદ પડતાં, પરરસમાં રંગાયેલું જ્ઞાન, તે સ્થિતિમાંથી હળવું થઈને તે ભૂમિકાની નિર્મળતા અને ગંભીરતા ધારણ કરે છે. તે જ્ઞાન ધીર અને ગંભીર થઈ ચૈતન્યતત્ત્વના સ્વરૂપને ગ્રહણ કરવાની ક્ષમતાને અહીં પ્રાપ્ત કરે છે.

આ પ્રકારે આત્મ-જાગૃતિ એ મુમુક્ષુતાનું ખાસ લક્ષણ છે. ખરેખર જાગૃતિ વિના, મુમુક્ષુતા પણ નથી તેમ સમજવા યોગ્ય છે. વળી, આત્મ-જાગૃતિને લઈને પરલક્ષી જ્ઞાનની પ્રવૃત્તિનો પ્રકાર પણ ઊપજતો નથી અને તેથી સત્ શ્રુતના શ્રવણકાળે તેને સર્વ ન્યાયો પ્રયોજનના લક્ષપૂર્વક સમજવાની પદ્ધતિ રહે છે. અર્થાત્ કોઈપણ ન્યાયમાં મિથ્યાત્વ અને રાગનો અભાવ કેમ થાય ? તે દૃષ્ટિકોણ મુખ્ય રહીને તેના જ્ઞાનમાં પ્રવૃત્તિ થાય છે. તેથી સમજણના કોઈ પણ પડખામાં પ્રથમથી જ વિપર્યાસ ન થાય, તેવું બને છે. અને પોતાનું અંતર શોધન, જાગૃતિને કારણે ચાલુ ને ચાલુ જ રહે છે.

આ આત્મજાગૃતિનો મુખ્ય ભાવ એવો છે કે - ''હું જ્ઞાન માત્ર છું.'' - તેવી અંતર સાવધાની – તે જાગૃતિનું સ્વરૂપ છે. અને આ પ્રકારે ''જ્ઞાન માત્ર'' ની સાવધાની આવતાં, ઉદયમાન સંયોગ અને રાગ પ્રત્યેની સાવધાની તૂટે છે, અને સ્વલક્ષે યથાર્થપણે સ્વભાવનું ઘોલન સતત ચાલે તેવી સ્થિતિ ઉત્પન્ન થાય છે. જેને લીધે અનુભવની નજીકતા થાય.

આવા જાગ્રત મુમુક્ષુ જીવની આત્મા સમજવા માટે ધગશ અને લગની વ્યક્ત કરતા – અધ્યાત્મયુગ પ્રવર્તક પરમોપકારી પૂ. ગુરુદેવશ્રી કાનજીસ્વામીનાં – વચનો ઉલ્લેખનીય છે.

''આત્મા સમજવા માટે જેને અંતરમાં ખરેખરી ધગશ અને તાલાવેલી જાગે, તેને અંતરમાં સમજણનો માર્ગ થયા વિના રહે જ નહિ, પોતાની



ધગશના બળે અંતરમાં માર્ગ કરીને તે આત્મસ્વરૂપને પામે જ.'' (પરમાગમસાર આંક -૯૫)

ઉપરોક્ત વચનામૃતમાં ધગશનું ફળ પણ ખાતરીપૂર્વક પ્રસિદ્ધ કર્યું છે. તેઓશ્રી અનેકવાર કહેતા હતા કે છ માસ સુધી જો આત્માના લક્ષે ધૂન લાગે, તેવો સતત પુરુષાર્થ ઊપડે, તો આત્માનો અનુભવ થયા વિના રહે જ નહિ. જો ખરેખર જીવને આત્માની રુચિ થઈ હોય, તો તેને સતત્પણે – નિરંતર આત્માનું ચિંતન અને ઘોલન ચાલ્યા જ કરે, અને આવી અનન્ય રુચિવાળો જીવ આગળ વધીને પોતાનું કામ કરી લ્યે છે. આવો જીવ સત્ સમાગમે પોતાનું પરમાત્મસ્વરૂપ સાંભળતા અંદરથી ઉલ્લસિત થાય છે. અને તેને સ્વરૂપપ્રાપ્તિની એવી લગની લાગે છે કે જાણે સ્વરૂપપ્રાપ્તિ માટે તે ગાંડો થયો છે. તેવી સ્થિતિમાં તેને જે સ્વરૂપ અંદરમાં છે, તે જરૂર પ્રગટ થાય જ. આવી ઉત્કૃષ્ટ તૈયારીવાળા જીવને અંતર્મુહૂર્તમાં કાર્ય થઈ શકે છે. નહિ તો છ માસમાં કાર્ય થઈ જાય-કારણ તેને અતીન્દ્રિય આનંદની તાલાવેલી જાગી છે, તેથી આત્મા સિવાય બીજે ક્યાંય મીઠાશ લાગે નહિ, બીજે ક્યાંય રસ પડે નહિ. જગતના પદાર્થો (વિષયો) નો રસ ફિક્કો થઈ જાય અને બધેથી રસ ઊડી જાય...

પરથી વિરક્તતા અને વિભાવની તુચ્છતા આવ્યા વિના પરિણામ અંદરમાં આવી શકે નહિ, આ સહજ સ્થિતિનો નિયમ છે.

વળી, તેનું હોનહાર સારું જ છે, તેવા જિજ્ઞાસુની ભૂમિકામાં વર્તતા આત્માર્થી જીવને એવો નિશ્ચિત ભાવ રહે છે કે હું મોક્ષ પામવાને લાયક જ છું. તેમાં તેને શંકા પડતી નથી, તેમજ નવું આયુષ્ય નીચ ગતિનું બંધાઈ ગયું હશે કે કેમ ? તેવી શંકાનો પણ તેના પરિણમનમાં અવકાશ હોતો નથી. જુઓ, હજી અહીં જિજ્ઞાસાની ભૂમિકા છે, તોપણ શંકામાં-ડામાડોળપણું તેવા ભાવોની સ્થિતિ નથી. વળી ખરી અંતર્ જિજ્ઞાસા તેને ભુલાવામાં પડવા દેતી નથી અને સાથે રહેલી ભાવના તેને ક્યાંય અટકવા દેતી નથી. તે સંબંધમાં પૂ. ગુરુદેવશ્રી (પરમાગમસાર આંક-૪૯૩માં) કહે છે કે – ખરા જિજ્ઞાસુ જીવને અંદર ઊંડે જ્ઞાનની કોઈ ભૂલ રહી ગઈ હોય તોપણ ખાસ

જિજ્ઞાસા હોવાથી એને ટાળી નાખશે. ખરા જિજ્ઞાસુને સ્વભાવની લગનીના બળે જ્ઞાનની કોઈ ભૂલ રહી ગઈ હોય તો તે નીકળી જાય છે. જ્ઞાયક ભાવને પકડવાની ખાસ ભાવના છે, તેને કોઈ અટકવાના પ્રકારની ગંધ રહી ગઈ હોય તો તે લગનીના બળે નીકળી જાય છે."

ઉપરોક્ત અનેક પ્રકારે મુમુક્ષુ જીવની યથાર્થ યોગ્યતા હોય, તો તે યોગ્યતા જ જ્ઞાનપ્રાપ્તિનું પ્રબળ કારણ છે. આવી યોગ્યતાના અભાવમાં, સ્વરૂપ પ્રાપ્તિમાં બાધક કારણો પણ પ્રયોજનના લક્ષે વિચારણીય છે. મહાપુરુષોએ આવા દોષ (અભાવ કરવાના હેતુથી) બતાવીને અનંત અનુપમ ઉપકાર કર્યો છે.

સમ્યક્દર્શન રૂપ વીતરાગી દશાની સિદ્ધિ થયા પહેલા મુમુક્ષુતામાં પણ જગતના કોઈ પદાર્થમાં ઊંડે ઊંડે સુખની કલ્પના રહી જાય છે. આ પ્રકારનો દોષ અભિપ્રાયપૂર્વક હોવાથી, તે પદાર્થનો સંયોગ થતાં ઉદયના કાળે – તે પદાર્થને વિષે અધિકતાવાળા પરિણામ જીવને ઉત્પન્ન થાય છે. અને તેથી પોતે અનંત પરમાનંદમય છે. તેવું ભાસતું નથી. અથવા જ્ઞાનમાં તે પ્રકારની યોગ્યતા રોકાઈ જાય છે. મુમુક્ષુને શાસ્ત્રના આધારે (સ્વભાવના આધારે નહિ) શાસ્ત્રના કથન અનુસાર તત્ત્વની બરાબર ધારણા થવા છતાં, તે ઉપરોક્ત કલ્પનામાં અથવા બીજા અનેક પ્રકારે અટકી જાય છે. તેમાં કષાયની મંદતાના કાળે અથવા કોઈ પણ અનુકૂળતાના પ્રસંગમાં શાતાના વેદનવાળા પરિણામમાં, અથવા શુભ પરિણામમાં આશ્રયબુદ્ધિ રહી જાય છે, તે અટકવાનું બાધક કારણ છે.

વળી, બાહ્ય (પદાર્થોરૂપ) સંયોગોની અનુકૂળતાની દૃષ્ટિના કારણે જડ વિષયોમાં સુખની અથવા અનુકૂળતાની કલ્પના રહ્યા કરે છે, તેથી તે તે ઇન્દ્રિય વિષયોની ઉપેક્ષા થઈ શકતી નથી. અને જે તે વિષયની અપેક્ષા પરિણતિમાં રહ્યા કરે છે. તેવી સ્થિતિમાં તેનાથી તદ્દન વિપરીત એવો અનીન્દ્રિય સુખમય સન્માર્ગ કેવી રીતે ભાસ્યમાન થાય ? તે ગંભીરપણે વિચારવા યોગ્ય છે. ખરેખર તો ઇન્દ્રિય-વિષયના રસમાં જ્ઞાનરસનો અભાવ છે અને જેને જ્ઞાનરસ છે, અર્થાત્ અતીન્દ્રિય સુખનો – સ્વભાવનો રસ



છે, તેને ઈન્દ્રિય વિષયના રસનો અભાવ છે – આ નિયમ છે.

વીતરાગમાર્ગની પ્રાપ્તિ રોકનાર સૌથી વધુ પ્રતિબિંબ એવો જીવનો 'સ્વછંદ' નામનો મહાદોષ છે. જે અનેક ભેદે (પ્રકારે) જીવને (સ્વછંદ પ્રવૃત્તિમાં) રોકી રાખે છે. તેથી તેનો વિચાર ખચિત કર્તવ્ય છે.

મુમુક્ષુની ભૂમિકામાં, જ્ઞાનના ક્ષયોપશમવાળો જીવ શાસ્ત્રાભ્યાસ કરે છે. આવું શાસ્ત્રનું અધ્યયન પ્રાયઃ પરલક્ષી જ્ઞાનની પ્રવૃત્તિરૂપ હોય છે. ત્યાં તે અભ્યાસી જીવને 'હું સમજું છું.' તેવો પોતાને વિષે અભિપ્રાય બંધાય છે. આ એક ભ્રમ છે કે જેને કારણે સ્થૂળપણે અથવા સૂક્ષ્મપણે સ્વછંદની ઉત્પત્તિ થાય છે. મુમુક્ષુ જીવે અત્યંત અત્યંત જાગ્રત રહી, આ પ્રબળ પ્રતિબંધક દોષથી બચવું આવશ્યક છે. આ પ્રકારના દોષને લીધે જીવ જ્ઞાની સત્પુરુષને ઓળખી શકતો નથી.

સ્થૂળ સ્વછંદના સદ્ભાવમાં, જીવને સ્વ-પરનાં દોષનો નિષેધ આવવાને બદલે ઊલટો પક્ષ થાય છે. અને તે એટલું પણ ભૂલી જાય છે કે નિષ્પક્ષપણે પોતાના દોષનું અવલોકન થવું તે મુમુક્ષુતાનું સ્વરૂપ છે. તેના બદલે સ્થૂળ સ્વચ્છંદને લીધે તે બીજાના દોષ-ભાવનું પણ સમર્થન કરે, તેને પોતાના દોષ અપક્ષપાતપણે જોવારૂપ મુમુક્ષુતા તો ક્યાંથી હોય ? અર્થાત્ ન જ હોય. આવી સ્થિતિમાં સ્વછંદી જીવ શાસ્ત્રજ્ઞાનની ધારણા વડે, અપેક્ષાઓનો વિપરીત ઉપયોગ કરી પોતાના અથવા જેનો પક્ષ કરવો છે તેવા અન્યના દોષનો પક્ષ કરે છે. તે બુદ્ધિની વક્રતાનું પ્રસિદ્ધ લક્ષણ છે, અને માર્ગનું બળવાન પ્રતિબંધક કારણ છે.

વળી, સ્થૂળ સ્વછંદને કારણે જીવ જ્ઞાનીનાં વચનોમાં પણ શંકા કરવા લાગી જાય છે અને જ્ઞાનીનાં વચનો પૂર્વાચાર્યોનાં શાસ્ત્રો સાથે મેળ ખાતા નથી તેવું શોધનારી પોતાની બુદ્ધિને તે પરીક્ષાબુદ્ધિમાં ખતવવાનો-પ્રયાસ કરે છે. તેથી જેને સમસ્ત જગતના સ્વરૂપને જાણીને તેનાથી ઉપેક્ષિત થઈ એક પરમસ્વરૂપમાં લીન થવાનો મહાવિવેક પ્રગટ થયો છે. એવા જ્ઞાનીપુરુષ પ્રત્યે તેને આસ્થા (વ્યવહાર-શ્રદ્ધા)નો અભાવ થઈ જ્ઞાનીના કથનમાંથી ભૂલ શોધવાની વૃત્તિ એ; અભક્તિના પરિણામમાં પરિણમે છે. આ સૌથી મોટું

નુકસાન છે. પરંપરાએ સ્થૂળ સ્વચ્છંદમાં વર્તનાર જીવ અશુભ પરિણામની મુખ્યતામાં પણ વર્તવા લાગે છે. અને પોતાનું અહંપણું રક્ષવા અથવા માનાદિ વધારવા નૈતિક સ્તરથી પણ નીચે જઈને વર્તવા લાગે છે.

વળી, જીવને સ્વછંદના કારણે જ "યથાર્થ બોધિદાતાર એવા મહાત્માનો ઉપકાર ઓળવવો જોઈએ નહિ" તેવી શાસ્ત્રઆજ્ઞાનું ઉલ્લંઘન થાય છે. જોકે આવા ઉપકારીનો પ્રત્યુપકાર તો કોઈ પણ રીતે વાળી શકાતો નથી. તેના બદલે, ઉપકાર ઓળવવારૂપ દ્રોહ થાય છે, તે સ્વછંદનો પ્રભાવ છે.

ધારણાજ્ઞાનનું અભિમાન એ સ્વછંદનું રૂપ છે. અને જ્યાં સુધી સ્વછંદરૂપી અંધત્વ છે ત્યાં સુધી જ્ઞાનીના વચનોમાં અચળ પ્રેમ થતો નથી. તેથી જ્ઞાનીનાં વચનો તેના અંતઃકરણને સ્પર્શતાં નથી. તેથી જ જ્ઞાની પ્રત્યે પરમ વિનય ભાવ ઉત્પન્ન થતો નથી ઊલટાની તેને પોતાના સમાન કલ્પના રહ્યા કરે છે. તેથી જ્ઞાની જે સમ્યક્ માર્ગ બતાવી રહ્યા છે તેની અંતરમાં સૂઝ પડતી નથી. અનંતકાળમાં ધર્મનું સાધન કરવામાં જે કાંઈ ખાસ ભૂલ (ક્ષતિ) રહી ગઈ છે, તે આ પ્રકારની ક્ષતિ રહી ગઈ છે. આવી શુષ્કધારણા જીવને બીજા અનેક દોષો ઉત્પન્ન થવાનું કારણ બને છે.

સ્વચ્છંદ થવા પ્રત્યે જાગ્રત છે, તેવા જીવને સત્ શાસ્ત્રના વાંચનકારનું સ્થાન, ઉદયમાનપણે વર્તતું હોય, તો તે નમ્ર વૃત્તિપૂર્વક, શાસ્ત્રના નિરૂપિત વિષયને અડીને વ્યાખ્યાન કરે છે. નિરૂપિત વિષયથી દૂર જઈ, વિષયાંતર ન થાય, તેનો તે લક્ષ રાખે છે. વિષયાંતર કરવો તે શાસ્ત્ર અને શાસ્ત્રકર્તા પ્રત્યેનો એક પ્રકારે અવિનય છે. આવો પ્રકાર આત્માર્થીને હોતો નથી. વળી, જ્ઞાની પુરુષના ઔદયીકભાવને અનુલક્ષીને તેમના આચરણમાં દોષ શોધવા અથવા ચારિત્રમોહનાં પરિણામમાંથી દોષને મુખ્ય કરવા, તે અજ્ઞાનીના ફાટી નીકળેલા સ્વચ્છંદનું પ્રદર્શન છે. આવો જીવ કોઈ જ્ઞાનીના અવર્ણવાદ કરે છે. તેમાં અનંતજ્ઞાની પ્રત્યેનો અનાદર રહેલો છે.

વળી, હઠાગ્રહ અસરળતા, જીદ – વગેરે પ્રકારના પરિણામ પણ આત્માર્થને બહુ બાધક છે. તેમ ખચિત જાણવા યોગ્ય છે. જોકે હઠાગ્રહ અને વક્રતા તો લૌકિક દુર્ગુણ તરીકે પણ પ્રસિદ્ધ જ છે. પરંતુ અહીં અલૌકિક



માર્ગમાં પણ હઠથી કાર્ય થતું નથી કારણ કે આ માર્ગ સહજ છે. હઠથી, ઉતાવળથી કે અધીરજથી માર્ગ પ્રાપ્ત થતો નથી. માર્ગ સહજતાથી, વિવેક અને ધીરજથી પ્રાપ્ત થાય છે. માર્ગ પ્રાપ્તિમાં સરળતા એક મુખ્ય કારણ છે. તેથી તે પરત્વે ખાસ ધ્યાન દેવા યોગ્ય છે.

શાસ્ત્રમાં (તત્ત્વાર્થસૂત્રમાં) વિધાન છે કે ચાર ગતિમાં મોક્ષમાર્ગ પામવા માટે મનુષ્યગતિ ઉત્તમ છે, અને તે સરળતા યુક્ત પરિણામના ફળમાં ઉત્પન્ન થાય છે. હવે, મનુષ્યમાં પણ જે જીવ સત્યનો સ્વીકાર કરવા પર્યંત સરળતા સેવે, અને પૂર્વના વિપરીત સંસ્કારને – (અસરળતાથી) પકડી નહીં રાખતાં સત્યને સ્વીકારે તો તે જીવ અવશ્ય સન્માર્ગની પ્રાપ્તિ કરે છે. તે આ રીતે, કે જેને એક માત્ર આત્મા જ જોઈએ, અને તે સિવાય આ જગતમાં બીજું કાંઈ મેળવવાનું પ્રયોજન જેને નથી, તેવો આત્માર્થી જીવ બધા જ પ્રસંગોમાં સરળતાપૂર્વક જતું કરી શકે છે. અસરળતાથી પક્કડ કરનારને આત્માર્થ કેમ સિદ્ધ થાય ? ઉદયમાન સર્વ પ્રસંગ તો, પર દ્રવ્ય સંબંધિત સંયોગ-વિયોગનું પ્રયોજન જેમાં રહેલું છે તેવા હોય છે ત્યાં પરદ્રવ્યથી ભિન્નતા કેળવવાનો પ્રયત્ન કરનાર આત્માર્થી હઠપૂર્વક કેમ પરદ્રવ્યનો આગ્રહ સેવે ? ન જ સેવે. અસરળતાથી હઠ કરનારને બહારમાં રોકાવાનું કારણ બને છે, જ્યારે સરળતાવાળા જીવને બહારમાં રોકાવાનાં કારણો બંધ થઈ જાય છે. તે સરળતાથી જતું કરે છે. આ ઉપરાંત પારમાર્થિક સરળતા તે છે કે પોતાના પરિણામમાં ઊપજતાં શુભભાવની પણ પક્કડ (હઠ) ન રહે, ત્યારે શુભભાવ-ઉપરનું વજન અને શુભનો રસ ઘટે છે, અને ત્યારે તે જીવ શુભમાં ન અટકે તેવી સ્થિતિમાં – સમ્યક્દર્શનનો અધિકારી થાય છે. ખરેખર તો જીવના સ્વભાવથી જોવામાં આવે તો, જ્ઞાતા-દ્રષ્ટા એવો જે જીવનો સ્વભાવ તે-રૂપ પરિણમન તે પારમાર્થિક સરળતાનું જ પ્રગટ સ્વરૂપ છે. અને શાતા આદિ મંદકષાયરૂપ અન્યભાવમાં રોકાવું તે નિશ્ચયથી અસરળતા છે અને પ્રતિબંધનું કારણ છે. મુમુક્ષુ જીવે માર્ગપ્રાપ્તિના પ્રતિબંધક કારણોમાં આ પડખાને પણ ગંભીરતાથી લક્ષમાં લેવા યોગ્ય છે.

વળી, જ્ઞાની પ્રત્યે જેટલું વિનયાન્વિત થવું જોઈએ, તેવું ન થવું તે પણ મુમુક્ષુની ભૂમિકામાં યોગ્યતાની મોટી ક્ષતિ છે, અને તેનાં અનેક કારણો છે, તેમાં કોઈને "હું સમજું છું." તેવું માન રહ્યા કરે છે, તો કોઈને લોકભય, સમાજભય અથવા અપકીર્તિભયને લીધે વિનયની ઓછપ રહે છે. કોઈને કુટુંબ, પરિગ્રહ આદિ સંયોગને વિષે જ્ઞાની કરતાં પણ અધિક રાગ કોઈને પોતાની કલ્પના પ્રમાણે જ્ઞાનીના વિચાર / વચનનું તોલન કરવામાં આવે છે. તે, કોઈને માનવશ ગ્રંથસંબંધી વાંચનની – વ્યાખ્યાનની કુશળતા અથવા જાણપણું હોવાથી તેની વિશેષતા દર્શાવીને મોટાઈની ઇચ્છા રહ્યા કરે છે. અથવા તે તે વાતની મોટાઈ-મહત્તાની કલ્પના વર્ત્યા કરે છે. કોઈને ઉક્ત પ્રકારમાં કોઈ એક પ્રકાર વિષે મિથ્યા આગ્રહ રહે છે. કોઈને કુળ અથવા સંપ્રદાયની પરંપરાથી અંગીકાર કરેલા ક્રિયાકાંડ અથવા રુઢિનો આગ્રહ રહ્યા કરે છે. વગેરે કારણો જીવને જ્ઞાનીનું સમીપપણું થતા રોકે છે. આ સંબંધમાં શ્રીમદ્ રાજચંદ્રજી પત્રાંક-પ૨૬માં કહે છે કે :-

"જીવ જો વંચનાબુદ્ધિએ પ્રવર્તે તો કોઈ દિવસ કલ્યાણ થાય નહિ. વંચનાબુદ્ધિ એટલે સત્સંગ, સદ્ગુરુ આદિને વિષે ખરા આત્મભાવે માહાત્મ્યબુદ્ધિ ઘટે, તે માહાત્મ્યબુદ્ધિ નહીં (તેવી માહાત્મ્યબુદ્ધિનો અભાવ) અને પોતાના આત્માને અજ્ઞાનપણું જ વર્ત્યા કર્યું છે, માટે તેની અલ્પજ્ઞતા, લઘુતા વિચારી અમાહાત્મ્યબુદ્ધિ નહીં, તે સત્સંગ સદ્ગુરુ આદિને વિષે આરાધવા નહિ એ પણ વંચનાબુદ્ધિ છે. ત્યાં (જ્ઞાની પ્રત્યે) પણ જીવ લઘુતા ધારણ ન કરે તો પ્રત્યક્ષપણે જીવ ભવભ્રમણથી ભય નથી પામતો એમ જ વિચારવા યોગ્ય છે. વધારે (ખાસ) લક્ષ તો પ્રથમ જીવને જો આ થાય તો સર્વ શાસ્ત્રાર્થ અને આત્માર્થ સહેજે સિદ્ધ થવા સંભવે છે."

ઉપરોક્ત વચનામૃત મુમુક્ષુજીવને આ વિષયમાં અત્યંત ઉપકારી થાય તેવું છે. પ્રાયઃ મુમુક્ષુજીવને જ્ઞાની પ્રત્યે યત્‌કિંચિત્ વિનય તો હોય છે. (અવિનયના ભાવ થાય, તેને તે મુમુક્ષુનું નામ પણ આપી શકાય નહિ) પરંતુ તેવા વિનયની ઓછપને શ્રીમદ્જીએ વંચનાબુદ્ધિ કહીને આ વિષય ઉપર ઘણો પ્રકાશ પાડ્યો છે અને જણાવ્યું છે કે આવો જીવ હજી



ભવભ્રમણના ભય વિનાનો છે. અને તેથી તેને શાસ્ત્રજ્ઞાનનો લાભ કે બીજી કોઈ ક્રિયાનો લાભ થઈને આત્માર્થની સિદ્ધિ નહિ થાય આ રીતે વંચનાબુદ્ધિનો દોષ પણ જીવને મુમુક્ષુની ભૂમિકામાં નિહિત (છૂપું) પ્રતિબંધક કારણ છે. તેથી અલ્પ વિનયના પરિણામવાળા જીવે, તેમાં સંતોષ પામવા જેવું નથી. તે તો વંચના બુદ્ધિરૂપ દોષ છે. તેમ જ આ પ્રકારના દોષની ઉપેક્ષા પણ કર્તવ્ય નથી. કારણ કે તેથી જીવની યોગ્યતા રોકાઈ જાય છે.

વળી, ઉલ્લાસિત વીર્યથી પોતાનું નિજહિત કરવાનો જે ઉત્સાહ તેનું ઉત્પન્ન ન થવું – તેને પ્રમાદ કહે છે. આવો પ્રમાદ રહેવાનું કારણ તે છે કે વિચારની ભૂમિકામાં પરમાર્થ વિષયક જે વાસ્તવિકપણે મૂલ્યાંકન થવું જોઈએ, તે પ્રકારે થયું નથી. અને તેથી શાતાના ઉદયમાં, અથવા કષાયની મંદતાવાળા પરિણામમાં રસ રહે છે, અથવા શાસ્ત્રજ્ઞાનના ઉઘાડનો રસ રહે છે, અને સ્વકાર્યનો પુરુષાર્થ ઊપડતો નથી. આવા પ્રમાદનો યથાર્થ સમજણપૂર્વક ત્યાગ ન થાય, તો શાસ્ત્રથી થયેલું જાણપણું કાંઈ કાર્યકારી થતું નથી, અને પ્રમાદમાં મનુષ્યભવનો અમૂલ્ય સમય વ્યતીત થઈ જાય છે. તેથી જ મહાપુરુષોએ કહ્યું છે કે "પ્રમાદ મહારિપુ છે."

વળી, અપરિપક્વ વિચાર દશા, અને અધૂરા નિશ્ચયને લીધે જીવને વિભ્રમ સાથે વિકલ્પ-શંકા વગેરે રહ્યાં કરે છે. અને તેથી તેને સત્પુરુષની ઓળખાણ અને પ્રતીતિ થતી નથી. આ પણ જીવનો એવો દોષ છે-કે જેને લીધે જ્ઞાનીના વચનમાં રહેલા ગંભીર આશયથી તે વંચિત રહી જાય છે. માત્ર ઉપલક વૃત્તિએ શ્રવણ કરે છે. પણ તે કાંઈ કાર્યકારી થતું નથી.

વળી, વિપરીત અભિનિવેશનો જ્યાં સુધી સદ્ભાવ રહે છે. ત્યાં સુધી મિથ્યાત્વનો નાશ થતો નથી.

આ અભિનિવેશના બે પ્રકાર છે. લૌકિક અભિનિવેશ અને શાસ્ત્રીય અભિનિવેશ. મુમુક્ષુ જીવે પોતાની સર્વશક્તિથી એક લક્ષ રાખીને આ દોષ ટાળવો ઘટે છે.

લૌકિક અભિનિવેશ એટલે ધનનો લોભ, અર્થાત્ તૃષ્ણા. દેહસંબંધી અભિમાન, કુળ-જાતિ વગેરે સંબંધી મોહ-મમત્વ વા માન, તેમજ આ લોકમાં

જે જે વાતો કે વસ્તુઓ મોટાઈના સાધનો ગણાય છે. જેમાં ધાર્મિકસમાજ-સંપ્રદાયમાં મોટાઈનું કારણ ગણાય છે. તેવા લોકોને માન્ય એવું શ્રદ્ધાવાનપણું લોકદૃષ્ટિએ મહત્ત્વ લાગે તેવું વિચક્ષણપણું, શોભાયમાન બાહ્ય-વ્યક્તિત્વ શોભાયમાન ગૃહ આદિ પરિગ્રહ એ વગેરેમાં માહાત્મ્યબુદ્ધિ તે લૌકિક અભિનિવેશ છે, અને તે પ્રત્યક્ષ ઝેરનું ગ્રહણ છે – તેમ જાણી તેનું વમન કરવામાં ન આવે અર્થાત્ તેમાંથી અંતરવૃત્તિ છૂટી ન થાય, ત્યાં સુધી જ્ઞાનીની દૃષ્ટિનું વાસ્તવિક માહાત્મ્ય લક્ષગત થઈ શકે નહિ. પ્રાયઃ ઉક્ત વિપર્યાસ વધવાથી જીવ, જ્યાં જ્યાં જે જે પ્રકારે પોતાનું માન અને સ્થાન માની રાખ્યું છે, ત્યાં ત્યાં તે-તે સ્થાનમાં રહેલા લોકોની નજરમાં મોટાઈનું સ્તર જાળવી રાખવા અને વધુ ઊંચા સ્તરની મોટાઈ મેળવવા પ્રયત્નવંત રહે છે. તે અનંત દુઃખનો હેતુ છે. આ વિષયમાં શ્રીમદ્ રાજચંદ્રનું એક વચન ઉલ્લેખનીય છે.

“લોકસંજ્ઞા જેની જિંદગીનો ધ્રુવ કાંટો છે તે જિંદગી ગમે તેવી શ્રીમંતતા, સત્તા કે કુટુંબ પરિવારાદિ યોગવાળી હોય તો પણ તે દુઃખનો જ હેતુ છે. આત્મશાન્તિ જે જિંદગીનો ધ્રુવ કાંટો છે તે જિંદગી ગમે તો એકાકી અને નિર્ધન, નિર્વસ્ત્ર હોય તોપણ પરમસમાધિનું સ્થાન છે.” (પત્રાંક-૯૪૯)

ધાર્મિક સમાજ – કે જેને સંપ્રદાયનું નામ રૂઢિ વડે અપાય છે. તેમાં મુખ્ય સ્થાન અથવા નેતાપદની પ્રાપ્તિ હોય અથવા પ્રાપ્ત કરવું હોય ત્યાં લૌકિક અભિનિવેશ વૃત્તિનું જોર વધી જાય છે. ત્યારે, ધર્મના સિદ્ધાંતો આચરણમાં ઉતારવાને બદલે સિદ્ધાંતના અંચળા નીચે અથવા ધાર્મિક બાહ્ય પ્રવૃત્તિના અંચળા નીચે જીવ પોતાની અનુકૂળ રહેવાવાળા અને પોતાને અનુસરવાવાળા લોકોનું સંગઠન કરવા લાગી જાય છે. અને તેમ કરવામાં માયાચાર અને અનૈતિક સાધનો અપનાવવા લાગી જાય છે. આમ લોકદૃષ્ટિનું દૂષણ જીવને અતિ નીચે સહજપણે લઈ જાય છે, અને અપૂર્વ ગુણની ઉત્પત્તિ થવા દેતી નથી. કુટિલ રાજનીતિનો પ્રકાર અહીં ઉત્પન્ન થાય છે. ત્યાં આત્મહિત નો વિચાર સુદ્ધાં ઊપજતો નથી. અભિનિવેશનો



બીજો ભેદ શાસ્ત્રીય અભિનિવેશ છે. આત્માર્થ સિવાય, શાસ્ત્રની જે જે પ્રકારે જીવ માન્યતા કરે અથવા કલ્પના કરે અથવા શાસ્ત્રના ભણતરમાં સંતોષ માને તે શાસ્ત્રીય અભિનિવેશ છે. પોતાની દૃષ્ટિમાં અપૂર્વ નિરાવરણપણું પ્રગટ થયું નથી. છતાં શાસ્ત્રની ધારણામાં અથવા અપ્રયોજનભૂત વિષયના જાણપણામાં પોતાની મહત્તાના નિર્વાહને લીધે, પોતે ધારણામાં રાખેલા વિષયનું મહત્ત્વ દર્શાવી, આત્માર્થ ગૌણ થાય ત્યાં શાસ્ત્રીય અભિનિવેશ વર્તે છે. આ દોષને લીધે જીવ શાસ્ત્રની અયથાર્થપણે મુખ્યતા દર્શાવીને, મુખ્ય સાધન એવો પ્રત્યક્ષ જ્ઞાનીનો સમાગમ, તેને ગૌણ કરીને, તે સમાન અથવા તેનાથી વધુ ભાર શાસ્ત્ર પ્રત્યે મૂકે છે. તે તો “અપ્રશસ્ત શાસ્ત્રીય અભિનિવેશ” છે. જોકે શાસ્ત્રો આત્મજ્ઞાન થવા અર્થે ઉપકારી છે, પણ તે સ્વચ્છંદ રહિત જીવને-આ અપેક્ષા સમજવી આવશ્યક છે. અને તે લક્ષ રાખીને સત્શાસ્ત્રના નિમિત્તે અંતરવિચારણા થાય, આત્માર્થ સરે તો તે શાસ્ત્રીય અભિનિવેશ ગમવા યોગ્ય નથી પરંતુ શાસ્ત્રવાંચનની મહત્તા આડે જ્ઞાનીના સમાગમ પ્રત્યે ઉપેક્ષાભાવ અથવા સમાગમવૃત્તિ ગૌણ થાય તો તે શાસ્ત્રીય અભિનિવેશ છે. ખરેખર તો શાસ્ત્રના ભણતરથી મોટાઈ, અને માન વધારવાની ઇચ્છા તો ધર્મના દ્રોહરૂપ છે. તેથી તેવા માનના પ્રસંગોથી આત્માર્થી દૂર રહે છે. અથવા ઉદયના તેવા યોગે અંતરમાં અત્યંત જાગ્રત રહે છે.

વળી, પ્રાયઃ મુમુક્ષુ જીવને આત્મકલ્યાણની ભાવના હોવાથી તેના ઉપાયરૂપે જે કાંઈ ક્રિયા કરે છે તેના મુખ્ય બે ભેદ છે. એક જ્ઞાનક્રિયા અને બીજી ત્યાગ ક્રિયા. આ બન્ને ક્રિયામાર્ગે ભૂલવાના અથવા દોષ થવાના અનેક પ્રકાર છે, તેથી તે વિષયમાં પણ અત્રે યત્કિંચિત વિચાર કર્તવ્ય છે.

મુમુક્ષુ જીવની, માર્ગપ્રાપ્તિની અત્યંત ગાઢ લગની ઉત્પન્ન થયા પહેલાં જ્ઞાનમાર્ગે લાભ પ્રાપ્ત થવાને બદલે, પ્રાયઃ અલાભ થવાની સંભાવના છે, કારણ કે જ્ઞાનપ્રાપ્તિના ઉપાયરૂપે અનેક ગ્રંથોનું વાંચન-શ્રવણ થતાં અનેક જગ્યાએ સંદેહ ઊપજે છે, અને શંકાની માનસિક ભૂમિકામાં પ્રયોજનભૂત

વિષય ઉપર લક્ષ જવું જોઈએ તે જતું નથી. અથવા અપ્રયોજનભૂત વિષય ઉપર વજન રહેતા તેમાં વ્યર્થ રોકાવાનું બને છે. વળી એવી સંદિગ્ધ અવસ્થાને લીધે સત્‌ની અથવા સત્‌પુરુષની ઓળખાણ થઈ શકતી નથી. અને ઊર્ધ્વભૂમિકાને તે પ્રાપ્ત થઈ શકતો નથી.

વળી, શાસ્ત્રમાં નિરૂપણ કરેલાં અનેક ભેદ-પ્રભેદ અને નયવિવિક્ષાઓ સમજવાનો પ્રયાસ કરતાં વિકલ્પો વધવાનું કારણ બને છે. અથવા ઘણા વિકલ્પોમાં રોકાવાનું કારણ ઉત્પન્ન થાય છે. સમુદ્ર જેવા વિશાળ શાસ્ત્ર-જ્ઞાનના તરંગો ઉપર તરવાને બદલે તે તરંગોમાં ડૂબી જવાની સ્થિતિ થાય છે. પ્રાયઃ તો પોતાને પ્રયોજનભૂત વિષય કેટલો અને અપ્રયોજનભૂત વિષય કેટલો તેની વહેંચણી કરવાની ક્ષમતા ન હોવાને લીધે, ક્ષયોપશમના પ્રકાર અનુસાર ચાર અનુયોગમાંથી, જેમાં ક્ષયોપશમ વધુ ચાલે તેમાં પ્રવીણપણું પ્રાપ્ત કરવા પ્રયત્નવંત તે રહે છે. જેમ નિશાળમાં વિદ્યાર્થી ક્ષયોપશમના પ્રકારને અનુસરીને (ગણિત-વિજ્ઞાન અથવા ભાષાના) વિષયની પસંદગી કરે છે. તેમ આ પ્રકારની જ્ઞાન-પ્રાપ્તિની પદ્ધતિ વડે પરમાર્થને ચૂકી જવાય છે. અર્થાત્‌ તે જ્ઞાન તેને હિતરૂપ થતું નથી, પરંતુ અહિતરૂપ થાય છે.

વળી, શાસ્ત્રનું ભણતરધારણા વગેરે આવડતને સાચા-જ્ઞાનની પ્રાપ્તિ માનીને પોતાને જ્ઞાન પ્રગટ થયું છે અથવા વર્તે છે તેવા ભ્રમમાં જેને અતિ પરિણામીપણું કહેવાય તેવા દોષમાં અભિમાનપૂર્વક વર્તે છે. ત્યારે શુષ્કજ્ઞાનપણું ઉત્પન્ન થાય છે. અને જિજ્ઞાસાનો અભાવ થઈ જાય છે. જિજ્ઞાસાનો અભાવ થાય તેમાં બહુ મોટું નુકસાન થવાની શક્યાતાઓ રહેલી છે. કારણ કે અનાદિ અજ્ઞાન અને વિપરીત સંસ્કારોનું બળ ઘટવાનું (કાર્ય) માત્ર પરમાર્થ તત્ત્વની જિજ્ઞાસાના કાળમાં જ બને છે. ત્યારે જ સત્યનું અવભાસન થાય તેવો પરિણામમાં અવકાશ થાય છે. પરંતુ જિજ્ઞાસાના અભાવમાં અનુભવી મહાપુરુષના પ્રત્યક્ષ સમાગમના કાળમાં તે મહાત્મા આત્માના મૂળમાર્ગને અને સ્વરૂપને આત્મભાવમાં વિભોર થઈને અસાધારણ વ્યક્ત કરે તોપણ, જિજ્ઞાસા રહિત સ્થિતિને લઈને તે તે ભાવોની ઓળખાણ અથવા ભાવ-ભાસન થતું નથી તેથી જ્ઞાનમાર્ગે જનાર મુમુક્ષુ જ્યાં સુધી



પ્રગટપણે આત્મજ્ઞાન થાય નહિ ત્યાં સુધી ગમે તેટલું વિશાળ વાંચન અને ધારણા હોય તોપણ પરમાર્થના વિષયમાં જિજ્ઞાસુ રહેવું ઘટે છે. તે ખાસ પ્રકારની પાત્રતાના સદ્‌ભાવનું એક લક્ષણ છે. આવી પાત્રતામાં પ્રયોજનભૂત વિષય સામે આવે ત્યારે જિજ્ઞાસા વધુ સતેજ થાય અને પરમતત્ત્વને ઊંડી જિજ્ઞાસાથી ગ્રહણ કરવાનું બને.

આ સિવાય શાસ્ત્રજ્ઞાનરૂપ વિદ્વત્તાને લીધે તેમજ પૂર્વકર્મના તે પ્રકારના પુણ્યયોગને લીધે સામાજિક આદર સત્કાર મળવા લાગે છે, તેમાં જીવ ફસાઈ જાય છે અને વધુ માન મેળવવાની દૃષ્ટિ તેને રહ્યા કરે છે. તેથી આત્મશુદ્ધિનો માર્ગ ભૂલી બહારમાં માનાર્થે પ્રવૃત્તિ કરવા લાગે છે. આ રીતે જ્ઞાનમાર્ગે જનારા જીવને સત્‌પુરુષોએ ચેતાવીને અનંત ઉપકાર કર્યો છે. તે મહાત્માઓને અત્યંત અત્યંત ભક્તિએ નમસ્કાર હો. વળી ક્રિયામાર્ગે ધર્મબુદ્ધિપૂર્વક બાહ્ય વિષયોનો ત્યાગ કરવામાં આવે છે. ત્યાં પ્રથમ પરમાં પોતાપણાના અધ્યાસનો ત્યાગ કર્તવ્ય છે. તે અધ્યાસનો ત્યાગ થયા પહેલાં, અર્થાત્‌ પરમાં સ્વપણાના અધ્યાસ સહિત, પરપદાર્થનો માત્ર બાહ્યત્યાગ અજ્ઞાન સહિત હોવાને લીધે, ત્યાગના અભિમાનને ઉત્પન્ન કર્યા વિના રહેતો નથી. તેથી ત્યાગરૂપ ક્રિયાતે "અસત્‌ અભિમાન" ને ઉત્પન્ન થવાનું કારણ બને છે, કારણ જડની ત્યાગરૂપ અવસ્થામાં મેં ત્યાગ કર્યો તેવી પોતાપણારૂપ અસત્‌ કલ્પના ત્યાં થઈ. વળી, મિથ્યાત્વની દશામાં જીવને પર્યાયબુદ્ધિ હોવાને લીધે બાહ્ય ક્રિયારૂપ વ્રત અને સંયમરૂપ બાહ્ય વ્યવહારમાં તેને વજન હોવાથી તે સંબંધી મિથ્યાઆગ્રહ રહે છે. પોતાની મહત્તા અને બીજાની હીનતાનું માપ તેની દૃષ્ટિમાં આ દૃષ્ટિપૂર્વક ઊભું થાય છે. આ પણ અભિમાનનો જ એક પ્રકાર છે. બાહ્ય ક્રિયા ઉપર દૃષ્ટિ હોવાથી તે સર્વત્ર બાહ્ય ક્રિયાના આધારે જ માપ કાઢે છે. અને તેથી અજ્ઞાની ત્યાગીને પણ અનુસરવા અને અનુમોદવા લાગે છે. અને આ પ્રકારે અજ્ઞાનને દૃઢ કરે છે. આ ઉપરાંત બાહ્ય તપના અનેક પ્રકારને સાધના જાણીને તેના ફળમાં રિદ્ધિ, સિદ્ધિ અથવા (સંયોગ દૃષ્ટિના કારણે) સંયોગોની અનુકૂળતાનો મોહ પણ ઉત્પન્ન થવાની સંભાવના છે. આત્માના અંતર-સ્વભાવના આનંદના

અભાવમાં, બહારની અનુકૂળતાના સુખનો મોહ-સિદ્ધિમોહ-નો અભાવ જીવ કરી શકતો નથી.

વળી, વર્તમાન ત્યાગીપણાને લીધે, તેમજ પૂર્વકર્મના પુણ્યયોગને લીધે, સામાજિક આદર-સત્કાર મળે છે. તેમાં જીવ ફસાઈ જાય છે. અને તેથી વધુ ને વધુ માન મેળવવાની દૃષ્ટિ તેને રહ્યા કરે છે. ત્યાગની પ્રવૃત્તિ માનાર્થે કરવા લાગે છે. તેથી આત્મામાં અંતરશુદ્ધિની ક્રિયાનો ઉપાય તેને સૂઝતો નથી – મળતો નથી. આમ ક્રિયામાર્ગે રોકાવાનું આ સંભવિત કારણ છે.

વળી, બાહ્ય દૃષ્ટિપૂર્વક ત્યાગની ક્રિયા દૈહિક ક્રિયામાં આત્મનિષ્ઠાને વધુ દૃઢ કરે છે. અને તેથી આત્મામાં આત્મબુદ્ધિરૂપ-આત્મનિષ્ઠા ઉત્પન્ન થઈ શકતી નથી – આ આત્મનિષ્ઠા ઉત્પન્ન થવાનું બળવાન બાધક કારણ છે. પરમાર્થમાર્ગનું મૂળ તો દેહાદિ પરપદાર્થની ભિન્નતા કરતાં પ્રારંભ થાય છે. તે ચૂકીને દૈહિક ક્રિયામાં પોતાપણારૂપ દેહાત્મબુદ્ધિ ધર્મના બહાને દૃઢ થાય તે ખાસ લક્ષમાં લેવા યોગ્ય છે.

વળી, યથાર્થ નિર્ણય અને યથાર્થ લક્ષ વિના, માત્ર શાસ્ત્રનું ભણતર અને જાણપણું તેમજ યુક્તિ અને તર્કની મદદ વડે આત્માનું ચિંતવન, જેને અધ્યાત્મચિંતવન-સ્વરૂપ ચિંતવન કહેવામાં આવે છે. તે વારંવાર કરવા છતાં પણ તે ચિંતવન્ તત્ સંબંધિત વ્યામોહ ઊપજવાનું કારણ બને છે. અને તે ચિંતવનના (ભ્રમયુક્ત) મહિમાના ખ્યાલમાં તે આવે છે અથવા રાચે છે, ત્યારે શુષ્કઅધ્યાત્મી થઈ જાય છે, અથવા સ્વેચ્છાચારી થઈ જાય છે. તેમાં શુષ્કતાવશ અધ્યાત્મનો ઉન્મત્ત દશાવત્ પ્રલાપ કરે છે. પરલક્ષી ધારણા વાળા જીવને આ રીતે આત્મ-ચિંતવન પણ અવગુણનું કારણ બને છે. આ પ્રકારથી છૂટવું જીવને દુષ્કર થઈ પડે છે. તેથી તે વિષયમાં ઊંડી વિચારણા કર્તવ્ય છે.

વળી, કોઈ કોઈ મુમુક્ષુને મુમુક્ષની ભૂમિકામાં આત્મજ્ઞાન થયા પહેલાં પૂર્વકર્મના ઉદયયોગે, તત્ત્વજ્ઞાનનો ઉપદેશ કરવાનો પ્રસંગ પણ હોય છે. આવા પ્રસંગે તે સ્થાનની જવાબદારી સમજીને ગંભીરતાપૂર્વક અત્યંત જાગ્રત



રહીને પ્રવર્તવામાં ન આવે તો સંસાર-પરિભ્રમણના મુખ્ય કારણોમાંનાં આ એક કારણને તે સેવે છે તેવું બને છે. કારણ કે આત્માનુભવના અભાવમાં જીવ નિજ, સ્વરૂપના જ્ઞાનના વિષયમાં નિઃશંક હોતો નથી અર્થાત્ જે જ્ઞાન માટે પોતે શંકિત છે તે જ્ઞાનનો ઉપદેશ કરવાનો પ્રસંગ તેને બને છે. તેમાં અજ્ઞાનને લીધે અન્યથા ઉપદેશ થવાનું સંભવે છે, ત્યારે કદાચિત્ સત્ય સામે આવે ત્યારે પણ, પોતાથી ઉપદિષ્ટ વિષય અને પ્રતિપાદનની રક્ષા કરવાનો તે પ્રયત્ન કરે છે તે મહા અનર્થકારક સ્થિતિ છે, કારણ કે ઉપદેશ દેનારો જીવ અપરિણામી રહીને ઉપદેશ કરે છે. તેમાં આત્મસ્વરૂપ અને આત્મરસ પ્રગટતા નથી તેથી જ અજ્ઞાનીનો ઉપદેશ દેશનાલબ્ધિમાં નિમિત્ત થતો નથી. અર્થાત્ તે ઉપદેશ સાંભળનારને પરિણમવાની કદી સંભાવના નથી જ તેથી યથાર્થ જ્ઞાન થયા પહેલાં જે જીવને ઉપદેશ કાર્ય કરવું પડતું હોય (ઉપદેશ-કાર્ય કરવું પડતું હોય એટલે ઉપદેશ આપવાનો આગ્રહ તે જીવને હોય નહિ તોપણ ઉદયને યોગે તે કાર્ય અંદરમાં ખટક સાથે કરવું પડતું હોય) તેવા વિચારવાન મુમુક્ષજીવ સત્પુરુષના ગુણગાન અને સત્પુરુષ પ્રત્યે પ્રમોદભાવના વધવાના હેતુથી ઉપદેશ કરે છે કે જેથી કરીને સાંભળનાર જીવોને સત્પુરુષોના વચનને ગ્રહણ કરવાની આત્મવૃત્તિ થાય, અને સત્પુરુષના પ્રત્યક્ષ સમાગમની ભાવના અને આકાંક્ષા થાય. આ વિષયમાં શ્રીમદ્ રાજચંદ્રજી કહે છે કે :-

"...ઉદયના યોગે તથારૂપ આત્મજ્ઞાન થયા પ્રથમ ઉપદેશ કાર્ય કરવું પડતું હોય તો વિચારવાન મુમુક્ષુ પરમાર્થના માર્ગને અનુસરવાને હેતુભૂત એવા સત્પુરુષની ભક્તિ, સત્પુરુષના ગુણગ્રામ, સત્પુરુષ પ્રત્યે પ્રમોદભાવના અને સત્પુરુષ પ્રત્યે અવિરોધભાવના લોકોને ઉપદેશે છે..." (પત્રાંક ૬૭૦માંથી)

"યથાર્થસ્વરૂપ સમજ્યા વિના, તે પરમાર્થે યથાર્થ છે કે કેમ ? તે જાણ્યા વિના જે વક્તા થાય છે તે અનંત સંસારને વધારે છે, માટે જ્યાં સુધી આ સમજવાની શક્તિ થાય નહિ ત્યાં સુધી મૌન રહેવું સારું છે."... (જ્ઞાનામૃત-વ્યાખ્યાનસાર-૧૦/૧૫-પૃ. ૮૫)

શ્રીમદ્જીનાં ઉક્ત વચનો મહત્ત્વપૂર્ણ શિક્ષા આપનારાં છે. જ્યાં સુધી

સ્વરૂપને સમજવાની પરિપક્વ સ્થિતિ અને શક્તિ થાય નહિ, ત્યાં સુધી વક્તાપદનું જોખમ- અનંતસંસારની વૃદ્ધિ છે, તેથી મૌન રહેવાની શિખામણ દ્વારા આત્માર્થીનું લક્ષ ખેંચ્યું છે.

## (૨) મોક્ષાર્થીની ભૂમિકામાં સત્પુરુષના પ્રત્યક્ષ યોગનું મહત્ત્વ :-

સન્માર્ગના અનુભવી સત્પુરુષની વિદ્યમાનતામાં, તેમનું સાન્નિધ્ય સેવતાં, ઉક્ત દોષોમાંથી છૂટવાનું સંભવે છે. તેમ જાણીને પ્રત્યક્ષ સત્પુરુષનો સમાગમ માર્ગ-પ્રાપ્તિનું પ્રબળ કારણ છે. તેમ તેના ઉપર ભાર દીધો છે. ચૈતન્યને સ્પર્શીને નીકળતી સત્પુરુષની વાણી પાત્રતાવાળા જીવના હૃદયમાં ઊતરી જાય છે. અર્થાત્ તેના અંતરંગને સ્પર્શે છે, અને તે જીવ સમ્યક્ત્વની નજીક થઈ જાય છે. તેથી વિચારવાન જીવ સત્પુરુષના સાન્નિધ્યમાં રહ્યા છે. અને તેમના પ્રત્યે અતુલ ભક્તિ અને આજ્ઞાશીલપણું પરમ આદરપૂર્વક સંમત કરીને, તેમ જ વર્ત્યા છે.

જીવ જેનાથી અનાદિથી અજાણ છે. તેવા પરમાર્થના વિષયમાં, માત્ર મતિ-કલ્પનાથી, પરમાર્થનું જ્ઞાન અથવા પરમાર્થની પ્રાપ્તિ થતી નથી અર્થાત્ અંતર્મુખ પરિણમનરૂપ આરાધન-નિજ કલ્પનાથી ઉત્પન્ન થતું નથી-તેથી જીવ બાહ્યધર્મ સાધનવાળી પ્રવૃત્તિમાં બહિર્ભાવમાં વર્તે છે. અને તેમાં પરમાર્થમાર્ગની કલ્પના કરે છે. આવી ભૂલને પ્રત્યક્ષ જ્ઞાની સિવાય કોણ બતાવે ? તેથી જ પ્રત્યક્ષ સત્સંગ અનિવાર્ય છે, અને અનંત ઉપકારી છે.

જોકે વર્તમાન હીણા કાળમાં, સત્પુરુષનો યોગ અત્યંત દુર્લભ છે, તોપણ કદાચિત્ તેવો યોગ પૂર્વના મહા પુણ્યને લીધે સંપ્રાપ્ત થાય, તો તેની ન થઈ શકે તેટલી કિંમત છે. આ વિષયમાં શ્રીમદ્ રાજચંદ્રજીનાં કેટલાંક વચનો (પત્રાંક ૨૦૦ - વચનાવલીમાંથી) અતિ મહત્ત્વપૂર્ણ માર્ગદર્શન આપનારાં અને પ્રત્યક્ષ જ્ઞાનીના યોગનું યથાર્થ મહત્ત્વ બતાવનારાં હોવાથી ઉલ્લેખનીય



છે.

“જ્ઞાનની પ્રાપ્તિ જેણે ઇચ્છવી, તેણે જ્ઞાનીની ઇચ્છાએ વર્તવું એમ જિનાગમાદિ સર્વ શાસ્ત્ર કહે છે. પોતાની ઈચ્છાએ પ્રવર્તતાં અનાદિ કાળથી રખડ્યો (૪) જ્યાં સુધી પ્રત્યક્ષ જ્ઞાનીની ઇચ્છાએ, એટલે આજ્ઞાએ નહિ વર્તાય ત્યાં સુધી અજ્ઞાનની નિવૃત્તિ થવી સંભવતી નથી.(૫)”

ઉપરોક્ત વચનોમાં મુમુક્ષુ જીવને સત્‌ના ધારક સત્પુરુષનો સત્સમાગમ કરવામાં આજ્ઞાંકિતપણું કેવા પ્રકારે અને કેટલું હોવું ઘટે તેનો નિર્દેશ કરવામાં આવ્યો છે તે યથાર્થ છે. આ પ્રકારમાં આત્માર્થી જીવ (બાહ્ય પરિણમનમાં પણ) આવેલ ન હોય, તેવી હીન યોગ્યતાવાળાને અંતર્-સત્‌નો, પરમ આદર થઈને પ્રગટ અનુભૂતિ થવાની જરાપણ સંભાવના નથી. જેને બહારમાં પ્રગટ સત્‌નો યથાયોગ્ય પરમ આદર આવે નહિ, તેને અંતરસત્‌નો, પરિણામમાં પરમ આદર ઉત્પન્ન થઈ શકતો નથી. તે અધ્યાત્મનો મહાસિદ્ધાંત છે.

જોકે જ્ઞાનીને બીજાના આદરની અપેક્ષા નથી. તેઓ તો આદર-અનાદર, માન-સન્માન-નિંદા-પ્રશંસા આદિથી પર થયા છે, તોપણ મુમુક્ષુની ઉપરોક્ત સ્થિતિ થયા વિના ઉપદેશ પરિણમતો નથી-તેવો નિયમ છે.

વળી, તેઓ પત્રાંક-૫૩૯માં કહે છે કે :-

“...બીજા પદાર્થમાં જીવ જો નિજબુદ્ધિ કરે, તો પરિભ્રમણ દશા પામે છે, અને નિજને વિષે નિજબુદ્ધિ થાય તો પરિભ્રમણદશા ટળે છે. જેના ચિત્તમાં એવો માર્ગ વિચારવો અવશ્યનો છે, તેણે તે જ્ઞાન જેના આત્મામાં પ્રકાશ પામ્યું છે. તેની દાસાનુદાસપણે અનન્ય ભક્તિ કરવી – એ પરમ શ્રેય છે.”

આ વચનામૃતમાં પણ મુમુક્ષુ જીવને જ્ઞાનીની અનન્ય ભક્તિ કરવાની શિખામણ આપવામાં આવી છે. કારણ કે સંયોગી દૃષ્ટિને લીધે જીવને અસંગ એવું આત્મસ્વરૂપ જાણવું દુર્લભ થઈ પડ્યું છે, અને તે સ્વરૂપના અનુભવી જ્ઞાતા પુરુષને યોગે તે સુલભપણે જાણવા યોગ્ય છે. તેથી "પ્રત્યક્ષ-યોગ" નું મહત્ત્વ અતિશયપણે કરીને કહેવામાં આવ્યું છે તે યથાર્થ છે. તેમાં

વિચારવાનને કોઈ પણ પ્રકારે વિકલ્પ થવા યોગ્ય નથી. વળી, જ્ઞાનીના પ્રત્યક્ષ સમાગમે અનેક પડખાથી મુમુક્ષુ જીવને આત્માર્થનું પોષણ મળે છે, અને અનેક પ્રકારના દોષ, માન, સ્વછંદ, લોભ આદિ કષાય તથા મિથ્યાત્વના સૂક્ષ્મ દોષો અને અજ્ઞાન ટળવાનું કારણ બને છે. આ વિષયમાં પૂ. બહેનશ્રીનાં નીચેનાં અમૂલ્ય વચનો અત્યંત ભાવવાહી અને માર્ગદર્શનમાં ઉપકારી છે.

“મોટા પુરુષની આજ્ઞા માનવી, તેમનાથી ડરવું, એ તો તને તારા અવગુણથી ડરવા જેવું છે. તેમાં તારા, ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષાદિ અવગુણ દબાય છે. માથે મોટા પુરુષ વિના, કષાયના રાગમાં તણાઈ જવાનો સંભવ છે, અને તેથી તારા અવગુણ તું સ્વયં જાણી શકે નહિ. મોટા પુરુષનું શરણ લેતાં, તારા દોષનું સ્પષ્ટીકરણ થશે અને ગુણો પ્રગટ થશે. ગુરુનું શરણ લેતાં ગુણનિધિ ચૈતન્યદેવ ઓળખાશે.” (આંક-૧૫૦)

“ગુરુ તારા ગુણ ખીલવવાની કળા દેખાડશે. ગુરુઆજ્ઞાએ રહેવું તે તો પરમસુખ છે. કર્મજનિત વિભાવમાં જીવ દબાઈ રહ્યો છે. ગુરુની આજ્ઞાએ વર્તવાથી કર્મ સહેજે દબાય છે અને ગુણ પ્રગટે છે.” (આંક-૧૫૯)

ઉપરોક્ત વચનોમાં – “જ્ઞાનીગુરુનો સમાગમ મુમુક્ષુ જીવને સહજમાત્રમાં દોષથી દૂર રાખે છે, અને ગુણ કેળવવાની કળા પ્રાપ્ત કરાવી મોક્ષમાર્ગે જીવને ચડાવે છે. તેનો સ્પષ્ટ નિર્દેશ છે. સામાન્ય રીતે પોતાની ભૂલ પોતાને ખ્યાલમાં આવતી નથી. તેથી જ “ભૂલ” થાય છે. અહીં મુમુક્ષુની ભૂમિકામાં જીવ સત્શ્રુતનું અધ્યયન કરવા છતાં અને તે અનુસાર તત્ત્વની ધારણા કરવા છતાં પણ તેને મિથ્યાત્વની સૂક્ષ્મ ભૂલ રહી જાય છે. આવી સૂક્ષ્મ ભૂલ અનુભવી ગુરુ બતાવી શકે છે, અને જીવનું પરિભ્રમણ છેદાઈ જાય છે. તે સામાન્ય વાત નથી.

વળી, દેશનાલબ્ધિનો આ અનાદિ સિદ્ધાંત છે કે જ્ઞાનની પ્રાપ્તિ જ્ઞાનીના નિમિત્તે થાય છે, અજ્ઞાનીના નિમિત્તે નહિ. છતાં લોકદૃષ્ટિ અને માન આદિ કારણોથી જીવ જ્ઞાનીના સમાગમથી દૂર રહે છે. પ્રથમ પોતાને ઉપદેશની આવશ્યકતા હોવા છતાં, સંપ્રદાય અને અન્ય સમાજની દૃષ્ટિએ પ્રાપ્તસ્થાનનું



રક્ષણ કરવામાં, અનંતકાળે પ્રાપ્ત ન થાય તેવા અનુપમ પ્રત્યક્ષ યોગને જીવ ચૂકી જાય છે. પરંતુ સાક્ષાત્કારપ્રાપ્ત પ્રત્યક્ષ સત્પુરુષનો સમાગમ, સુયોગ્ય પાત્રતા સહિત થયે જ ‘સત્’ સમજાય છે. અર્થાત્ સત્ ઉપર લક્ષ આવે છે. અને ક્રમે કરીને સત્‌ની પ્રાપ્તિ થાય છે. કોઈપણ પ્રકારે જીવ પોતાની મતિ કલ્પનાથી સત્‌ને પ્રાપ્ત કરી શકતો નથી. પરંતુ કલ્પના દ્વારા સત્‌ને પ્રાપ્ત કરવા જતાં મુક્ત થવાને બદલે બંધાય છે, અને પરિભ્રમણ ચક્કરમાંથી છૂટતો નથી. અનંતકાળ નિજ-છંદે (કલ્પનાએ) ચાલી પરિશ્રમ કરે, તો પોતે પોતાથી જ્ઞાન પામે નહિ, પણ પ્રત્યક્ષ જ્ઞાનીની આજ્ઞાનો આરાધક સહજમાત્રમાં જ્ઞાન પામે. આ નિમિત્તાધીન દૃષ્ટિપૂર્વક નિરૂપણ નથી, પરંતુ વસ્તુની સ્થિતિ જ એવી છે. તેનું યથાર્થ જ્ઞાન કરવું જોઈએ. અનુભવી મહાત્માઓનો આ અનુભવ છે. તેની ઉપેક્ષા કરવા યોગ્ય નથી. પ્રત્યક્ષ-યોગે માર્ગ-પ્રાપ્તિ કરનાર જીવને જ આ ગુપ્ત તત્ત્વનો અનુભવ થાય છે, અને તે અમર થઈ જાય છે. પૌદ્‌ગલિક પ્રાણત્યાગરૂપ મૃત્યુના પ્રસંગમાંથી એક વાર બચાવનાર નિમિત્ત પ્રત્યે પ્રત્યુપકાર કોઈ ચીજથી વાળી શકાતો નથી અથવા કોઈ ચીજથી તેનું મૂલ્ય થઈ શકતું નથી. તો અનંત જન્મ-મરણ અને ચારગતિનાં સર્વ દુઃખોથી મુક્ત કરાવનાર પ્રત્યે ઉપકારવશતાની લાગણીનો પ્રકાર કેવો અલૌકિક હોય !! તેનું મહત્ત્વ તો તે વાસ્તવિકતામાંથી પસાર થનાર જીવ જ સમજે છે.

વળી, દ્રવ્યાનુયોગ પરમ ગંભીર, અને તત્ત્વ પામવાનું ઉત્કૃષ્ટ નિમિત્ત છે. તેમાં તેવું નિરૂપણ હોવાથી, ચારે અનુયોગમાં દ્રવ્યાનુયોગનું મહત્ત્વ વિશેષ છે. આ દ્રવ્યાનુયોગ પ્રત્યક્ષ જ્ઞાનીના સમાગમમાં વિચારવા યોગ્ય છે. અથવા અધ્યયન કરવા યોગ્ય છે. અને તે પણ દૃઢ વૈરાગ્ય અને જ્ઞાની પ્રત્યેની અત્યંત ભક્તિપૂર્વક કરવામાં આવે તો જ તેનું સાર્થકપણું છે. અન્યથા તે ગંભીર વિષય અનઅધિકારી જીવને પચતો નથી અને તેમાંથી વિકૃતિ ઉત્પન્ન થવાનું પ્રાયઃ બને છે. આત્મ-કલ્યાણની તીવ્ર લગની અને અપૂર્વ ભાવનાને લીધે, દર્શનમોહનો અનુભાગ (રસ) ઘટવાથી અને બાહ્ય પદાર્થ આશ્રિત શુભાશુભ પરિણામોની મુખ્યતા જવાથી દ્રવ્યાનુયોગ (સત્‌ના

મહિમાથી) પરિણમે છે. શ્રીમદ્જી પત્રાંક-૨૦૦માં કહે છે કે-" શાસ્ત્રમાં કહેલી આજ્ઞાઓ પરોક્ષ છે અને તે જીવને અધિકારી થવા માટે કહી છે. મોક્ષ થવા માટે જ્ઞાનીની પ્રત્યક્ષ આજ્ઞા આરાધવી જોઈએ." અન્યથા જે દ્રવ્યાનુયોગનું જ્ઞાન મહા નિર્જરાનું કારણ થાય તે જ જ્ઞાન અનધિકારી જીવને મળતાં, તેને પ્રાયઃ અહિતકારી થઈને પરિણમે છે.

આમ અતિ દુર્લભ અને અપૂર્વ એવું આત્મજ્ઞાન "પ્રત્યક્ષયોગે" સુલભ થાય છે. શ્રીમદ્જી પત્રાંક-૫૨૨માં કહે છે કે –

''સત્પુરુષનો યોગ થયા પછી આત્મજ્ઞાન કાંઈ દુર્લભ નથી, તથાપિ સત્પુરુષને વિષે, તેના વચનને વિષે, તે વચનના આશયને વિષે, પ્રીતિ-ભક્તિ થાય નહિ, ત્યાં સુધી આત્મવિચાર પણ જીવમાં ઉદય આવવા યોગ્ય નથી, અને સત્પુરુષનો જીવને યોગ થયો છે, તેવું તે જીવને ખરેખર ભાસ્યું છે – તેમ પણ કહેવું કઠણ છે.''

ઉપરોક્ત વચનામૃતમાં 'પ્રત્યક્ષ-યોગે' દુર્લભ એવા આત્મજ્ઞાનની સુલભતા બતાવી છે. તોપણ તે આત્મજ્ઞાનની સુલભતા સત્પુરુષ પ્રત્યેની ભક્તિને આધીન છે. એટલું જ નહિ, સત્પુરુષનાં વચનો પ્રત્યે પણ ભક્તિ ન હોય, તો આત્મજ્ઞાન થાય નહિ – તેને યોગ-અયોગરૂપ થઈ પડે છે. સત્પુરુષનો યોગ તેને જ કહી શકાય છે કે જો સત્પુરુષની ઓળખાણ થાય. જો કોઈ મહદ્ ભાગ્યે મુમુક્ષુ જીવ સત્પુરુષને શોધી શકે – ઓળખી શકે – તો તેમના ગમે તેવા વચનમાં પણ તેને શ્રદ્ધા રહે – અશ્રદ્ધા ન થાય. સર્વ પ્રકારની લૌકિક અભિલાષાથી નિવૃત્તિ થઈને વિદ્યમાન જ્ઞાનીમાં પરમેશ્વરબુદ્ધિ થતાં, પૂરી સમર્પણતા થાય છે અને તે મુમુક્ષુને માટે મોક્ષનું બીજ છે. શ્રીમદ્જી પત્રાંક-૧૬૬માં કહે છે કે – ''સત્પુરુષના એકેક વાક્યમાં, એકેક શબ્દમાં, અનંતઆગમ રહ્યાં છે...'' ઉપરોક્ત વચનોમાં સત્પુરુષનાં વચન પ્રત્યે ભક્તિ અને તેમાં ભરેલા આત્મહિતના રહસ્યને પ્રદર્શિત કરવામાં આવ્યું છે.

વળી પૂર્વે, થયેલા જ્ઞાની અને તેમનાં વચનોરૂપે શાસ્ત્રો કરતાં પણ પ્રત્યક્ષ જ્ઞાનીના સમાગમનો (મુમુક્ષુ જીવે) તફાવત જાણવો આવશ્યક છે.



આત્મસિદ્ધિ શાસ્ત્રમાં આ વિશે એક પદ છે.

``પ્રત્યક્ષ સદ્ગુરુ સમ નહિ, પરોક્ષ જિન-ઉપકાર,
એવો લક્ષ થયા વિના, ઊગે ન આત્મ-વિચાર"

ઉપરોક્ત પદમાં પ્રથમ ચરણમાં પ્રસ્તુત વિષયનું મહત્ત્વ પ્રદર્શિત કર્યું છે. શ્રીમદ્જી કહે છે કે – આ પ્રકારે ''પ્રત્યક્ષયોગ'' સંબંધમાં જો જીવનું યથાર્થ લક્ષ ન હોય તો, તે જીવને આત્મ-હિતનો વિચાર સુદ્ધાં ઊગ્યો નથી-તેવી સ્થિતિમાં તે છે, તેમ જાણવું જોઈએ.

તે ઉપરાંત તેઓ પત્રાંક-૪૬૬માં કહે છે કે –

''પૂર્વે થઈ ગયેલા અનંત જ્ઞાનીઓ જોકે મહાજ્ઞાની થઈ ગયા છે, પણ તેથી કાંઈ જીવનો દોષ જાય નહિ, એટલે કે અત્યારે જીવમાં માન હોય, તે પૂર્વે થઈ ગયેલા જ્ઞાની કહેવા આવે નહિ, પરંતુ હાલ જે પ્રત્યક્ષ જ્ઞાની બિરાજમાન હોય, તે જ દોષને જણાવી, કઢાવી શકે, જેમ દૂરના ક્ષીરસમુદ્રથી અત્રે તૃષાતુરની તૃષા છીપે નહિ, પણ એક મીઠા પાણીનો કળશો અત્રે હોય તો તેથી તૃષા છીપે.''

ઉપરોક્ત વચનામૃતમાં પણ પરોક્ષ જ્ઞાનીનાં વચનોને ક્ષીરસમુદ્રની ઉપમા (લવણસમુદ્રની ઉપમા આપી નથી) આપી હોવા છતાં પણ પ્રત્યક્ષ જ્ઞાનીમાં વચનોનું સાર્થકપણું પ્રદર્શિત કર્યું છે, અને તે રીતે પ્રત્યક્ષ અને પરોક્ષ વચ્ચેનું અંતર બતાવ્યું છે.

વળી, આત્મ-કલ્યામમાં પ્રતિબંધરૂપ કારણોમાં-અજ્ઞાન બળવાન હોવાથી, જીવના પરિણામમાં પરભાવ (કષાયરસ) ની મલિનતા અને વિક્ષેપ મટાડવા દુષ્કર છે, તોપણ તે વિષે વારંવાર વિચારીને તેને મટાડવા ઘટે છે. સરળપણું-વૈરાગ્ય-પોતાના દોષનું જોવું-પાત્રતા એ વગેરે મલિનતા મટાડવાનાં સાધનો છે. અર્થાત્ દર્શનમોહ મંદ કરવાના ઉપાય છે. અને પ્રત્યક્ષ જ્ઞાની પુરુષની અત્યંત ભક્તિ તે વિક્ષેપ મટવાનું સાધન છે. તેથી મુમુક્ષુ જીવે તેવો નિશ્ચય કરવો ઘટે છે કે જેને આત્મસ્વરૂપ પ્રાપ્ત છે અર્થાત્ જે મૂર્તિમંત આત્મજ્ઞાન સ્વરૂપ છે. એવા પ્રગટ જ્ઞાની પુરુષ વિના બીજા કોઈ આત્મસ્વરૂપને યથાર્થ વિધિએ દર્શાવી શકવા યોગ્ય નથી અને તેવા જ્ઞાની પુરુષથી

આત્મસ્વરૂપ જાણ્યા વિના કલ્યાણનો બીજો કોઈ ઉપાય નથી. વળી ઉપરોક્ત ‘‘પ્રત્યક્ષ યોગે’’ આત્મા જાણ્યા વિના "આત્મા જાણ્યો છે." એવી કલ્પના મુમુક્ષુ જીવે સર્વથા ત્યાગવા યોગ્ય છે. અને તેથી આત્મારૂપ એવા જ્ઞાનીના સત્સંગની ભાવના નિરંતર થવા યોગ્ય છે. અને પ્રાપ્ત સમાગમે તે અત્યંત ભક્તિ અને વૈરાગ્ય સમેત ઉપાસવા યોગ્ય છે. પ્રત્યક્ષ બોધ પરિણામ પામવા અર્થે જ્ઞાની સિવાય ક્યાંય પણ મુમુક્ષુનો આત્મા સ્થિર થવા ઇચ્છે નહિ અને કોઈ પણ પ્રકારે મુમુક્ષુ જીવ આવા સત્સંગને ગૌણ કરે નહિ.

પ્રાયઃ મુમુક્ષુ જીવ આત્મ-હિતના હેતુથી જે કાંઈ પ્રયત્ન કરે છે, તેમાં વિકલ્પ અને બાહ્યક્રિયા સહિત પ્રવર્તે છે. ત્યાં અનાદિ સંયોગદૃષ્ટિ અને પર્યાયબુદ્ધિને વશ તે ક્રિયા અને વિકલ્પમાં અહંપણું સહજ થઈ આવે છે. આ પ્રકારના દોષથી બચવા માટે માથે જ્ઞાનીગુરુ જોઈએ. જીવને દોષમાં પડતો રોકનાર અને સમયોચિતપણે ટોકનાર જ્ઞાની ગુરુ હોય, તો જ સન્માર્ગે ચડી શકાય અથવા સ્થિર રહી શકાય. આમ જાણી વિવેકવાન જીવ પરમ-ઉપકારી એવા જ્ઞાની પુરુષનું અત્યંત ભક્તિએ સાન્નિધ્ય ચાહે છે અને તેવા સત્સમાગમનો વિયોગ હોય, ત્યારે નિરંતર આશ્રય-ભાવનામાં રહે છે.

આત્મજ્ઞાન થયા પછી પણ અને તીવ્ર મુમુક્ષુતાના સદ્ભાવમાં પણ આવી સત્સમાગમની ભાવના રહે છે. તેનું પ્રગટ ઉદાહરણ સ્વાનુભાવ પ્રાપ્ત પૂ. નિહાલચંદજી સોગાનીનું છે. જે તેમના જ શબ્દોમાં (દ્રવ્યદૃષ્ટિપ્રકાશ ભાગ-૧)માં નીચે પ્રમાણે છે.

‘‘... પ્રત્યક્ષ તૌર પર મેરા ધાર્મિક સંગ ઈસ સમય દૂર સા હો રહા હૈ ઔર મૈં બહુત સમય સે સોનગઢ નહિ આ સક રહા હૂં. યહ કહના વ્યર્થ હૈ કિ અંતરંગમેં યહાં હોતે હુએ ભી મુજે વહાં કી સ્મૃતિએ, ઐસા કોઈ દિન ન હોગા કિ નહીં આતી રહતી હોવે. પૂ. ગુરુદેવશ્રીકી સ્મૃતિ ઈસ સમય ભી આ રહી હૈ વ આખોંસે ગર્મ-આંસુ આ રહે હૈં કિ ઉનકે સંગ રહના નહીં હો રહા હૈ ।’’ (પત્રાંક નં.-૪)

‘‘... પરંતુ અબ તો વહાં કી (સોનગઢકી) ધૂલકે લિયે ભી તડપના પડતા હૈ । ગુરુદેવકે દૃષ્ટાંત અનુસાર ભભકતી ભટ્ટી મેં ગિરનેકા સા પ્રત્યક્ષ અનુભવ યહાં એક દિનમેં હી માલૂમ હોને લગ ગયા હૈ । ધન્ય હૈ વહાં કે સર્વ મુમુક્ષુ જિનકો સત્પુરુષકા નિરંતર સંયોગ પ્રાપ્ત હૈ.’’ (પત્રાંક-૬)

‘‘... યહાં તો પુણ્યયોગ હી ઐસા નહીં હૈ કિ વહાંકા લાભ શીઘ્ર શીઘ્ર મિલા કરો નિવૃત્તિકે લિયે ઈતના અધિક છટપટતા હૂં ઉતના હી અધિક ઈસસે દૂરસા રહતા હૂં. એસા યોગ અબ કે હો રહા હૈ । કઈ બાર તો ફૂટફૂટકર રોનાસા આ જાતા હૈ. શાયદ હી કોઈ દિવસ નિકલતા હૈ કિ વારંવાર વહાંકા સ્મરણ નહીં આતા હોવે ।...’’ (પત્રાંક-૮)

ઉપરોક્ત પત્રોમાં તેમની સત્સમાગમની ભાવના વ્યક્ત થાય છે. સાથે સાથે પુણ્યયોગના અભાવને લીધે, સત્સમાગમથી દૂર રહેવું પડે છે. તેની વેદના કેવી રહે છે તે પણ વ્યક્ત થાય છે. અને ‘‘સોનગઢની ધૂળ માટે પણ તડપવું પડે છે.’’ તેમાં કેટલી ભક્તિ ભરી છે. તે વિષય અનોખા પ્રકારે તેમના બીજા પત્રોમાં પણ અત્યંત ભાવવાહી શૈલીમાં પ્રકાશિત થયો છે.

વળી, આ વાત આગમપ્રસિદ્ધ છે કે એક જ્ઞાની પ્રત્યેના વિરોધમાં અનંત જ્ઞાનીનો વિરોધ છે. અને પ્રત્યક્ષ એવા એક જ્ઞાનીના સમ્યક્ આદરમાં અનંત જ્ઞાનીઓનો આદર છે. આ વ્યવહારથી છે. આ વિષયને નિશ્ચયથી વિચારવામાં આવે તો કોઈ પણ જ્ઞાનીના અનાદર કાળે નિશ્ચયથી પોતાના આત્મસ્વરૂપનો અનાદર વર્તે છે. ને પ્રત્યક્ષ-જ્ઞાનીની આજ્ઞા સર્વાર્પણપણે આરાધતાં સ્વભાવનો આદર થાય છે કારણ કે જ્ઞાનીની વિરાધના તીવ્ર દર્શનમોહાવેશને લીધે થાય છે. અને તે કાળે પરિણામ પ્રચુર મલિન થાય છે. તે જ રીતે જ્ઞાનીના પરમ આદરભાવમાં મુમુક્ષુને દર્શનમોહની મંદતા ભજે છે. અને તે સ્થિતિમાં તે (જ્ઞાનીનો) બોધગ્રહણ કરવાની યોગ્યતા-પાત્રતામાં આવે છે. આ જ કારણથી સત્શાસ્ત્રોમાં ઠામ ઠામ સત્સમાગમ ઉપર ભાર દેવામાં આવ્યો છે. મુમુક્ષુની ભૂમિકામાં તે ભૂમિકાની નિર્મળતા થવાનો હેતુનું આ રહસ્ય છે, તેથી તે જરા પણ ઉપેક્ષા કરવા યોગ્ય નથી

કે ગૌણ કરવા યોગ્ય નથી. તેમ ઊંડી વિચારણા કરતાં જણાય તેવું છે. અગમ-અગોચર એવો નિર્વાણ-માર્ગ પોતાની મેળે, જ્ઞાનીના આશ્રય વિના શોધવો અશક્ય છે. બહારમાં અસત્પ્રસંગો અને પાંચ ઈન્દ્રિયના વિષયોના ફેલાવાનો ઘેરાવ જોતાં, શાસ્ત્રથી ધારેલો બોધ અને પરિણામ સ્થિર રહેવાં વિકટ છે. તેમ પાત્રતા અને યોગ્યતાવાળા જીવને પણ સમજાય છે.

વળી, આવા પ્રત્યક્ષ સત્સમાગમ કાળે, જ્ઞાની પુરુષ સાથે લૌકિક પ્રશ્નોત્તર અને અપ્રયોજનભૂત વિષયમાં ખાસ કોઈ કારણ વિના પડવું જોઈએ નહિ, કારણ કે તેમ થતાં પારમાર્થિક વિષય અને પ્રયોજન ગૌણ થાય છે.

વળી, જ્ઞાની પુરુષનાં વચનને લૌકિક આશયમાં ન ઉતારતાં, અલૌકિક દૃષ્ટિએ વિચારવા યોગ્ય છે. ક્યારેક ઉપર ઉપરથી સાધારણ દેખાતી વાત પણ ઊંડા પરમાર્થ પ્રત્યે લઈ જનારી હોય છે. એવું જ્ઞાનીનું વચન-ગાંભીર્ય નિરંતર લક્ષમાં રાખવા યોગ્ય છે. સર્વ જીવોને હિતકારી એવી જ્ઞાનીની વાણીને કાંઈ પણ આત્માર્થ સિવાયના–એકાંત દૃષ્ટિકોણથી ગ્રહણ ન કરાય, તેની અત્યંત સાવધાની રાખવા યોગ્ય છે, નહિ તો અહિત થવાની સંભાવના છે. તે કારણથી મુમુક્ષુ જીવને અલ્પકાળે અને અલ્પપ્રયાસે સર્વસાધન સિદ્ધ થવાનું અને અનેક પ્રકારે અનિષ્ટોથી બચવાનું કારણ જોઈને પોતાનું ચિત્ત સત્પુરુષ પ્રત્યેની આશ્રય ભાવનામાં વર્તે છે.

વળી, શ્રીગુરુનો ઉપદેશ લાયક જીવને – સર્વપ્રકારે આત્માર્થપોષક હોય છે. તેમાં સંસારથી ભયભીત જીવોને કોઈ પણ પ્રકારે શંકા ન થાય (અર્થાત્ શંકા કરનાર ભવ-ભ્રમણથી પ્રત્યક્ષ બીતો નથી, તેમ સમજવા યોગ્ય છે.) કે ગુરુ આમ કેમ કહે છે ? તરત અને સીધું ન સમજાય તેવું વચન હોય ત્યાં ગુરુનો આશય સમજવા શિષ્ય પ્રયત્ન કરે છે. તે પ્રથમથી જ એમ વિચારે છે કે ગુરુ કહે છે તે તો સત્ય જ છે. હું સમજી શકતો નથી – તે મારી સમજણનો દોષ છે. હું માર્ગને જાણતો નથી, અને જાણેલાને સાથે રાખવાને બદલે, તેમના વચન ઉપર શંકા કરું તો એક ડગલું પણ આગળ ભરી શકાય નહિ. અનંત કાળનો અજાણ્યો અંદરનો માર્ગ સૂઝે નહિ. સાચો નિર્ણય મારે પોતે જ કરવાનો છે. પરંતુ તે ગુરુ-વચનના યોગે



સુગમપણે થાય છે. તેમ જાણી ઊંડો ઊતરવાનો પ્રયત્ન કરે, તો તેને તે વચનમાં રહેલો પરમાર્થ અવશ્ય સમજાય છે.

વળી, જ્ઞાનપ્રાપ્તિના બે નિમિત્ત છે. એક શાસ્ત્ર અને બીજા સત્પુરુષ. તુલનાત્મક દૃષ્ટિકોણથી વિચારતા સત્પુરુષને પ્રાધાન્ય આપવા યોગ્ય છે. કારણ કે શાસ્ત્ર પણ સત્પુરુષના યોગે સમજવું સુગમ પડે છે. અનાદિનો દૃષ્ટિ-વિપર્યાસ શાસ્ત્રના મર્મ સુધી પહોંચવામાં બાધક થાય, તે સમજી શકાય તેવું છે. જ્ઞાની પાસેથી શાસ્ત્ર સમજવાની દૃષ્ટિ મળેથી શાસ્ત્ર ખરેખર ઉપકારી થાય છે. સત્‌શાસ્ત્રમાં રહેલાં ગૂઢ રહસ્યો જ્ઞાની પાસેથી જ સમજાય છે. ઘણા લાંબા સમય સુધી સત્‌શ્રુતનું અધ્યયન કરનારને જે લાભ પ્રાપ્ત થવો સંભવે છે તે લાભ પ્રત્યક્ષ સત્પુરુષના સમાગમે અલ્પકાળમાં થઈ શકે છે. આ વિષયમાં શ્રીમદ્‌ રાજચંદ્રજીનાં વચનો ઉલ્લેખનીય છે.

"...ઘણું કરીને સત્પુરુષને વચને આધ્યાત્મિકશાસ્ત્ર પણ આત્મજ્ઞાનનો હેતુ થાય છે. કેમ કે પરમાર્થ આત્મા શાસ્ત્રમાં વર્તતો નથી. સત્પુરુષમાં વર્તે છે..." (પત્રાંક-૭૦૬)

શ્રીમદ્‌જીએ ઉપરોક્ત વચનોમાં ગૂઢ રહસ્ય મૂકી દીધું છે. જે સત્પુરુષો આત્મદશાને પામ્યા છે, તેમનામાં "પરમાર્થ આત્મા વર્તે છે." એમ બતાવીને આત્મ-પ્રાપ્તિની ભાવનાવાળાને સાધવા યોગ્ય એવો જે વીતરાગ ભાવ, તેને પ્રગટ બતાવેલ છે, અને અધ્યાત્મ-શાસ્ત્ર પણ પોતાની દૃષ્ટિએ અધ્યયન કરવાને બદલે સત્પુરુષથી પ્રાપ્ત દૃષ્ટિકોણપૂર્વક જો અધ્યયન કરવામાં આવે તો આત્મજ્ઞાનનો હેતુ પ્રાયઃ થાય છે. તે ખાસ લક્ષમાં લેવા યોગ્ય છે.

વળી, જીવમાં સ્વચ્છંદ નામનો મહાદોષ ઉત્પન્ન થાય છે, તેની જીવને ખબર પડતી નથી, તેથી આ દોષ ટળવો અત્યંત દુષ્કર છે. આ ભયંકર દોષ મુમુક્ષુની ભૂમિકામાં થતો હોવાથી, તેનું સ્વરૂપ જાણી, તેને છેદવાનો ઉપાય અવશ્ય કર્તવ્ય છે.

જ્યાં સુધી સ્વછંદરૂપી અંધત્વ છે, ત્યાં સુધી સત્પુરુષનાં વચનોમાં અચળ પ્રેમ થતો નથી. અથવા તે વચનોની નિઃશંક પ્રતીતિ આવતી નથી. જ્ઞાનીનાં વચનોને પરમ આદરથી અવધારવાને બદલે સ્વચ્છંદને લીધે શાસ્ત્રજ્ઞાન

સંબંધી પોતાના ક્ષયોપશમ વિશેષના કારણે ''હું સમજું છું.'' તેવા ભ્રમને લીધે તેને ગૌણ કરે છે. અથવા કદાચિત્ તે વચનોની સમીચીનતા વિષે તેને શંકા રહે છે. અથવા કદાચિત્ શાસ્ત્રપરંપરાથી તેને ફેરફાર દેખાય છે. અર્થાત્ ભૂલ જણાય છે, અને તેથી અપૂર્વ વિનયથી તે સમાગમમાં રહેવાને બદલે પોતાની સમાન સત્પુરુષને વિષે કલ્પના રહ્યા કરે છે, અને તે કલ્પનાવશ જે માર્ગ સત્પુરુષ બતાવી રહ્યા છે, તે માર્ગનું દર્શન તેને થતું નથી. અનંતકાળમાં ધર્મ પામવાની ઇચ્છાથી જીવે અનંત સાધન કર્યા છે. તેમાં જે કાંઈ ક્ષતિ રહી ગઈ છે તે આ પ્રકારની રહી ગઈ છે. શ્રીમદ્જીએ સત્ય જ કહ્યું છે કે –

``અનંતકાળથી આથડ્યો, વિના ભાન ભગવાન,
સેવ્યા નહિ ગુરુ સંતને, મૂક્યું નહિ અભિમાન,
સંત ચરણ આશ્રય વિના, સાધન કર્યાં અનેક,
પાર ન તેથી પામીઓ, ઊગ્યો ન અંશ વિવેક."

ઉપરોક્ત પદોનો અર્થ સુગમ છે. છતાં માર્મિક છે, અને લક્ષમાં લેવા યોગ્ય છે. આ મહા દોષ પ્રત્યક્ષ સત્પુરુષના આશ્રયે સહજમાત્રમાં નાશ પામવા યોગ્ય છે. તેમ જાણી શ્રીમદ્જીએ કહ્યું છે કે :-

માનાદિક શત્રુમહા, નિજ છંદે ન મરાય,
જાતાં સદ્ગુરુ શરણમાં, અલ્પ પ્રયાસે જાય.

સ્વચ્છંદ એ માન-કષાયનો જ પ્રકાર છે, અને મનુષ્યગતિમાં તેનું બળવાનપણું રહે છે. અર્થાત્ મનુષ્ય પ્રાણી બીજા કષાયને છોડી શકે છે. તેટલી સહેલાઈથી માન છોડી શકતો નથી, અને તેથી માર્ગ-પ્રાપ્તિનું બળવાન કારણ જે યોગ્યતા-તે રોકાઈ જાય છે. પૂ. બહેનશ્રીનાં આ વિષયમાં નીચેનાં વચનામૃતો અત્યંત ઉપકારી છે.

''આત્માર્થીને શ્રીગુરુના સાન્નિધ્યમાં પુરુષાર્થ સહેજે થાય છે. 'હું તો સેવક છું' તેવી દૃષ્ટિ રહેવી જોઈએ. 'હું કાંઈક છું.' એમ થાય તો સેવકપણું છૂટી જાય છે. સેવક થઈને રહેવામાં લાભ છે. સેવકપણાનો ભાવ ગુણ-સમુદ્ર આત્મા પ્રગટવાનું નિમિત્ત થાય છે.'' – ૩૩૪



ઉપરોક્ત વચનામૃતમાં શ્રીગુરુના શરણમાં વિનમ્રભાવે રહેતાં સર્વ પ્રકારના દોષ મટવામાં અને આત્માના સર્વ ગુણો પ્રગટ થવામાં કાંઈ અવરોધ રહેતો નથી. જ્ઞાનીના માર્ગે આગળ વધવામાં – ''ગુરુ શરણ - વિનમ્ર પરિણામે'' ઉપાસતા માર્ગ સરળ અને નિષ્કંટક થઈ જાય છે, તે નિઃશંક છે. વિનમ્રતાને સ્પષ્ટ કરતાં તેઓ કહે છે કે ''હું કાંઈક છું.'' - એમ સૂક્ષ્મ પણ માન સેવાય, ત્યાં નમ્રતા અર્થાત્ સેવકપણું રહેતું નથી, અને સ્વચ્છંદ નામનો મહાદોષ ત્યાં અસ્તિત્વ ધારણ કરે છે. તેમ ખચિત જાણવું જોઈએ.

વળી, તેઓ વચનામૃત આંક-૩૩૩માં આત્માર્થી જીવને જાગ્રત કરે છે કે -

''ચેતીને રહેવું. 'મને આવડે છે' એમ આવડતની હૂંફના રસ્તે ચડવું નહિ. વિભાવના રસ્તે તો અનાદિથી ચડેલો જ છે. ત્યાંથી રોકવા માથે ગુરુ જોઈએ. એક પોતાની લગામ અને બીજી ગુરુની લગામ હોય તો જીવ પાછો વળે. આવડતના માનથી દૂર રહેવું સારું છે. બહાર પડવાના પ્રસંગોથી દૂર ભાગવામાં જ લાભ છે. તે નિઃસાર છે. સારભૂત એક આત્મસ્વભાવ છે.''

''ઉપરોક્ત વચનામૃતમાં પ્રસ્તુત પ્રકરણ સંબંધી નિમિત્ત-ઉપાદાનની સંધિ રહેલી છે. જે મુમુક્ષુ જીવ નિજહિતને વિષે જાગ્રત છે, તે (જે કાંઈ આવડત હોય તોપણ) આવડતની હૂંફે ચડતો નથી અર્થાત્ કોઈ પણ પ્રકારના પર્યાય-પ્રાપ્ત વિકાસના અવલંબને તે પરિણમતો નથી. પોતાથી મહાન ગુરુના સાન્નિધ્યનું ભાન જ તેને પોતાની ગુરુતા દબવનાર નીવડે છે. તેને પોતાને પણ દોષિત પરિણામ અંગે જાગ્રત રહીને પોતાની લગામનો ઉપયોગ છે. સાથે જ હિતકારી એવા ગુરુની આજ્ઞા અને માર્ગદર્શનરૂપી લગામ હોવાથી, શુદ્ધ નિમિત્ત અને શુદ્ધ ઉપાદાનની સંધિ થાય છે. અને તેથી અવશ્ય કાર્ય સિદ્ધ થાય છે. આવો મુમુક્ષુ જીવ બરાબર સમજે છે કે-માન અને માનના પ્રસંગોથી દૂર રહેવામાં જ લાભ છે. તેથી તેની વૃત્તિ તેવા ઉદયના પ્રસંગોથી દૂર રહેવા ચાહે છે. અર્થાત્ અત્યંત જાગૃતિમાં તેવા પ્રસંગે તે વર્તે છે.

અંદરમાં (સમજણમાં) માનના પ્રસંગને નિઃસાર અને નિર્મૂલ્ય સમજે છે. સાથે જ આત્મસ્વભાવ અને ગુરુની મહાનતાનું લક્ષ, તેને વિભાવમાં અને માનમાં ન ખેચાવામાં કારણભૂત થાય છે.

આ જગતમાં લૌકિક-માન મેળવવા જીવો અનેક પ્રકારે કષ્ટ વેઠીને પણ-માનરૂપી-ઝાંઝવાના જળની પાછળ દોટ મૂકીને દુઃખી થાય છે. ત્યારે અલૌકિક-માર્ગનો અભિલાષી જીવ તેથી વિપરીત દિશામાં ભાગે છે. આવા અલૌકિક ગુણને પ્રાપ્ત કરવાનો ઉપરોક્ત વચનામૃતમાં ઉપદેશ છે. તે મુમુક્ષુ જીવને મહા હિતકારી છે.

વળી, સૂક્ષ્મપણે રહી જતા સ્વછંદના વિષયમાં પણ વિચારવા યોગ્ય આ એક પ્રકાર છે કે મુમુક્ષુ જીવને પ્રત્યક્ષ-જ્ઞાની પુરુષનો યોગ થાય છે. ત્યારે પણ પ્રાયઃ તેને ''ખરા આત્મભાવે માહાત્મ્યબુદ્ધિ'' થતી નથી, અને તેથી તે પોતાની અલ્પતા અને લઘુતા વિચારી શકતો નથી. આ સ્થિતિમાં તેને સત્પુરુષનાં વચનોનો આશય, યથાયોગ્ય-પ્રકારે સમજાતો નથી. ત્યાં પરમ આદરભાવના અભાવને લીધે, કિંચિત્ ઉપેક્ષાનો સદ્ભાવ વર્તી જાય છે, તેની તેને ખબર પડતી નથી, અને પરિભ્રમણનું મૂળ કારણનો નાશ થવાના પ્રસંગને તે ચૂકી જાય છે. અર્થાત્ આવા સૂક્ષ્મ સ્વછંદમાં જીવ વર્તે છે, ત્યારે તે જીવ પ્રત્યક્ષપણે પરિભ્રમણથી ભય પામતો નથી. એમ જ વિચારવા યોગ્ય છે. આ પ્રકારનું લક્ષ જીવને ખાસ થાય તો સર્વ શાસ્ત્રાર્થ અને આત્માના હિતનું પ્રયોજન સિદ્ધ થવું સંભવે છે. અને ત્યારે જ જ્ઞાનીના વચનનો દૃઢ આશ્રય થઈને અન્ય સર્વ સાધન સાર્થક થાય છે. આવો સિદ્ધાંત છે. જે ત્રણે કાળે માર્ગ-પ્રાપ્તિ કરનાર જીવોએ સેવ્યો છે, સેવે છે, અને સેવશે. વળી, બાહ્ય પદાર્થોની મહત્તા ભૌતિકસુખની ઇચ્છાને લીધે જીવને રહ્યા કરે છે. આ આત્માનો સ્વભાવ આનંદને ભોગવીને તૃપ્ત થવાનો છે. તેથી જ્યાં સુધી અંતરના નિજાનંદને ભોગવી પરિતૃપ્ત દશા પ્રગટ ન થાય ત્યાં સુધી બહારમાંથી તે આનંદ મેળવવા નિરંતર ઈચ્છાવાન રહે છે. આ સ્થિતિમાં આત્માના અંતરના આનંદને પ્રાપ્ત કરવાની વિધિથી અજાણ એવા જીવને, બાહ્ય પદાર્થ અને તે પ્રત્યે વર્તતા પરિણામના અધિકાઈ



વર્ત્યા કરે છે. પરંતુ આત્મદશાને પામીને યથા પ્રારબ્ધપણે, વીતરાગધારાપૂર્વક વર્તે છે, એવા જ્ઞાની પુરુષની ઓળખાણ થતાં તે જીવને બાહ્ય પદાર્થોની મહત્તા દૃષ્ટિમાંથી ચાલી જાય છે. તેથી તે-તે બાહ્ય પદાર્થોને કારણે તેના પરિણામમાં ક્લેશ થતો નથી. માન-અપમાન મનની એક કલ્પના સમજાય છે. ભૌતિકસુખ એક ભ્રાંતિ છે. તેમ સમજાય છે. આમ સત્પુરુષની ઓળખાણ થતાં જીવને સન્માર્ગમાં અવરોધ રૂપ કારણો દૂર થાય છે, અને તેના પરિણામમાં બોધ-બીજને યોગ્ય ભૂમિકા થાય છે. જ્યારે ઉપરોક્ત જ્ઞાની પુરુષનો અત્યંત દુર્લભ એવો યોગ થવા છતાં જો જીવને ઓળખાણ પડતી નથી, અને પોતાના પરમહિતની પ્રતીતિ આવતી નથી, તેથી તેનો જ્ઞાની પ્રત્યે દૃઢ આશ્રય પામતો નથી. કદાચિત્ ઉપદેશ વચનોની ધારણા થાય છે, પરંતુ ઉપદેશ પરિણમ્યા વિના સમ્યક્દર્શનની પ્રાપ્તિ થતી નથી. જોકે આ કાળમાં આવા મહાત્માઓનો યોગ અત્યંત દુર્લભ છે. તેમાં સંશય નથી. પરંતુ આત્માર્થી જીવોનો યોગ બનવો પણ કઠણ છે. ત્યાં કદાચિત્ પૂર્વના મહા પુણ્યોદયે દુર્લભ એવો સત્પુરુષનો સમાગમ પ્રાપ્ત થાય તો પરમહિતબુદ્ધિથી તેમાં પ્રવર્તવું જોઈએ અને પ્રાપ્ત સત્સંગની, (જરા પણ) કારણો ખાતર ઉપેક્ષા ન થાય તેની સાવધાની રાખવી જોઈએ. જીવે મુખ્યમાં મુખ્ય આ વાત વિશેષ ધ્યાન આપવા જેવી છે-કે સત્સંગ થયો હોય તો, સત્સંગમાં સાંભળેલ શિક્ષાબોધ પરિણામ પામીને જીવનમાં ઉત્પન્ન થયેલ મિથ્યા આગ્રહ-કદાગ્રહાદિ દોષો છૂટી જાય કે જેથી તે મુમુક્ષુના પરિચયમાં આવનાર બીજા જીવોને અવર્ણવાદ કરવાનો પ્રસંગ તો ન આવે, ઊલટું એમ થાય કે ખરેખર આ જીવને કોઈ મહાપુરુષ મળ્યા છે, અને તેથી જ તે અત્યંત સરળતાથી વર્તી શકે છે. તેથી બીજાને પણ તે મહા પુરુષના સમાગમનું આશ્ચર્ય સમેત આકર્ષણ ઊભું થવાનું નિમિત્ત બને. શ્રીમદ્ રાજચંદ્રજીએ સત્ય જ કહ્યું છે કે :-

''જીવને સ્વરૂપ જાણ્યા સિવાય છૂટકો નથી. ત્યાં સુધી યથાયોગ્ય સમાધિ નથી. તે જાણવા માટે ઉત્પન્ન થવા યોગ્ય મુમુક્ષુતા અને જ્ઞાનીનું ઓળખાણ એ છે. જ્ઞાનીને જે યથાયોગ્યપણે ઓળખે છે તે જ્ઞાની થાય છે. ક્રમે કરીને

જ્ઞાની થાય છે.'' (પત્રાંક-૩૮૭)

વળી, પત્રાં-૭૬માં તેઓ ફરમાવે છે કે ''બીજું કાંઈ શોધમાં માત્ર એક સત્પુરુષને શોધીને (ઓળખીને) તેના ચરણ કમળમાં સર્વભાવ અર્પણ કરી દઈ વર્ત્યો જા પછી જો મોક્ષ ન મળે તો મારી પાસેથી લેજે.''

ઉપરોક્ત વચનામૃતોમાં, જ્ઞાની થવા માટે સુલભ ઉપાય બતાવ્યો છે કે જ્ઞાનીને ઓળખીને તેમના સત્સમાગમમાં પૂરી અર્પણતા અને બહુમાનથી વર્તતા અવશ્ય જ્ઞાન-પ્રાપ્તિ થશે જ કે જે મોક્ષનું અનન્ય કારણ છે. અતિ સુંદર મૌલિક શૈલીમાં ઉપરનાં વચનો શ્રીમદ્જીએ પ્રકાશ્યાં છે.

ઉપરના સર્વ વિસ્તારનું તાત્પર્ય એ છે કે વિદ્યામાન જ્ઞાનીનો યોગ, આત્માર્થી જીવ માટે જેનું કોઈ પ્રકારે મૂલ્ય ન થઈ શકે તેટલો ઉપકારી પ્રસંગ છે. અંતરંગ નિસ્પૃહતાધારી એવા સત્પુરુષો, જગતને એક વટેમાર્ગુની માફક આત્મ-કલ્યાણનો માર્ગ દર્શાવતા જાય છે. આવા જ્ઞાનીની ઓળખાણ અને પ્રતીતિ યોગ્યતાવાળા મુમુક્ષુજીવને થાય છે. તે માટે યોગ્ય મુમુક્ષુતા ન હોય તો અનાદિની બાહ્ય દૃષ્ટિને લીધે જીવને પ્રતીતિ અને ઓળખાણ પડતી નથી. અને તેથી તેવા જીવો ભ્રમથી અજ્ઞાનીની વિદ્વત્તા અને વક્તાપણામાં મોહ પામે છે, અને અજ્ઞાનીનું અનુસરણ કરે છે અર્થાત્ જ્ઞાનીના યોગથી વંચિત રહી જાય છે. અત્રે એ સ્પષ્ટ કરવા યોગ્ય છે કે વિદ્વત્તા અને જ્ઞાન તે એક નથી. પણ જુદી જુદી વાત છે. કારણ વિદ્વત્તા હોય છતાં જ્ઞાન (આત્મજ્ઞાન) ન હોય. સાચી વિદ્વત્તા તે છે કે જે આત્માર્થે હોય. જેનાથી આત્માર્થ સરે અથવા આત્મત્વ સમજાય - પમાય - તે જ સાચી વિદ્વત્તા છે. જ્યાં આત્માર્થ હોય ત્યાં જ્ઞાન પ્રગટ થવું સંભવે છે. વિદ્વત્તા હોય કે ન હોય. આ પ્રકારે પરમાર્થમાર્ગમાં આત્મજ્ઞાનની કિંમત છે. વિદ્વત્તાની કિંમત નથી. વિદ્વત્તા કે વિદ્વત્તા અંગેની પ્રતિષ્ઠાથી જીવ સંસારને તરી શકતો નથી. જ્યારે જીવ જ્ઞાનથી સમસ્ત સંસારને તરી જાય છે. અને તેથી તેની જ કિંમત છે.

શાસ્ત્રમાં જ્ઞાનના અધિકારમાં અનેક નય કહ્યા છે. તે સર્વ નયોમાં એક આત્માર્થ છે તે જ સાચો-ખરો નય છે. નહીં તો નયજ્ઞાન જીવને



વિકલ્પની જાળરૂપ થઈ પડે છે. અર્થાત્ ગૂંચવણમાં પડવાનું કારણ થઈ પડે છે. તો કોઈ ને તે પ્રકારના ક્ષયોપશમ વિશેષમાં અહંકાર વધવાનું સ્થાન થઈ જાય છે. જ્ઞાન તો તે છે કે જેનાથી બાહ્યવૃત્તિ સંબંધિત રસ રોકાય, સંસારી પ્રસંગોમાં ખરેખર પ્રીતિ ન થાય, અને જેનાથી આત્મામાં ગુણ પ્રગટે, તેનું નામ જ્ઞાન.

## (૩) સ્વરૂપનો યથાર્થ નિર્ણય :-

યોગ્ય મુમુક્ષુતાના સદ્ભાવમાં, મહામંગલકારી પ્રત્યક્ષ યોગરૂપ સત્સમાગમમાં આત્માર્થી જીવ સહજમાત્રમાં પોતાના જ્ઞાયકસ્વરૂપનો યથાર્થ નિર્ણય કરી શકે છે કે જેને લીધે ભેદજ્ઞાન પ્રગટે અને સ્વાનુભવ થાય, અન્યથા પરલક્ષી જ્ઞાનમાં ક્ષયોપશમમાં માત્ર ધારણા રહી જાય છે. પરંતુ તેવી ધારણાથી આગળ વધાતું નથી અર્થાત્ મોક્ષમાર્ગમાં પ્રવેશ થઈ શકતો નથી.

આ રીતે આત્માર્થીની ભૂમિકામાં સ્વરૂપનો યથાર્થ નિર્ણય, નિર્ણયની દિશામાં પ્રયત્ન કરનાર જીવને થાય છે.

સ્વરૂપનો યથાર્થ નિર્ણય કહો, સ્વરૂપનું ભાવભાસન અર્થાત્ અવભાસન કહો, આત્મસ્વરૂપનો પ્રતિભાસરૂપ નિશ્ચય કહો તે સર્વ એકાર્થ છે. આ તબક્કે જીવ સ્વરૂપની ઓળખાણથી સ્વરૂપસન્મુખતામાં આવે છે. અર્થાત્ સમ્યક્ત્વ સન્મુખ દશામાં આવે છે.

આત્મસ્વરૂપનો નિર્ણય કરવાના વિષયમાં કલ્પિત નિર્ણય ન થવો જોઈએ તે ખાસ ધ્યાનમાં લેવા યોગ્ય છે.

પ્રાયઃ સમજણ કરવાની ભૂમિકામાં શાસ્ત્રના આધારે મુમુક્ષુ જીવ આત્માનું સ્વરૂપ વિચારી નિર્ણય કરવાનો પ્રયત્ન કરે છે. ત્યારે આત્માના અનેક ગુણધર્મોના ભેદ સંબંધી અને અભેદતા સંબંધી વિકલ્પો લંબાવીને નિર્ણય કરે છે. આવો નિર્ણય (અનાદિથી પરિણામમાં રાગની પ્રધાનતા વર્તી રહી છે. તેવી રાગની પ્રધાનતાવાળી) વિકલ્પની ભૂમિકામાં જ, કરવામાં

આવે છે. તે મન વડે માત્ર કોરી અનુમાનરૂપ કલ્પના કરેલ હોય છે. આવા કલ્પિત નિર્ણયના આધારે આગળ વધી શકાતું નથી. પરંતુ પ્રાયઃ જીવ પોતાની આવી કલ્પનાને શાસ્ત્રોના કથન સાથે મેળવીને તેને જ સત્ય સ્વરૂપનો નિર્ણય સમજી લ્યે છે અને આગળ વધવા માટે વારંવાર શાસ્ત્રોનું અધ્યયન નિર્ણિત જ્ઞાનની દૃઢતા થવા અર્થે કરે છે. તેમજ આત્મામાં એકાગ્રતા કરવા અર્થે ધ્યાન-ચિંતવન આદિ ક્રિયામાં પણ પ્રવર્તે છે. પરંતુ તેથી કાર્ય-સિદ્ધિ થતી નથી. કારણ કે તેને સહજ પુરુષાર્થની ગતિ યોગ્ય દિશામાં (યથાર્થ નિર્ણયના અભાવમાં) ઉત્પન્ન થતી નથી. અર્થાત્ સ્વલક્ષી પરિણામ થતા નથી. આ પ્રકારે નિર્ણયની ભૂલ તે પાયાની ભૂલ છે, અને અનાદિ ભ્રમ તેનાથી ભાંગતો નથી. એટલે કે નિર્ભ્રાંતદર્શનની અનુભૂતિની દશા પ્રગટ થતી નથી. ખરેખર તો તેને આત્માનો નિર્ણય થઈ ગયો છે. તેવો નવો ભ્રમ થયો હોવાને લીધે સ્વરૂપ-જિજ્ઞાસાની વૃત્તિ બંધ થઈ જાય છે. તેથી જિજ્ઞાસુપણામાં, પાત્રતા સહિત નમ્રતા આદિના પરિણામ જળવાતા નથી – પરંતુ તત્ત્વજ્ઞાન સંબંધિત અભ્યાસ ઘણો કરેલ છે, તે પ્રકારનું માન થવાની સંભાવના છે. પરંતુ જ્યાં સુધી સર્વજ્ઞ પરમાત્માએ કહ્યો છે તેવો પૂર્ણ-પરમાત્મા (અસ્તિત્વ) પોતાને અંતરંગમાં ભાસવા ન લાગે ત્યાં સુધી તે વિષયમાં જિજ્ઞાસુ રહીને અંતર્શોધ ચાલુ રહેવી ઘટે છે.

વળી, આત્મસ્વરૂપનો યથાર્થ નિર્ણય ન થાય ત્યાં સુધી જિજ્ઞાસાની ભૂમિકા લંબાય છે. અને તે અપૂર્વ જિજ્ઞાસા જ નિર્ણયને લઈ આવે છે. ત્યારે જિજ્ઞાસાનું કાર્ય પૂરું થાય છે. અને જ્ઞાનમાં અવભાસિત થયેલ આત્મસ્વરૂપની અનન્ય રુચિ પૂર્વક-પુરુષાર્થની સ્ફુરણા ચાલુ થાય છે. આમ યથાર્થ પ્રકારે જિજ્ઞાસાના સ્તરથી આગળ વધવાને બદલે અયથાર્થ નિર્ણયને લીધે, જો જિજ્ઞાસાવૃત્તિ બંધ થાય તો સ્વરૂપના વિષયમાં ઊંડાણમાં જવાની (પહોંચવાની) જ્ઞાનની સૂક્ષ્મતા થતી નથી. ઊલટાનું તેનું જ્ઞાન વધારે સ્થૂળતા ક્રમશઃ ધારણ કરે છે. અને સાથે સાથે જ્ઞાનની શુષ્કતા (આત્મરુચિના અભાવને લીધે) આદિ પ્રકાર પણ ઊપજે છે.

વળી, યથાર્થ પ્રકારે નિર્ણય ન બદલાયો હોવાના કારણે અનાદિ-વિપરીત



નિર્ણય યથાવત્ રહે. તે કારણથી લૌકિક મહત્ત્વવાળી જે જે વસ્તુઓ અને પ્રસંગ છે, તેની મહત્તા અભિપ્રાયમાં ચાલુ રહી જાય છે. તેથી તે ઊલટી દિશાનો પ્રયત્ન ચાલુ રહેવાથી પ્રયત્નની દિશા બદલાતી નથી. અર્થાત્ અનાદિના બાધક કારણની હાનિ થતી નથી. મૂળમાંથી ફેર પડવો જોઈએ તે અહીં નિર્ણયની ભૂમિકામાં પડવો જોઈએ, નહિ તો ધાર્મિક બુદ્ધિથી કરવામાં આવતી અનેકવિધ પ્રવૃત્તિઓમાં પણ યથાર્થતાનો અભાવ રહે છે. જો કે બાહ્ય દેખાવની અપેક્ષાએ સ્વાધ્યાય, પૂજા, ત્યાગ, વ્રત, દાન, યાત્રા આદિમાં કાંઈ અયોગ્ય દેખાવ ભલે ન દેખાય તોપણ ઊંધા અભિપ્રાયના સદ્ભાવમાં, પ્રયોજન અન્યથા થઈ જાય છે. અર્થાત્ આત્માના લક્ષ વિનાની તે પ્રવૃત્તિઓ પ્રયોજનભૂત કાર્ય માટે નિષ્ફળ થાય છે. પ્રાયઃ રુઢિગતપણે, એટલે કે આત્મજાગૃતિના અભાવપૂર્વક તે તે ક્રિયાઓમાં જીવ ગોઠવાઈ જાય છે, અને ઊંડે ઊંડે સંતોષાઈ જાય છે અને તે અનર્થનું કારણ બને છે.

વળી, ધર્મના ક્ષેત્રમાં પ્રવેશ કરનાર જીવ, ભલે લૌકિક પદાર્થોનો ત્યાગ કરીને, અશુભ પ્રવૃત્તિથી દૂર થઈને, દોષ મટાડવાની ઈચ્છાથી અને ગુણ પામવાની ભાવનાથી-શરૂઆત કરે છે. ત્યારે ઉપરોક્ત પર્યાય આશ્રિત પ્રયોજન મુખ્ય હોય છે. પરંતુ પર્યાયમાં ફેરફાર કરવાનું પ્રયોજન હોવા છતાં પણ તે વ્યવહારનયના વિષયમાં જાય છે. અને મુખ્ય તો નિશ્ચય છે. (અર્થાત્ નિશ્ચયનયના વિષયભૂત દ્રવ્યને મુખ્ય રાખવું જોઈએ) તેમ યથાર્થ સ્વરૂપ-નિર્ણય વિના થતું નથી. અને પર્યાય આશ્રિત પ્રયોજન જ એકાંતે મુખ્ય થઈ જાય છે. છતાં તે પ્રયોજન સિદ્ધ થવાની વિધિ તેને હાથમાં આવતી નથી. ધર્મ-પ્રાપ્તિની ઈચ્છાવાળો જીવ પણ જો ક્યાંય પણ પર્યાયની મુખ્યતામાં અટકી જાય, તો ધર્મ કે જે દ્રવ્યની મુખ્યતામાં, દ્રવ્યના આશ્રયે પ્રગટે છે તે પ્રગટ થતો નથી. અર્થાત્ શાસ્ત્રભાષાએ જીવ વ્યવહારનયના પક્ષમાં અટકી જાય છે. આ વ્યવહારનયનો પક્ષ સ્થૂળતા ધારણ કરે છે. ત્યારે તે જીવને કોઈ ને કોઈ બાહ્ય ક્રિયાનો આગ્રહ રહ્યા કરે છે. અને વ્યવહારનયનો સૂક્ષ્મ પક્ષ રહી જાય છે. ત્યારે તે જીવની

દૃષ્ટિ વર્તમાન પર્યાયમાં વર્તતા ઉદયભાવો અને ક્ષાયોપશમિક ભાવો ઉપર રહ્યા કરે છે. અર્થાત્ શાસ્ત્રજ્ઞાનના ઉઘાડની મુખ્યતા અથવા તત્ત્વજ્ઞાન વિષયક કષાયની મંદતાવાળા વિકલ્પોની મુખ્યતા રહી જાય છે. તેમ થવાનું કારણ યથાર્થ સ્વરૂપની (નિજ દ્રવ્ય સ્વભાવની) ઓળખાણ થઈ નહિ તે છે. અત્રે એ સ્પષ્ટ સમજવા યોગ્ય છે કે જ્યાં સુધી વ્યવહારનયના પક્ષનો સદ્ભાવ રહે છે, ત્યાં સુધી મિથ્યાત્વનો ત્યાગ થતો નથી.

વળી, કેટલાક જીવોને એવો પણ પ્રકાર થાય છે કે તે જિનોક્ત શાસ્ત્રોનો અભ્યાસ કરે છે, અને તે અભ્યાસ કરતાં કરતાં તેને એમ સમજાય છે કે એક ત્રિકાળી દ્રવ્યના આશ્રયે શુદ્ધતા-ધર્મ પ્રગટે છે તેથી શાસ્ત્રમાં કહેલ છે. તેવા ત્રિકાળી ધ્રુવ આત્માની જ મુખ્યતા કરવી અર્થાત્ નિશ્ચયનયનો જ પક્ષ કરવો. ઉક્ત કૃત્રિમ નિર્ણય અનુસાર તે વારંવાર ત્રિકાળી ધ્રુવ આત્માના વિકલ્પો કરે છે, અને વાણીમાં પણ ત્રિકાળીની મુખ્યતાવાળાં વચનોનો વધુ પ્રયોગ કરે છે. આ રીતે યથાર્થ સ્વરૂપ નિશ્ચયના અભાવમાં કૃત્રિમ પ્રકારે નિશ્ચયનયનો પક્ષ કરનારને પણ મિથ્યાત્વનો અભાવ થતો નથી. કારણ કે માત્ર નિશ્ચયની મુખ્યતા કરવી જોઈએ, તેવી માત્ર ધારણાથી તે કૃત્રિમ મુખ્યતા કરે છે. પરંતુ નિજાત્મ દ્રવ્યને ઓળખીને, તેની મહિમા પ્રગટ થઈને સહજ મુખ્યતા તેને થઈ નથી. અકૃત્રિમ સહજ આત્મદ્રવ્ય સંબંધિત મહિમા અને પ્રયત્ન પરિણામ સહજ જ થવા યોગ્ય છે. સહજાત્મસ્વરૂપને સહજતા સાથે સુસંગતતા છે. કૃત્રિમતા તો સહજ દ્રવ્યથી વિસંગતતાવાળાં પરિણામ છે. આ પ્રકારે નિશ્ચયનયનો પણ અયથાર્થ પક્ષ કાર્યકારી નથી. અર્થાત્ સમ્યક્દર્શનનું કારણ થતો નથી, તેથી તત્ત્વાભ્યાસ દ્વારા પણ યથાર્થ આત્માનો યથાર્થ નિશ્ચય થવો ઘટે છે. તે કઈ રીતે થાય ? અને તેનું સ્વરૂપ શું છે ? તે વિચારણીય છે.

શ્રી સમયસાર આદિ પરમાગમોમાં પ્રસિદ્ધ છે કે શુદ્ધાત્માનો અનુભવ કરવો. ''પ્રથમ તો (દ્રવ્યશ્રુત) શ્રુતજ્ઞાન દ્વારા જ્ઞાનસ્વભાવી આત્માનો નિશ્ચય કરવો.''

ઉપરોક્ત શાસ્ત્રવચન શ્રીમદ્ અમૃતચંદ્ર આચાર્યદેવનું (સમયસાર



ગાથા-૧૪૪) ની ટીકામાં છે. આ ગાથાનો વિષય પક્ષાતિક્રાંત થઈને શુદ્ધાત્માનો નિર્વિકલ્પ અનુભવ કરવા સંબંધિત છે. ગાથા નીચે પ્રમાણે છે.

**સમ્યક્ત્વ તેમજ જ્ઞાનની, જે એકને સંજ્ઞા મળે,**
**નયપક્ષ સકલ રહિત, ભાખ્યો તે 'સમયનો સાર' છે. ૧૪૪.**

અહીં સમ્યગ્દર્શન અને સમ્યક્જ્ઞાનરૂપ આત્માની પ્રગટ પ્રસિદ્ધિ નયપક્ષ રહિતના પરિણામ સ્વરૂપ છે તે સ્પષ્ટ છે. અને તે થવા પૂર્વે દ્રવ્યશ્રુતના અવલંબને જ્ઞાનસ્વભાવી આત્માનો નિશ્ચય કરવા આચાર્યદેવનું ફરમાન છે. આ વિષયમાં આત્માનું સ્વરૂપ લક્ષગત કરાવવા અર્થાત્ લક્ષણની પ્રસિદ્ધિ વડે લક્ષ્યની પ્રસિદ્ધિ કરાવવાના હેતુથી સમયસાર પરિશિષ્ટમાં આત્માનું લક્ષણ જ્ઞાન છે. તેમ ચર્ચા દ્વારા સિદ્ધ કર્યું છે. તેથી જ્ઞાન-લક્ષણથી આત્માને ઓળખી શકાય છે. કારણ કે જ્ઞાન-અવ્યાપ્તિ અને અતિવ્યાપ્તિદેષ વિનાનું આત્માનું લક્ષણ છે. જોકે આત્મામાં અનંત ગુણો છે, પરંતુ તેમાં કેટલાક તો સાધારણ છે, તેથી અતિવ્યાપ્તિવાળા છે. જેમકે અસ્તિત્વ, પ્રમેયત્વ વગેરે તેથી તેમનાથી (ભિન્ન) આત્મા ઓળખી શકાય નહિ, વળી કેટલાક ધર્મો પર્યાયાશ્રિત છે. કોઈ અવસ્થામાં હોય છે અને કોઈ અવસ્થામાં નથી હોતા. જેમ કે રાગ વગેરે. તેથી તેઓ અવ્યાપ્તિવાળા છે. તેમનાથી પણ આત્મા ઓળખી શકાય નહિ. જોકે આનંદ આત્માનો અસાધારણ ગુણ છે. પરંતુ તેની દુઃખરૂપ વિપરીત પર્યાય પ્રગટ છે, તેથી તેનાથી પણ મૂળ સ્વભાવ ઓળખાય નહિ. ચેતના જોકે આત્માનું અવ્યાપ્તિ અને અતિવ્યાપ્તિદોષ રહિત લક્ષણ છે પરંતુ તે પારિણામિકભાવ હોવાને લીધે શક્તિરૂપે છે. તેથી તે અવ્યક્ત અર્થાત્ અદૃષ્ટ છે, તેથી ઓળખવા માટે તેનું વ્યક્ત સ્વરૂપ ન હોવાથી માત્ર કલ્પના કરવાનું થાય, તેમાં ઓળખાણ ન થાય અર્થાત્ સ્વરૂપ પ્રતિભાસે નહિ, પરંતુ તેની (ચેતનાની) વ્યક્તિ દર્શન અને જ્ઞાન છે તેમાં પણ દર્શનનો પર્યાય અત્યંત સૂક્ષ્મ અને નિરાકાર છે. તેથી તે પ્રગટ ખ્યાલમાં આવે તેમ અનુભવગોચર થતું નથી. જ્યારે જ્ઞાન સાકાર છે અને અનુભવગોચર છે તેમજ જ્ઞાનની પ્રગટ દશામાં જ્ઞાનસ્વભાવ પણ વ્યાપ્ત છે. જેવો જ્ઞાનસ્વભાવ જ્ઞાનની વ્યક્ત પર્યાયમાં વ્યાપેલો છે. તેવો જ

જ્ઞાનસ્વભાવ સામાન્ય અવ્યક્ત દ્રવ્યમાં વ્યાપેલો હોવાથી જ્ઞાન દ્વારા જ આત્મસ્વભાવ ઓળખી શકાય છે. તેથી સમયસાર આદિ પરમાગમોમાં જ્ઞાનને જ મુખ્ય કરીને આત્માનું તત્ત્વ કહ્યું છે. અર્થાત્ આ કારણે જ શાસ્ત્રોમાં આત્માનો જ્ઞાનમાત્રપણે વ્યયદેશ છે.

સ્વરૂપપ્રાપ્તિની ઊંડી ભાવના, અને અપૂર્વ અંતરજિજ્ઞાસા-સહિત આત્મસ્વરૂપનો નિર્ણય કરવા અર્થે, દ્રવ્યશ્રુતનું અવલંબન મોક્ષાર્થી જીવ પ્રાયઃ લ્યે છે, તેમાં મુમુક્ષુની ભાવના કેવી હોય ? તેનું સ્વરૂપ આગળ કહેવાઈ ગયું છે. તે પ્રકારે ખરી ભાવનાપૂર્વકની અપૂર્વ અંતરજિજ્ઞાસા (માત્ર માહિતી મેળવવાની ઉપર-ઉપરની જિજ્ઞાસા નહિ)નું સ્વરૂપ સમજવા યોગ્ય છે. પૂ. ગુરુદેવ આ સંબંધમાં કહે છે કે -

"સિંહ ચારે કોર ફરતા હોય ને જેમ ઊંઘ ન આવે. હથિયારબંધ પોલીસ પોતાને મારવા ફરતો હોય ને જેમ ઊંઘ ન આવે – તેમ તત્ત્વનિર્ણય (સ્વરૂપનો નિર્ણય) ન કરે ત્યાં સુધી એને સુખેથી ઊંઘ ન આવે." (પરમાગમસાર વચનામૃત આંક-૯૦)

આ રીતે ખરી જિજ્ઞાસાના કાળમાં એક એવો અજંપો ઊભો થાય કે - ક્યાંક ચેન ન પડે, ઊંઘ પણ ઊડી જાય અથવા ઘટી જાય અને અંદરમાં વૃત્તિ સ્વરૂપ – શોધમાં જ ફર્યા કરે. ત્યારે દ્રવ્યશ્રુત ઉપરથી પણ લક્ષ હટીને તેનું જે વાચ્ય – પોતાનું સ્વરૂપ છે તેના ઉપર લક્ષ જાય. આવી જિજ્ઞાસુની ભૂમિકાના કાળમાં જો પ્રત્યક્ષ જ્ઞાની – ગુરુનો યોગ મળે તો તે મહદ્ ભાગ્ય છે. કારણ કે પાત્રતાવશ પરમસત્‌ના દાતાર પ્રત્યે મુમુક્ષુ જીવને અત્યંત બહુમાન અને ભક્તિના પરિણામ થઈ આવે છે. અને પૂરી અર્પણતા ઉત્પન્ન થવાથી અન્ય સર્વ વિષયોમાં પરિણામો નીરસપણાને પામે છે. આ રીતે આત્મ-હિતની અભિલાષાપૂર્વક રાગ-રસમાં નિઃરસ થવામાં, પ્રત્યક્ષ જ્ઞાનીનો યોગ અદ્‌ભુત નિમિત્ત છે. અને તેથી તે ભૂમિકામાં જ્ઞાનની નિર્મળતા થાય છે. આ પ્રકારે સમ્યક્‌ત્વની પૂર્વભૂમિકામાં જ્ઞાનની નિર્મળતા થાય તો સ્વરૂપ અવભાસે છે – તે સિવાય સ્વરૂપનું ભાવ-ભાસન થઈ શકતું નથી.



અનાદિથી જીવને રાગ અને રાગના વિષયમાં સુખાનુભવ-સુખના વિશ્વાસ સહિત છે. પરંતુ ઉપરોક્ત ભૂમિકાની નિર્મળતાને લીધે આ વિશ્વાસ માં (નિર્ણયમાં) તિરાડ પડે છે, અને અંતરમાં પોતાના પરિણમતા ભાવોનું સૂક્ષ્મ અવલોકનનો અભ્યાસ થતાં આ સુખ કલ્પનામાત્ર છે – તેમ સમજાવા લાગે છે. આ રીતે (માત્ર ઉપલક વિચારથી નહિ, પરંતુ) અવલોકનથી સમજવાની પદ્ધતિએ આગળ વધતા મુમુક્ષુને રાગમાં 'આકુળતા લક્ષણ દુઃખ લાગવાની શરૂઆત થાય છે. રાગ સ્વયં દુઃખરૂપ હોવા છતાં પૂર્વગ્રહ અને ભ્રમણાથી તેમાં સુખ લાગતું હતું - તેમાં ભૂમિકાની નિર્મળતા થતાં મૂળમાંથી ફેર પડવાનો શરૂ થાય છે, જે જ્ઞાનને, રાગમાં દુઃખ હોવા છતાં, દુઃખ ન લાગે તે જ્ઞાન ભલે અનેક શાસ્ત્રોના ભણતરવાળું હોય, તોપણ રાગરસની તીવ્રતાને લઈને વિપરીત અને મલિન છે. તેથી દુઃખના સ્થૂળ પરિણામને પણ જેમ છે, તેમ જાણવા સમર્થ નથી તો તે જ્ઞાનમાં સૂક્ષ્માતિસૂક્ષ્મ સ્વભાવ કેમ પ્રતિભાસે ? તેટલું સામર્થ્ય ક્યાંથી હોય ? અર્થાત્ ન જ પ્રતિભાસે. જેમ જે ચાળણીમાંથી ઝીણી રેત ન ચાળી શકાય તે ચાળણીમાં મોટા પથ્થર ચાળી શકાતા નથી.

ઉપરોક્ત પ્રકારે અપૂર્વ અંતરજિજ્ઞાસાને વશ રાગ-રસ ફિક્કો પડતાં જિજ્ઞાસુ જીવ જ્યારે અંતરવિચારની ભૂમિકામાં 'જ્ઞાનની પ્રધાનતામાં' જ્ઞાન સ્વભાવી આત્માનો નિર્ણય કરે છે ત્યારે જ્ઞાન પોતે પોતાના પૂર્ણ સ્વભાવનો પ્રગટ અંશ દ્વારા નિજ અવલોકનથી નિશ્ચય કરે છે. પૂ. ગુરુદેવશ્રીનાં વચનોમાં આ નિર્ણયની વિધિનો પ્રકાર અતિ સુંદર રીતે નીચે પ્રમાણે વ્યક્ત થયો છે.

"જાણનપર્યાય અને જાણનગુણ એવા લક્ષણ વડે આત્માને જાણી શકાય છે. એ એક જ ઉપાય છે. બીજો કોઈ ઉપાય નથી. જ્યાં જ્યાં જાણનપર્યાય છે. ત્યાં ત્યાં અનંતી પર્યાય છે અને જ્યાં જ્યાં જાણનગુણ છે ત્યાં ત્યાં અનંત ગુણ છે અને તે આત્મા છે. એમ નિશ્ચય કરવો જોઈએ." (પરમાગમસાર આંક-૨૨)

ઉપરોક્ત વચનામૃતમાં 'જ્ઞાનદ્વારમાં સ્વરૂપશક્તિને જાણવી" તેવી

વિધિનું નિરૂપણ છે. સ્વરૂપશક્તિ તે લક્ષ્યરૂપ આત્મા છે, અને તેનું લક્ષણ જ્ઞાન છે. આમ ખાસ પ્રકારે આત્માનો નિશ્ચય કરવાની વિધિ છે, તે કઈ રીતે ? તે ઉપરોક્ત વચનામૃતના અનુસાર પોતામાં અવલોકન કરવા યોગ્ય છે.

જાણનપર્યાયરૂપ જ્ઞાનમાં રાગ અને પરજ્ઞેયોનું પ્રતિબિંબ પડે છે. ત્યારે પણ જ્ઞાન-જ્ઞાન સામાન્યપણે તો માત્ર જ્ઞાનરૂપે જેવું ને તેવું છે. અર્થાત્ જાણનપર્યાયરૂપ તે જ્ઞાનમાં રાગાદિનું પ્રતિબિંબ ઊઠતાં જ્ઞાન રાગરૂપે થતું નથી અર્થાત્ તે-તે જ્ઞેયો જ્ઞાનમાં વિકાર ઊપજાવતાં નથી. તેવું જ જ્ઞાનનું અવિકારપણે રહેવાનું અકષાયસ્વરૂપ છે. તે માત્ર જ્ઞાનરૂપ સ્વભાવ આત્મસ્વરૂપ છે. આ રીતે જ્ઞાન પોતે પોતાના જ્ઞાનમાત્ર સ્વરૂપના અવલોકનથી નિશ્ચય કરે, ત્યારે જ્ઞાનની જ્ઞેયથી ભિન્નતા અને નિરપેક્ષતા અવલોકનથી સમજાય છે કે જ્ઞાન જ્ઞાનના આધારે જ છે. સાથે સાથે જ પોતાના અનંત સામર્થ્યનો અને આનંદ સ્વરૂપનો સ્પષ્ટ પ્રતિભાસ આવે છે. આ સ્વભાવનું અવભાસન છે. જ્ઞાનને પોતાના નિજ અવલોકનમાં સ્વલક્ષણભૂત પ્રગટ જ્ઞાનવેદનથી પ્રસિદ્ધ થવા યોગ્ય પોતાનો આત્મા ભાસ્યમાન થાય છે કે જેના ભાસ્યમાન થવાથી મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનની પર્યાયો મર્યાદામાં આવે છે. અર્થાત્ તે-તે વૃત્તિઓ સ્વરૂપ સન્મુખ થાય છે. ત્યારે તે જીવને યથાર્થપણે નિશ્ચયનો પક્ષ બંધાય છે. અર્થાત્ લક્ષ થાય છે. આ સંદર્ભમાં પૂ. ગુરુદેવશ્રીના ઉદ્‌ગારોના ઉલ્લેખ કરવા યોગ્ય છે.

''એક વાર પ્રસન્ન ચિત્તથી ચૈતન્યસ્વભાવ લક્ષગત થયો, એટલે તે (જીવ) નિર્વાણનો જ પાત્ર છે. નિશ્ચયનયનો પક્ષ બંધાણો તે પુરુષને ભલે હજુ (પ્રત્યક્ષ) અનુભવ નથી તોપણ એનું જોર ચૈતન્યસ્વભાવ તરફ વળી રહ્યું છે. આ જ સ્વભાવ છે. એમ સ્વભાવ સન્મુખમાં જ જોર હોવાથી (તે) અનુભવ અવશ્ય કરીને કેવળજ્ઞાન લેવાનો જ છે.''

(પરમાગમસાર-૩૧૪)

ઉપરોક્ત વચનામૃતમાં પૂ. ગુરુદેવશ્રીએ સ્વભાવ સન્મુખ જીવની અનેક વાતો કરી છે. ''પ્રસન્નચિત્તથી સ્વભાવ લક્ષગત થયો'' અર્થાત્ પૂરી જિજ્ઞાસા



અને સ્વરૂપપ્રાપ્તિની એકમાત્ર ભાવનાથી, જ્ઞાનલક્ષણ દ્વારા સ્વભાવ લક્ષગત થતાં તેને નિર્વાણનો પાત્ર કહેલ છે. ત્યાં દર્શાવવાની ભાગ્યે જ જરૂર છે કે તે સમ્યક્ત્વ અવશ્ય પામશે જ. વળી તે જીવનું જોર એટલે કે પુરુષાર્થ સહજપણે જાગ્રત થઈને સ્વભાવ તરફ વળી રહેલ છે. આ એક અસાધારણ ફેરફાર અનુભવ થયા પહેલાં થાય છે. – આવો પ્રકાર અનુભવ પ્રાપ્ત કરવાવાળા જીવને જ ઉત્પન્ન થાય છે. આ સિવાય બીજા કોઈ પ્રકારે સમ્યક્ત્વની દિશામાં પરિણામ આગળ વધે તેવું બનતું નથી. અર્થાત્ શાસ્ત્ર અનુસાર આત્માના સ્વરૂપ સંબંધી-રાગની પ્રધાનતામાં, દ્રવ્ય-ગુણ-પર્યાય, ઉત્પાદક-વ્યય-ધ્રુવ, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ અથવા ગુણ-ગુણી ભેદના વિચારથી નિર્ણય કર્યો હોય તેવા પરલક્ષી ધારણા જ્ઞાનના નિર્ણયમાં-સ્વભાવ સન્મુખનો પુરુષાર્થ ઉત્પન્ન થતો જ નથી. ત્યાં સમજણનો પ્રકાર ભલે શાસ્ત્રો સાથે મેળ ખાતો દેખાય છે. અને તે ઉપરાંત ન્યાયયુક્તિ, તર્ક અને નય-પ્રમાણનું જ્ઞાન આગમ અનુસાર મેળવાળું દેખાય છે તોપણ સહજ પુરુષાર્થ કેમ ઉત્પન્ન થતો નથી ? આવી તે જીવને પોતાને જ સમસ્યા રહે છે. અને ઉપરોક્ત પ્રકારે યથાર્થ નિશ્ચય કરવાની દિશામાં પ્રયત્નનો અભ્યાસ કરવાને બદલે, ધારણાના વિષયને વારંવાર રટણ અને વિચાર મનમાં – (દૃઢ કરવાના અભિપ્રાયથી) રાખે છે. અને તેમ કરતાં કરતાં લાભ થશે તેવું ભ્રમથી માને છે. તે જીવ સમ્યક્ સન્મુખ થતો નથી તેથી આ ભૂમિકામાં ભાવભાસનનો પ્રકાર હોવો ઘટે છે. તે ખાસ ધ્યાનમાં લેવા યોગ્ય છે. પૂ. ગુરુદેવશ્રીનું વચનામૃત પરમાગમસાર આંક-૨૩૬. આ વિષયનું અતિ સુંદર શૈલીમાં સ્પષ્ટીકરણ કરે છે.

''જ્ઞાનમાં જેમ જેમ સમજણ દ્વારા ભાવભાસન વધતું જાય છે તેમ તેમ જ્ઞાનનું સામર્થ્ય વધતું જાય છે અને એ વધતાં જતાં જ્ઞાન-સામર્થ્ય દ્વારા મોહ શિથિલ થતો જાય છે.''

ઉપરોક્ત વચાનમૃતમાં સ્પષ્ટ કહ્યું છે કે જ્ઞાનને સ્વરૂપ ગ્રહણ કરવાનું જે સામર્થ્ય છે, તે ભાવભાસન થતાં ઉત્પન્ન થાય છે. અને વૃદ્ધિગત થતું જાય છે, વળી, આવું વધતું સામર્થ્ય એક બાજુ (અસ્તિથી) સ્વરૂપને ગ્રહવાની

શક્તિવાળું-ક્ષમતાવાળું થાય છે તો બીજી બાજુ (નાસ્તિથી) દર્શનમોહને શિથિલ થવામાં તે કાર્યગત થાય છે. યથાર્થ પ્રકારે દર્શનમોહ અહીં ગળવા લાગે છે. અર્થાત્ મિથ્યાત્વનો રસ અહીં ઘટી જાય છે. અને અંતે મિથ્યાત્વનો અભાવ થાય તે સ્થિતિ આવે છે. તેથી આવો જીવ સમ્યક્ત્વનો અધિકારી થાય છે. શ્રીમદ્‌રાજચંદ્રજીએ પણ પોતાની મૌલિક શૈલીમાં આ વાત કરી છે. જે તેમના જ શબ્દોમાં નીચે પ્રમાણે છે.

"આજ સુધી અસ્તિત્વ ભાસ્યું નથી. અસ્તિત્વ ભાસવાથી સમ્યક્ત્વ પ્રાપ્ત થાય છે. અસ્તિત્વ એ સમ્યક્ત્વનું અંગ છે. અસ્તિત્વ જો એક વખત ભાસે તો તે દૃષ્ટિની માફક નજરાય છે અને નજરાયાથી આત્મા ત્યાંથી ખસી શકતો નથી. જો આગળ વધે તોપણ પગ પાછા પડે છે. અર્થાત્ પ્રકૃતિ જોર આપતી નથી..."

(જ્ઞાનામૃત-પૃ. ૮૪ વ્યાખ્યાનસાર ૨-૧, આંક-૨૨૦.)

ઉક્ત વચનામૃતમાં પણ સ્વરૂપ-અસ્તિત્વ ભાસવાથી સમ્યક્ત્વ પ્રાપ્ત થાય છે તેમ સ્પષ્ટ કરેલ છે. દૃષ્ટિ (શ્રદ્ધા) નું કાર્ય નિર્વિકલ્પ ભાવે સત્તાને (અસ્તિત્વને) વિષય કરવું તે છે. તેવું કાર્ય અહીં પ્રથમ જ્ઞાનમાં નિજ અસ્તિત્વ ભાસવારૂપ થાય છે. આમ જ્ઞાનપૂર્વક શ્રદ્ધાન થાય છે. તેમ જ તે કાર્ય-કારણની અનિવાર્ય શૃંખલા હોવાથી તેને સમ્યક્ત્વનું અંગ છે તેમ કહેલ છે. આમ શ્રીમદ્‌જીના વચનમાં ગૂઢ રહસ્ય પ્રતિપાદિત થયેલું છે. સ્વરૂપનો નિશ્ચય તે માત્ર બહિર્લક્ષી જ્ઞાન કે કોરા અનુમાનતર્કનો વિષય નથી. પરંતુ તેનું એક વિશિષ્ટ લક્ષણવાળું પરિણમન ઉત્પન્ન થાય છે, તે પણ સ્પષ્ટ કરેલ છે કે જેમ "નજરબંધી" કરી હોય તેની નજર બીજે જઈ શકતી નથી. તેમ નિજઅસ્તિત્વ "નજરાય" છે. અર્થાત્ લક્ષમાંથી લક્ષ્ય ખસતું નથી. તે એવા પ્રકારે કે "આત્મા ત્યાંથી ખસી શકતો નથી" જેમ અતિ મમત્વથી કીમતી વસ્તુમાં "જીવ વળગ્યો રહે છે" તેમ કહેવાય છે. તેમાં તે જીવના પરિણામમાં તે વસ્તુ પ્રત્યે સર્વસ્વપણાનો ભાવ રહ્યો છે તેમ પ્રદર્શિત કરાય છે. તેવી રીતે નિજ-અસ્તિત્વમાં રહેલ અનંત જ્ઞાન-આનંદ આદિ નિધાનરૂપ ગુણસંપત્તિસ્વરૂપ પોતાનું સર્વસ્વ એક વાર ભાસ્યમાન



થતાં આત્મા ત્યાંથી ખસી શકતો નથી. હજુ તેને ભલે અનુભવ થયો નથી અને તેથી વિભાવ ઉત્પન્ન થાય છે. તોપણ તેમાં તેનું જોર તૂટી ગયેલું હોવાથી – "પ્રકૃતિ જોર આપતી નથી" તેમ કહેલ છે. અર્થાત્ જે મોહ-પ્રકૃતિનું જોર ટળવું દુષ્કર છે તે નિર્મોહી એવા સ્વરૂપનું અસ્તિત્વ ભાસતાં શિથિલ થઈ જાય છે. એક બાજુ દર્શન-મોહનું બળ-રસ શિથિલ થાય છે. કષાયશક્તિ ક્ષીણ થાય છે, અને બીજી બાજુ અખંડ આત્મદ્રવ્ય પ્રત્યેનો અપૂર્વ મહિમા ઊમટી પડે છે. કારણ એવું જ કોઈ મહા-મહિમાવંત આત્મદ્રવ્ય છે. અને ચૈતન્યસ્વભાવ તરફ જોર વળી જાય છે. આ રીતે મૂળમાંથી અનેક પ્રકારે ફેર પડે છે. અને ત્યારે જ જીવ મોક્ષમાર્ગમાં પ્રવેશ પામી શકે છે. સમ્યક્-સન્મુખ જીવની દશામાં જે ખાસ પ્રકારના ફેરફારો થાય છે તેમાનાં કેટલાક નીચે પ્રમાણે છે.

૧. પોતાનું મૂળ સ્વરૂપ – અસલ સ્વરૂપ ચૌદ ગુણસ્થાનથી પાર છે. તેવું ભાસવા લાગે અર્થાત્ સાક્ષાત્ સિદ્ધપદરૂપ અંતરમાં આત્મદ્રવ્ય છે, તેવો પોતારૂપે – પોતાથી ભાસે છે. દેવ-શાસ્ત્ર-ગુરુ આત્માનું સ્વરૂપ-સિદ્ધ સમાન કહે છે. તેથી નહિ, પણ મને પોતાને પણ એમ જ ભાસે છે. તેથી તેઓનાં સર્વ કથન હવે ખરેખર સમજાય છે. અને તે પહેલાની સમજણ (બુદ્ધિપૂર્વકની પણ) ઓઘે ઓઘે સમજણ હતી. તેમ લાગે છે.

૨. જે અનંત મહિમાવંત સ્વરૂપ ભાસ્યું અને તેથી તેનો અપૂર્વ-અપૂર્વ મહિમા ઉત્પન્ન થયો, તે કારણથી આખા જગતનો મહિમા ઊડી જાય છે. કોઈ વસ્તુ પોતાથી અધિક ભાસતી નથી. આ રીતે સર્વ બાહ્ય પદાર્થ સંબંધીનું મૂલ્યાંકન પૂર્વે થયેલું-ગ્રહેલું તે આખું બદલાઈ જાય છે. અને તેથી ઉદયના સર્વ પ્રસંગોમાં પોતાનું કોઈ પ્રયોજન નથી, તેમ ભાસવા લાગે છે, અને જ્યાં પ્રયોજન ન જણાય, ત્યાં રસ ન આવે, અધિકાઈ ન થાય તે સ્વાભાવિક છે. (આશ્રય માટે) પોતાનું અવભાસેલું સ્વરૂપ જ પ્રયોજનભૂત છે તેવો નિશ્ચય વર્તે છે.

૩. ચાલતા પરિણમનમાં ઉક્ત પ્રયોજનભૂત સ્વના લક્ષે, મુખ્ય-ગૌણના ખાસ પ્રકારનાં બે પડખાં પડી જાય છે. જેમકે મુમુક્ષુની ભૂમિકામાં શાસ્ત્રોનું

અવગાહન-અધ્યયન થાય છે, તેમાં અનેક પડખાથી પ્રતિપાદન કરાયેલું હોય છે, તે સર્વ વિશાળતાવાળા પ્રતિપાદનમાંથી પોતાના પ્રયોજનવાળા વિષયને મુખ્ય કરાય છે. અને બાકીનું સર્વ ફક્ત જાણવાનો વિષય છે. (આદરવાનો નહિ) તેમ જાણીને ગૌણ થઈ જાય છે. તેમાં પણ પર્યાયાશ્રિતશુદ્ધિના પ્રયોજનની મુખ્યતા તેની મર્યાદામાં થાય છે. અર્થાત્ મર્યાદિતપણે થાય છે. અર્થાત્ મૂળ સ્વરૂપ ગૌણ થાય તેમ કોઈ પડખે મુખ્યતા થતી નથી. તેવી મુખ્ય-ગૌણ વિષયની વહેંચણીનું કાર્ય થવાનો પ્રારંભ અહીંથી થાય છે. અને તે ચાલુ રહે છે. તેથી સત્-શાસ્ત્રોમાં ખાસ પ્રયોજનભૂત વિષય જ્યાં જ્યાં આવે ત્યાં ત્યાં ધ્યાન ખેંચાય છે. ઉપરથી ચાલ્યું જવાતું નથી. ત્યાં રસ પણ વધે છે. અને જાણવાના વિષયમાં રોકાવાનું થતું નથી. તેમાં રસ આવતો નથી. પ્રાયઃ સામાન્ય જિજ્ઞાસુને અપ્રયોજનભૂત જાણવાના વિષયમાં રસ આવે છે. અને તેથી તેની શક્તિ અને સમયનો ત્યાં વ્યય થાય છે. તેવું અયથાર્થ જ્ઞાનની પ્રવૃત્તિવાળું કાર્ય ન થાય તે પણ અહિતથી જ બચવાનો પ્રકાર છે. જોકે સર્વ સંજ્ઞી છદ્મસ્થ જીવોને પરિણામમાં મુખ્ય-ગૌણરૂપ પરિણમન સહજપણે થાય જ છે. પરંતુ અહીં 'જ્ઞાયક' ની મુખ્યતાવાળો નિર્ણય વર્તતો હોવાથી અનાદિની રાગની મુખ્યતા થતી હતી તે થતી નથી. પરિણામમાં જેની મુખ્યતા થાય ત્યાં જીવની સર્વ શક્તિ લાગે તેવો નિયમ છે. તદ્ અનુસાર 'જ્ઞાયક' ની મુખ્યતાવાળું આ પરિણમન થયું હોવાથી ઉક્ત નિર્ણયની સફળતા થયા વિના રહેતી નથી. તેવું પરિણમન થયા કરે છે.

૪. વળી, જ્ઞાન-લક્ષણથી જ્ઞાયકસ્વભાવનો નિર્ણય થાય છે. તેમાં લક્ષણ પ્રગટ પર્યાયમાં હોવા છતાં, પર્યાયત્વ લક્ષણમાં રહેતું નથી. પરંતુ લક્ષમાં જ્ઞાનસ્વભાવ રહે છે. અર્થાત્ લક્ષણપૂર્વક લક્ષ્યનો નિર્ણય થવા છતાં લક્ષણ ગૌણ થઈ જાય છે. અને લક્ષ્ય મુખ્ય થઈ જાય છે. અર્થાત્ લક્ષ્યનું લક્ષ રહે છે. લક્ષણનું નહિ. તેમ જ વસ્તુની ઓળખાણ થતાં લક્ષ્ય-લક્ષણનો ભેદ પણ અસ્ત થઈ જાય છે. અને આખી વસ્તુ ટકીને પરિણમી રહી છે. તેમાં જ્ઞાન લક્ષણવંત પોતાનું સ્વરૂપ છે કે જે લક્ષણ-લક્ષ્યથી અભેદ છે તેમ સમજાય છે.



૫. આવો સ્વરૂપનો નિશ્ચય સવિકલ્પ જ્ઞાનની દશામાં થાય છે. પરંતુ જેનો સ્વપણે નિશ્ચય થયો છે તે તત્ત્વ વિકલ્પ રહિત, ભેદ રહિત અર્થાત્ નિર્વિકલ્પ સ્વરૂપ હોવાથી, નિર્ણય થનારને હવે નિર્વિકલ્પતાનો કાળ પાકી ગયો છે. તેથી તે હવે વિકલ્પમાં અટકશે નહીં. નિર્વિકલ્પ સ્વભાવમાં 'હું' પણાના જોરમાં તે સર્વ વિકલ્પોને વમી નાખશે જ, અર્થાત્ તે જીવનો નિર્વિકલ્પ સ્વભાવના જોરવાળો પુરુષાર્થ તદાકાર પરિણમન થઈ જાય તેટલી ઉગ્રતા ધારણ કરશે જ. (શ્રીમદ્ અમૃતચંદ્રાચાર્યે સમયસાર ગા.-૭૩ની ટીકામાં આ વિષયનું અતિ સુંદર શૈલીમાં વિષદપણે વ્યાખ્યાન કર્યું છે. જિજ્ઞાસુએ તે ત્યાંથી સમજવા યોગ્ય છે.)

૬. અહીં જે ચૈતન્યસ્વભાવ પોતારૂપે લક્ષગત થયો છે તેને નિશ્ચયનયનો પક્ષ બંધાણો છે, અને અનાદિનો વ્યવહારનયનો પક્ષ છૂટ્યો છે, તોપણ તે જીવ નિશ્ચયના પક્ષમાં અટકી જતો નથી અર્થાત્ તે પક્ષમાં પણ દક્ષ છે. અર્થાત્ સહજપણે તેને વર્તમાન નિશ્ચયના પક્ષવાળી પર્યાય ઉપર પણ વજન નથી જોર નથી. તેનું લક્ષ તો અનંત મહિમાવંત આત્મસ્વરૂપ ઉપર છે. તેથી પરિણમનમાં ભલે આગળ વધતો જાય છે. તોપણ તેના ઉપર લક્ષ નથી. તેટલું વિચક્ષણપણું સહજ હોવાને લીધે, તે અવશ્ય પક્ષાંતિક્રાંત દશાને પ્રાપ્ત થાય છે.

૭. વળી, આત્મસ્વરૂપનો યથાર્થ નિર્ણય, ચૈતન્યવીર્યની સ્ફુરણાનું કારણ થાય છે. મુમુક્ષુ જીવને આ સ્ફુરણ (પરિણામનું અસાધારણપણું હોવાને લીધે,) ખ્યાલમાં પકડાય તેવું છે. કારણ કે અદ્ભુત સ્વરૂપ જ્ઞાનમાં પ્રતિભાસતાં પોતાના ગુણનિધાનની (સ્વભાવની) અનન્ય રુચિ ઉત્પન્ન થઈ જાય છે. અને ''રુચિ અનુયાયી વીર્ય'' તે સિદ્ધાંત પ્રમાણે ચૈતન્યવીર્યની અપૂર્વ સ્ફુરણા ઉત્પન્ન થાય છે. પૂ. ગુરુદેવશ્રી પરમાગમસાર વચનામૃત-૨૧૦માં કહે છે કે :-

''પહેલાં આ શ્રદ્ધામાં, જ્ઞાનમાં, રુચિમાં અને લક્ષમાં આવવું જોઈએ, તો એના વીર્યમાં સ્વભાવ-સન્મુખની સ્ફુરણા ચાલ્યા કરે. આ સમ્યક્ પહેલાંની વાત છે. આ જ સમ્યક્‌દર્શનનો ઉપાય છે. બીજો કોઈ ઉપાય જ નથી.''

ઉપરોક્ત વચનામૃતમાં, મુમુક્ષુ જીવને વિચારદશાના કાળમાં પહેલાં જ્ઞાનમાં સ્વરૂપ લક્ષ થાય સાથે સાથે રુચિ અનન્યભાવે પરિણમે અને શ્રદ્ધામાં એટલે વિશ્વાસ સહિત નિઃશંક જ્ઞાનમાં આ તત્ત્વ આવે, તો પુરુષાર્થની સ્ફુરણા એટલે જોરવાળા પરિણામની દિશા બદલાઈને સ્વ-સન્મુખ સહજ ચાલ્યા કરે. આ રીતે સમ્યક્દર્શનરૂપ દશા થયા પહેલાં ઉક્ત પ્રકારે દિશા બદલાય છે. સ્વ-સન્મુખની દિશા બદલાયા વિના દશા બદલાતી નથી તેવો નિયમ છે. ઉક્ત વચનામૃતમાં અનેકાંત કર્યું છે કે આ જ રીતે ઉપાય છે. બીજી રીતે સમ્યક્દર્શનનો ઉપાય નથી.

૮. વળી, સ્વરૂપપ્રાપ્તિની તીખી ભાવનાપૂર્વક, સ્વરૂપની અંતરવિચારણામાં આત્મસ્વરૂપનો નિશ્ચય થાય છે, તે નિશ્ચય જ્ઞાનની ઉપયોગરૂપ દશામાં થાય છે. તે ઉપયોગ થયા બાદ ઉપયોગનું લબ્ધ પરિણતિરૂપ થાય છે. આવું જ્ઞાનનું લબ્ધ થયું તેવું પૂર્વે કદી થયું નથી. અર્થાત્ પૂર્વે જે જ્ઞાનનું લબ્ધ હતું તેમાં રાગ અને પર તે હું-તેવું લબ્દ હતું અને તેવા અનાદિથી લબ્ધ સહિત કોઈ પણ જીવ, (લબ્ધમાં – પરિણતિમાં ઉપરોક્ત પ્રકારે ફેરફાર થયા વિના) આત્માનું ચિંતવન દ્રવ્ય, ગુણ, પર્યાય અથવા ઉત્પાદ, વ્યય, ધ્રુવથી કરે. વારંવાર તે ચિંતવન દ્વારા એકાગ્ર થવા આશા ધરે, તોપણ એકાગ્રતા થઈ શકતી નથી, જોકે આવા તત્ત્વ-વિચાર કરનાર જીવને મિથ્યાત્વ મંદ થાય છે. તોપણ યથાર્થ પ્રકારે તે મંદતા થઈ નથી અને જ્ઞાનમાં અનાદિનું "રાગ અને પર તે હું" તેવું પરિણતિમાં જેમનું તેમ પડેલું હોવાથી આત્માના વિકલ્પ થવા છતાં તેમાં ચૈતન્યનો રસ ઊપજતો નથી. તેવું ઊંધા લબ્ધનું જોર કામ કરે છે. ત્યાં આત્માના સ્વરૂપ સંબંધિત વિચારણાનો ઉપયોગ નિરર્થક થાય છે. કાર્યગત્ થતો નથી. એવું જ લબ્ધનું જોર સર્વ દશામાં હોય છે. અર્થાત્ જેમ સવળી દશામાં સમ્યક્દૃષ્ટિને લબ્ધજ્ઞાનમાં આત્મા હોવાથી-પરમાં ગયેલા ઉપયોગનું જોર ચાલતું નથી. તેમ ઊલટી દશામાં પણ લબ્ધની વિપરીતતા હોય ત્યાં સુધી સ્વરૂપ વિચારણાનો ઉપયોગનું જોર ચાલતું નથી, તેથી લબ્ધમાં રહેલ વિપરીત નિશ્ચય ટળવો જોઈએ, અને તે યથાર્થ સ્વરૂપના ભાવભાસનથી ટળે છે. ત્યારે ચૈતન્યવીર્યની સ્ફુરણા



થાય છે. અને તે ઉદ્યમ ભેદજ્ઞાન કરવામાં કાર્યગત થાય છે. આ રીતે વર્તમાન જ્ઞાન-બળમાં, લબ્ધ-ઉપયોગની સંધિ થવારૂપ કાર્ય જ અનુભવને ઉત્પન્ન કરે છે. એટલે કે ઉપયોગ અને લબ્ધના વિષયની સંધિ થવાથી સ્વકાર્ય અવશ્ય સફળ થાય છે. તે નિષ્ફળ કેમ થાય ? અર્થાત્ નિષ્ફળ થવાનું કાંઈ કારણ જ નથી.

૯. આવા સમ્યક્-સન્મુખ જીવની, તત્ત્વાભ્યાસ, સ્વરૂપ ચિંતવન-મંથનની પરિણતિ કેવી હોય છે. તે પૂ. ગુરુદેવના શબ્દોમાં આ પ્રમાણે છે. "હું પૂર્ણાનંદનો નાથ જ્ઞાયક પ્રભુ છું. એમ જ્ઞાયકના લક્ષે (તે) જીવ સાંભળે છે. તેને સાંભળતાં પણ જ્ઞાયકનું લક્ષ રહે છે. તેને ચિંતવનમાં પણ હું પરિપૂર્ણ જ્ઞાયક છું. – એમ જોર રહે છે તે જીવને સમ્યક્-સન્મુખતા રહે છે. મંથનમાં પણ લક્ષ જ્ઞાયકનું રહે છે. આ ચૈતન્યભાવ પરિપૂર્ણ વસ્તુ છે. – એમ એના જોરમાં રહે છે. તેને ભલે હજુ સમ્યક્દર્શન ન થયું હોય, જેટલું કારણ આપવું જોઈએ તેટલું કારણ ન આપી શકે તોપણ લગની લાગે કે હું જગતનો સાક્ષી છું, જ્ઞાપક છું. એવા દૃઢ સંસ્કાર અંદરમાં પાડે કે જે સંસ્કાર ફરે નહિ. જેમ સમ્યક્દર્શન થતાં અપ્રતિહતભાવ કહ્યો છે. તેમ સમ્યક્ સન્મુખતા એવો દૃઢ સંસ્કાર પાડે કે તેને સમ્યક્દર્શન થયે જ છૂટકો." (પરમાગમસાર આંક-૩૫૯.)

ઉક્ત વચાનમૃતમાં સમ્યક્ સન્મુખ જીવ કે જેને સમ્યક્ત્વની ઘણી નજીકતા વર્તે છે, અને જે અલ્પકાળમાં અવશ્ય સમ્યક્ત્વ પામવાનો છે તેનો વિશદ-ભાવવાહી ચિતાર ખડો કર્યો છે. આવી તૈયારીવાળા જીવને સમ્યક્દર્શન પહેલાં તત્ત્વશ્રવણ-વાંચનમાં પોતાના પૂર્ણ જ્ઞાયકસ્વરૂપના લક્ષે પ્રવૃત્તિ થાય છે. તત્ત્વાભ્યાસની આવી અનેકવિધ પ્રવૃત્તિમાં, પ્રવૃત્તિમાં વિવિધતા થવા છતાં લક્ષ સળંગ એક જ પોતાના પૂર્ણ જ્ઞાયકસ્વરૂપનું રહે છે. માત્ર લક્ષ રહે છે એટલું જ નહિ, પૂર્ણતાનું જોર પણ સાથે રહે છે. તેમ કહીને પ્રગટિત પુરુષાર્થને પણ દેખાડ્યો છે. તેમ જ આ ભૂમિકામાં સ્વભાવની લગની રુચિ પણ અસાધારણ વધી જાય છે કે જેને લઈને તે સમ્યક્દર્શન પ્રત્યે આગળ ને આગળ વધી રહ્યો છે. જાણે કે અપ્રતિહતભાવે

આગળ વધી રહ્યો છે. તેવું અનુભવપૂર્ણ વચન, આ ભૂમિકાના સૂક્ષ્મભાવો ને પ્રકાશિત કરતું પૂ. ગુરુદેવશ્રીએ વ્યક્ત કરેલ છે. જે સાંપ્રત અને ભવિષ્યના મુમુક્ષુસમાજનું મહાન સૌભાગ્ય છે.

વળી, આવી સમ્યક્‌દર્શનની તૈયારી કરવાની પ્રેરણા વાચક તેઓશ્રીનું વચનામૃત આંક-૩૦૪ (પરમાગમસાર) પણ અત્રે ઉલ્લેખનીય છે.

"આ વસ્તુ પ્રયોગમાં લાવવા માટે અંદર મૂળમાંથી પુરુષાર્થનો ઉપાડ આવવો જોઈએ કે હું આવો મહાન પદાર્થ-એમ નિરાલંબનપણે કોઈના આધાર વિના અધ્ધરથી ધૂન ચાલતાં ચાલતાં એવો રસ આવે કે બહારમાં આવવું ગોઠે નહિ. હજુ છે તો વિકલ્પ પણ એમ જ લાગે કે આ... હું... આ... હું... એમ ઘોલનનું જોર ચાલતાં ચાલતાં એ વિકલ્પો છૂટીને અંદરમાં ઊતરી જાય છે."

જુઓ, અહીં પ્રયોગની વાત કરી છે. એટલે કે માત્ર વિચાર કરવાની વાત કરી નથી. જોકે વિચારદશા વિના જ્ઞાનદશા થતી નથી (બીજી કોઈ ક્રિયાથી જ્ઞાનદશા થવાની ચર્ચાનું પણ અહીં સ્થાન નથી.) અને તત્ત્વની વિચારણામાં પણ સ્થૂળ વિચારણા છોડીને સ્વભાવની સૂક્ષ્મ વિચારણા ચાલે, તે પછી જ્ઞાનદશા થવી સંભવે છે. તેવો ક્રમ છે. પરંતુ અહીં પૂ. ગુરુદેવશ્રીએ આ વિષયને સૂક્ષ્મ વિચાર ઉપરાંત બીજાં અનેક પડખાંથી ખોલીને સ્પષ્ટ કરેલ છે કે વિચારથી આગળ વધીને પ્રયોગ થવામાં પુરુષાર્થનો ઉપાડ આવવો જોઈએ. ખરેખર તો પ્રયોગ શરૂ થવો તે પુરુષાર્થના તબક્કક્નો પ્રારંભ છે. અર્થાત્ વીર્યગુણની પર્યાયમાં સ્વકાર્ય કરવાની ઉત્તેજના થતાં વિચારનો વિષય-માત્ર વિચારની મર્યાદામાં ન રહેતાં પ્રયોગમાં આવે છે, પલટાય છે. માત્ર વિચાર એટલે કે બહિર્લક્ષી જ્ઞાન અને રાગની પ્રધાનતામાં રોકાવું. તેમાં કાંઈ પુરુષાર્થનો ઉપાડ નથી. પરંતુ જે સ્વરૂપ જ્ઞાનની પ્રધાનતાથી નિશ્ચયમાં આવ્યું છે. તેની મહાનતાની મહિમા અંતરંગમાં એટલી હદે વધતાં પરિણામમાં તેની અસાધારણ અસર થાય કે... "હું આવો મહાન છું..." આમ સ્વ-સ્વરૂપના અપૂર્વ મહિમાપૂર્વક નિજને અનુભવવાનો (ભાવમાં) પ્રયાસ થવો તે પ્રયોગ છે કે જે વિચારની ભૂમિકાથી આગળનો પ્રકાર



છે. આ પ્રકારના નિજ સ્વરૂપના મહિમાના સદ્‌ભાવમાં જગતના સર્વપદાર્થની કિંમત ઊડી જાય છે. અને અનાદિનું દીનપણું છે. તેમાં મૂળમાંથી ફેર પડે છે. તે ઉપરાંત આવા પુરુષાર્થનો ઉપાડની સાથે પોતાનું અંતર અવલંબન થવા અર્થે અન્ય સર્વના અવલંબન વિના ધૂન ચાલે છે. અર્થાત્ વિચાર સાથે અધ્ધરથી ધૂન ચાલે છે. જેમાં કોઈ નિમિત્તનું અવલંબન તો નથી જ, પરંતુ રાગની મંદતા કે પૂર્વ પર્યાયનું અવલંબન પણ નથી. ખરેખર તો આવા આગળ વધતા પરિણમનને જોવા (રોકાવા) માં તે જીવ રહેતો નથી. પરંતુ તેનું એક જ લક્ષ્ય ઉપર લક્ષ હોવાને લીધે, અને બીજે ક્યાંય લક્ષ નહિ હોવાને લીધે તે ધૂન-અદ્ધરથી ચાલે છે, એન ચાલુ રહેતાં તેમાં લક્ષિત વિષયનો રસ આવે છે-જામે છે. માત્ર ઉપલક વાંચન-વિચારણામાં આ પ્રકારની ધૂન કે રસ હોતાં નથી. આ ધૂનમાં એક સ્વભાવ માત્ર વિષય છે. તે એવા પ્રકારે કે તેનું ધ્યાન બીજે રહેતું નથી, તે પોતાના જ વિષયમાં તીવ્ર જાગૃતિવાળો અને અન્ય સર્વથી ઉદાસીનતાવાળો ભાવ છે, કહેવા (બોલવા) માત્ર નથી. પરંતુ આવી ખરી ધૂન લાગે તો સ્વરૂપ પ્રગટ થયા વિના રહે નહિ તેવી ગેરંટી અનુભવી પુરુષોએ પ્રસિદ્ધિ કરી છે. વળી, આવા વિશિષ્ટ પરિણમનમાં જે રસ આપ્યો તેનું સ્વરૂપ બતાવતાં પૂ. ગુરુદેવ કહે છે કે તેને બહાર આવવું ગોઠે નહિ. રસ તો જીવને રુચિના વિષયમાં આવે છે. અને જ્યાં પોતાના પરમાત્મદ્રવ્યની રુચિ-અનન્ય રુચિ થઈ, ત્યાં બહાર આવવું કેમ ગમે ? આવા આત્માર્થી જીવને ઉદયમાં આવી પડેલા પ્રસંગોમાં જે કાર્યો કરવાં પડે છે, તે બોજા રૂપ લાગે છે. આવી પડેલી આફત જેવાં લાગે છે. (સામાન્ય માણસની જેમ તે ઊલઝીને કોઈ કાર્યમાં પડતો નથી.) જોકે આત્માની રુચિ થવા છતાં હજુ અહીં વિકલ્પ છે. પરંતુ વિકલ્પ ઉપર વજન નથી. તેથી તેનું જોર નથી. પરંતુ આ... હું... આ... હું... એમ લાગે છે તે પ્રકારે સ્વભાવ ઉપર ઘોલનનું જોર છે. ઘોલનમાં સ્થૂળ વિકલ્પો રહેતા નથી. વિકલ્પો સૂક્ષ્મ થઈ જાય છે. અને જોરથી (વેગ) ઘોલનમાં સ્વ-વિષય ઘૂંટાવા લાગે છે. આ રીતે નિર્વિકલ્પ આત્મદ્રવ્યમાં આ હું એમ થઈ જતાં વિકલ્પ ઉત્પન્ન થતા નથી અર્થાત્ વિકલ્પો પણ

છૂટી જાય છે. જુઓ અહીં આ હું એવો વિચાર માત્ર નથી, પરંતુ એમ લાગે છે કે આ હું. લાગવું એટલે અસર થવી. જ્યાં પોતાપણું ન હોય, મમત્વ ન હોય ત્યાં કાંઈ લાગવું કે અસર થતી નથી. તે સૌ કોઈને અનુભવગોચર છે. અહીં નિજમાં નિજબુદ્ધિ-થતાં દ્રવ્ય સ્વભાવ પોતારૂપે પ્રથમ લાગે છે અહીં માત્ર સામાન્ય લાગવું નથી. પરંતુ તેનું જોર વધતા – તદ્રૂપ સ્વીકાર પરિણમન થઈ જાય છે. તેમાં વિકલ્પ છૂટીને અંદરમાં ઊતરી જાય છે. તેમ કહેવાય છે. આ રીતે નિર્વિકલ્પ સમ્યક્દર્શનની દશા ઉત્પન્ન થયાં પહેલાં તેના કારણરૂપ (વ્યવહારથી) સ્વ-સન્મુખ મતિશ્રુતજ્ઞાનની દશા, અનન્યરૂચિ અને પુરુષાર્થનું જોરવાળું પરિણમન થતાં સમસ્ત ગુણોના પરિણમનને સ્વ-દ્રવ્યાકારભાવે પરિણમાવી સર્વગુણાંશ તે સમ્યક્ત્વને ઉત્પન્ન કરે છે કે જે પરિણામ અનંતભવનું છેદક છે. સમ્યક્દર્શન થયાં પહેલાં પૂર્વ-પર્યાયનો આવો ક્રમ છે. અંતરંગ પરિણામોની આવી સ્થિતિ થયા વિના કોઈને કદી સમ્યક્દર્શનની ઉત્પત્તિ બીજા પ્રકારે થતી નથી. તેમ સમજવા યોગ્ય છે.

૧૦. અહીં સ્વરૂપના નિર્ણયને ''યથાર્થ નિર્ણય'' કહેવાનું એક સબળ કારણ તે પણ છે કે ઉક્ત 'યથાર્થ નિર્ણય' થતાં દિશા બદલીને પરિણામ સ્વ-સન્મુખ પ્રવર્તવા શરૂ થાય છે. તેમજ પુરુષાર્થ સહિત ભેદજ્ઞાન કરતાં-કરતાં પુરુષાર્થ વધીને અભેદ અનુભવની પ્રાપ્તિ થાય છે. ત્યારે વિકલ્પના કાળે જે પરોક્ષપણે ભાસ્યમાન થયેલ તે સ્વરૂપનો જ અતીન્દ્રિય પ્રત્યક્ષ અનુભવ થયો તેમ જણાય છે. આ લક્ષણ પણ નિર્ણયની યથાર્થતાને સિદ્ધ કરે છે.

આ પ્રકરણમાં કેટલાક તર્ક થવા સંભવિત છે. ને તે વિચારવા યોગ્ય પણ છે. તર્ક (પ્રશ્ન) :- અભેદ જ્ઞાયકસ્વરૂપના અનુભવકાળે લક્ષણભેદ અથવા કોઈ ગુણ-ધર્મ કે પર્યાયનો ભેદરૂપ અનુભવ થતો નથી. તો પછી નિર્ણયના કાળે લક્ષણનો ભેદ શા માટે અપનાવવો ? લક્ષણનો ભેદ કરતાં તો ભેદનું ગ્રહણ થાય છે ? ભેદનું ગ્રહણ અભેદનો અનુભવ કરાવવા માટે સુસંગત કારણ છે ? આવો તર્ક (પ્રશ્ન) થવા સંભવિત છે. તેનું સમાધાન એ છે



કે લક્ષણના આધાર વગર લક્ષ્ય આત્માનો નિર્ણય થઈ શકતો નથી. અર્થાત્ નિર્ણયના કાળે આવો ભેદ ઊપજવો અનિવાર્ય છે. તેવી જ વસ્તુ-સ્થિતિ છે. કારણ કે ઓળખવાની પ્રક્રિયા સર્વત્ર આ રીતે જ થાય છે. જેમ હીરાને પરખવા માટે હીરાના ખાસ ચિહ્નોના જ્ઞાન દ્વારા જ હીરાને ઓળખાવીને તેનું મૂલ્ય કરી શકાય છે. પછી તે હીરાને અલંકારમાં પહેરવાના આનંદને ભોગવવા કાળે તેનાં કોઈ લક્ષણનો કે વિશિષ્ટતાનો ભેદ ઊપજતો નથી. આ રીતે આત્માને ઓળખ્યા વિના તેનો ખરો આનંદ પામવા (ભોગવવા) સુધી પહોંચી શકાતું નથી. પોતાના ચૈતન્ય સ્વરૂપનો, વિકલ્પોની ભૂમિકામાં વિકલ્પદશા સહિતના જ્ઞાન દ્વારા (ભેદપૂર્વક) અભેદ સ્વરૂપનો નિર્ણય કર્યો હતો, તેમાં વ્યાપ્ય-વ્યાપકભાવે થઈને એવા પ્રકારે પ્રવર્તે છે કે જ્યાં ધ્યાતાધ્યેયપણાનો ભેદ પણ રહે નહિ એવી દશાનું નામ નિર્વિકલ્પ અનુભવ છે. મોટા નયચક્ર ગ્રંથમાં એમ જ કહ્યું છે :-

तच्चणे सण काले समयं बुज्झेहि जुन्तिमग्गेण ।
णो आराईण समये पच्चखोअणुहवो जहमा ।।२६६।।

**અર્થ :-** તત્ત્વ અન્વેષણ કાળે (ઓળખાણ કરવાના કાળે) શુદ્ધાત્મા ને યુક્તિમાર્ગ દ્વારા સમજવામાં આવે છે. પછી આરાધન કાળે (ત્યાં યુક્તિ અર્થાત્ ભેદ - પ્રભેદની અવશ્યકતા નહિ હોવાથી) તો આત્મા અનુભવમાં પ્રત્યક્ષ છે. (ત્યાં નયપ્રમાણના ભેદ નથી.)

આ રીતે ઓળખવાની રીત અને આરાધનની વિધિમાં ફેર હોવા છતાં પણ આરાધનના કાળે ભેદનું અવલંબન નથી. જોકે પ્રથમથી જ ભેદો દ્વારા સમજણના કાળે જ અભેદ સ્વરૂપ લક્ષણમાં લેવાનો પ્રયાસ હોવાથી શરૂઆતથી જ ભેદ ઉપર વજન હોતું નથી. અર્થાત્ (સવિકલ્પ) ભેદવાળી દશામાં ભેદ પડવો અનિવાર્ય હોવા છતાં તેની ગણના યથાર્થ કાર્ય-પદ્ધતિમાં થતી હોવાથી ત્યાં પ્રથમથી જ ભેદને ખરેખર અપનાવ્યો નથી. પરંતુ તેવો જ વિકલ્પનો સ્વકાળ છે. તેનું માત્ર જ્ઞાન (જાણવાના વિષય તરીકે) રહે છે. આમ ભેદનું અપનાવવું કે ભેદનું ગ્રહણ (મુખ્યતા) થતું નથી. તે અભેદ અનુભવ થવા માટે સુસંગત જ છે.

વળી, એક એવો તર્ક થવો પણ સંભવિત છે કે, સત્શાસ્ત્રોમાં આત્મજ્ઞાન (જ્ઞાન ઉપરાંત) બીજા ત્રિકાળી ગુણોનું પણ નિરૂપણ કર્યું છે. તો પછી, માત્ર જ્ઞાન દ્વારા જ ઓળખાણ થઈ શકે છે ને એવી જ જો વસ્તુસ્થિતિ હોય, તો બીજા ગુણોનું પ્રતિપાદન અનઆવશ્યક ઠરે છે ? અથવા બીજા ગુણોનું પ્રતિપાદન નિષ્પ્રયોજન થશે ?

સમાધાન :- આત્મા એક (જ્ઞાન) ગુણ સ્વરૂપ નથી. પરંતુ આત્મામાં જ્ઞાન સિવાય પણ અનંત ગુણો છે. તેમાંથી જે ગુણો વચન-ગોચર છે, તે-તે ગુણોનું પ્રતિપાદન થયેલું છે. અને તે રીતે વસ્તુના યથાર્થ સ્વરૂપનું વ્યવસ્થિત સ્થાપન કરવા યોગ્ય છે.

સાધક જીવને 'જ્ઞાનમાત્ર' ભાવરૂપ પરિણમનમાં એકસાથે અનંત શક્તિઓ ઊછળે છે, તે સ્વપરપ્રકાશક જ્ઞાનમાં જણાય છે. તેમાંથી જે વચન-ગોચર છે. તેને શાસ્ત્રમાં સ્થાપેલ છે. તોપણ તે ગુણ-ભેદો જાણવાનો વિષય છે. (આવલંબનનો વિષય નથી) અવલંબનનો વિષય તો અનંત શક્તિઓમાં વ્યાપક એવું 'એક દ્રવ્ય' છે. વળી જ્ઞાતા-જ્ઞેયના સંબંધને લીધે, જ્ઞાનતત્ત્વને પરરૂપ માનીને જીવ અનાદિથી અજ્ઞાની થઈ રહ્યો છે. ત્યાં આત્માને જ્ઞાનમાત્ર કહીને, સ્વરૂપનું તત્પણું અને પરરૂપથી સતતપણું પ્રગટ કરવું છે. અને આ રીતે જ્ઞાનમાત્ર ભાવનું સ્વયં અનેકાંતપણું પ્રસિદ્ધ થતાં પ્રયોજનની પણ સિદ્ધિ થાય છે. અર્થાત્ અજ્ઞાન અને મિથ્યાત્વનો નાશ થાય છે. તેથી અનેકાંતનો ઉપદેશ છે. તે યોગ્ય જ છે. અર્થાત્ ન્યાયસંગત છે.

પરંતુ આત્માની ઓળખાણની પ્રક્રિયામાં ખાસ પ્રકાર છે. અને તેમાં માત્ર જ્ઞાન દ્વારા જ ઓળખાણ થઈ શકે છે. બીજા ગુણોથી નહિ, કારણ કે મિથ્યાત્વના સદ્ભાવમાં બીજા ગુણોનું વિપરીત પરિણમન હોવાથી તે, વિપરીતતા દ્વારા અવિપરીત સ્વભાવનું ગ્રહણ થઈ શકતું નથી. માત્ર જ્ઞાનના ઉપયોગરૂપ દ્વારમાં સ્વભાવ પ્રકાશમાન છે. વ્યક્તપણે વ્યાપક છે. તેમ અનુભવગોચર થાય છે. તે ઉપરથી દ્રવ્યમાં આવો જ સ્વભાવ વ્યાપક છે. તેમ ઓળખાય છે. તેથી જ્ઞાન-લક્ષણથી જ આત્મા ઓળખાય છે. આ



વિષયમાં પણ પૂ. ગુરુદેવનું વચનામૃત નં.-૭૦૮ (પરમાગમસાર) ઉલ્લેખનીય છે :-

"આત્માનું વેદન કેમ થાય ? તો તે કાંઈ નિમિત્ત અને રાગમાં પ્રેમ કર્યે થાય નહિ. પણ ચેતનની ચેતના છે તે જ્ઞાનદર્શન વડે ખ્યાલમાં આવે, તે પરથી તો નહિ પણ જ્ઞાન સિવાય બીજા ગુણોથી પણ ખ્યાલમાં આવતી નથી. એવા જ્ઞાન-લક્ષણ વડે ચેતના જાણવામાં, ચેતના વડે ચેતનસત્તાનો નિર્ણય થયો. જ્યારે જ્ઞાનમાં ચેતના ખ્યાલમાં આવી ત્યારે ચેતનસત્તા છે એમ નિર્ણય થયો. જાણવા-દેખવાવાળી વસ્તુ છે તે વડે સુખનો અંશ પ્રગટ થયો ત્યારે ચેતનસત્તાનો નિર્ણય થયો."

વળી સર્વ ગુણોમાં જ્ઞાન મુખ્ય ગુણ છે. અને સ્વ-પરપ્રકાશક છે. તેવું તેનું વિશેષપણું છે. જ્ઞાનની અગ્રતામાં (ઊર્ધ્વતા) જ સર્વ જાણવાનું થાય છે. ત્યાં પણ જ્ઞાનની હયાતિ વિશિષ્ટપણું ધરાવે છે. પરંતુ જ્ઞેયલુબ્ધતાને વશ જ્ઞેયાકાર જ્ઞાન મુખ્ય થાય છે. ત્યાં જ્ઞાનની વેદનરૂપ પ્રસિદ્ધિ વડે સામાન્ય જ્ઞાનનો આવિર્ભાવ કરીને જ્ઞેયાકાર જ્ઞાનને ગૌણ કરવારૂપ વિધિ વડે જ્ઞાન પ્રગટ અનુભવમાં આવે છે તે પ્રકારે અંતરંગમાં સ્વભાવના આધારે પ્રવર્તવું થાય તો તે જ્ઞાનની અનુભૂતિ તે જ આત્માની અનુભૂતિ છે, કેમ કે સ્વપણે વેદાતું જ્ઞાન તે આત્મા જ છે.

વળી, અહીં એવો તર્ક પણ સંભવિત છે કે આત્માને પરમાગમ (નિયમસાર) માં પારિણામિકભાવ લક્ષણ કહ્યો છે. અને તે નિશ્ચયનો વિષય છે. જ્યારે 'ઉપયોગ લક્ષણ તો વ્યવહારનયનો વિષય છે. તો ઉક્ત બે લક્ષણમાંથી ક્યું લક્ષણ-લક્ષણ તરીકે ગ્રહણ કરવા યોગ્ય છે ? અથવા શા માટે નિશ્ચયનયના વિષયભૂત લક્ષણને સાધન ન બનાવવું ? પક્ષ તો વ્યવહારનય કરતાં નિશ્ચયનયનો પક્ષ કર્તવ્ય છે ? તેથી ઉપયોગ લક્ષણની મુખ્યતા કરવા યોગ્ય નથી ?

સમાધાન :- આત્માને ઓળખવા માટે તો પ્રસિદ્ધ ઉપયોગ લક્ષણ જ સાધન છે. ઉપયોગ લક્ષણ દ્વારા જેની ઓળખાણ કરવાની છે, તે પારિણામિકભાવ સ્વરૂપ તો લક્ષ્ય આત્મા છે. જોકે ઉપયોગ લક્ષણ પર્યાયમાં

છે તોપણ ''જાણનાર તે હું'' એવી ઓળખાણમાં અનાદિનું પર્યાયમાત્રનું અવધારણ હતું તેનો નિષેધ છે. અને સ્વભાવ પોતારૂપે ભાસે છે. માત્ર પરલક્ષી વિચારવાળા જ્ઞાનમાં અનુમાન-કલ્પનાથી નિર્ણય કરવામાં આવે છે. તેવો આ પ્રકાર નથી. પરંતુ યથાર્થ નિર્ણયમાં વાસ્તવિકતા છે. કલ્પના અને વાસ્તવિકતામાં મોટું અંતર છે. એકમાં વિપર્યાસનો ઉદ્‌ભવ છે, બીજામાં યથાર્થતાનો.

નિયમસાર આદિ ભાવના પ્રધાન શાસ્ત્રમાં આત્માને પારિણામિક ભાવ-લક્ષણ કહ્યો છે. ત્યાં પારિણામિકભાવની ભાવનાનો વિષય ચાલે છે. આત્માની ઓળખાણ કરવાનું ત્યાં પ્રકરણ નથી. તે લક્ષમાં લેવા યોગ્ય છે. વિવક્ષિત વિષય અનુસાર (પ્રકરણ અનુસાર) શાસ્ત્રના કથનનું અર્થઘટન કરવું યોગ્ય છે.

વળી, પારિણામિક ભાવ લક્ષણ નિશ્ચયનયના વિષયભૂત હોવાને લીધે તેની મુખ્યતા (લક્ષણરૂપના સાધન બનાવવા માટે) કરવી તેમ પણ અહીં લાગુ કરી શકાય નહિ. કારણ કે નિશ્ચયનયનો પક્ષ તો ઓળખાણ થતાં બંધાય છે. તે પહેલાં કૃત્રિમતાથી પક્ષ કરવાના હેતુથી લક્ષ્યને જ (ઓળખ્યા વિના) લક્ષણરૂપ કલ્પના કરવાથી ઓળખાણ કેવી રીતે થાય ? (અર્થાત્ ન જ થાય) વળી ઉપયોગ લક્ષણથી લક્ષ્યને ઓળખનારને અનાદિનો વ્યવહારનયનો પક્ષ છૂટીને યથાર્થ નિશ્ચયનો પક્ષ બંધાય છે. તેથી ત્યાં વ્યવહારનયનો પક્ષ રહી જશે, તેવો ભય રાખવો અસ્થાને છે.

વળી, પરાશ્રયબુદ્ધિ છૂટી અંતર્મુખ થવામાં જ્ઞાન જ કારણ છે. કઈ રીતે ? કે જીવનું જે પરાશ્રિત બહિર્મુખ ભાવે પરિણમન થઈ રહ્યું છે, તેમાં જ્ઞાનનું માધ્યમ છે. જ્ઞાન દ્વારા અન્ય પદાર્થ જ્ઞેય થાય છે, ત્યારે જ્ઞાન પોતાને ભૂલીને પર જ્ઞેયમાં તન્મયતાપૂર્વક આશ્રય કરે છે. અર્થાત્ એકાંતે અહંપણું ધારણ કરે છે. પરમાં સાવધાન થઈ પ્રવર્તે છે, તે જ જ્ઞાન પોતાનું સ્વરૂપ ઓળખીને સ્વમાં સાવધાન થાય, પલ્ટો મારીને સ્વ-સન્મુખ થાય છે તેથી જ્ઞાન દ્વારા જ અંતર્મુખ થઈ શકાય છે. ન્યાયથી પણ તેમ જ સિદ્ધ થાય છે કે જે ગુણ દ્વારા પરાન્મુખ થવાતું હોય તે જ ગુણ દ્વારા



સ્વસન્મુખ થવાય. બીજા ગુણથી નહિ. આ વિષયમાં પૂ. ગુરુદેવના વચનોનો આધાર ઉદ્ધરણ કરવા યોગ્ય છે. (પરમાગમસાર આંક-૬૩૭)

પ્રશ્ન :- આત્મા અનંત સ્વભાવવાન હોવા છતાં તેને જ્ઞાનમાત્રપણે કેમ કહેવાય છે ? જ્ઞાનમાત્ર કહેવાથી બીજા અન્ય ધર્મોનો નિષેધ સમજાય છે.

ઉત્તર :- લક્ષણની પ્રસિદ્ધિ વડે લક્ષ્ય-આત્માનો નિર્ણય કરવા માટે આત્માને જ્ઞાનમાત્ર કહેલ છે. આત્મામાં અનંત ગુણ છે. તેમાં જ્ઞાન મુખ્ય છે તે વિશેષ ગુણ છે. ત્રણે કાલ આત્માનું લક્ષણ જ્ઞાન છે. તે અન્ય દ્રવ્યોમાં નથી. જાણવાનું કાર્ય પર્યાયથી છે. જ્ઞાનની પ્રસિદ્ધિ વડે, જાણનાર તે જ આત્મા એમ લક્ષ્યરૂપ આત્મા નિઃશકંપણે પ્રસિદ્ધિ થાય છે, વ્યવહાર, રાગ, દયા, દાન ભક્તિ વડે આત્માની પ્રસિદ્ધિ થાય નહીં. કારણ કે રાગાદિ ત્રિકાળી સ્વરૂપમાં રહેતા નથી. એક સમયમાત્ર રહીને તે ટળી જાય છે. તેથી તે સ્વલક્ષણ થઈ શકે નહિ. અનંત ધર્મમાં મુખ્ય જ્ઞાન છે. પરાશ્રયબુદ્ધિ છૂટી અંતર્મુખ થવામાં જ્ઞાન જ કારણ છે. (૬૩૭)

વળી, જ્ઞાનમાં પરના વેદનનો અધ્યાસ પરાશ્રયબુદ્ધિથી થાય છે. અને જ્ઞાનમાં જ્ઞાનમાત્રનું વેદન થવું તે જ અંતર્મુખપણું છે. તે કાળે નિજ જ્ઞાન વેદનમાં રાગ અને પરના વેદનનો અભાવ છે. તેમ વેદનગોચર-અનુભવગોચર થતાં રાગ અને પરથી ભિન્નપણું થયું તેમ કહેવાય છે. આ રીતે જ્ઞાન જ અંતર્મુખ થવામાં કારણ છે. અને તેથી જ જ્ઞાન થતાં શ્રદ્ધાન થાય છે. અને ત્યારે જ ઉપયોગ સ્વરૂપમાં ઠરવા-સ્થિર થવા સમર્થ થાય છે. તેવું વિધાન પરમાગમમાં કરવામાં આવ્યું છે. (સમયસાર ગા. ૧૭-૧૮)

વળી, જેમ રાજા દીનપણું કરે તે ઉચિત નથી, તેમ જ્ઞાનને પરાશ્રિતપણું ઉચિત પણ નથી જ. (પરનું જાણવું થાય તે પરાશ્રિતપણું નથી, તે તો જ્ઞાનના સ્વચ્છત્વને લીધે છે.) અનંતગુણ સંપત્તિથી સમૃદ્ધ, અચિંત્ય સામર્થ્યનો ધરનાર આત્મા પોતાની જીવત્વશક્તિથી શાશ્વત હોવા છતાં પર સંયોગ (અન્ન-પાણી, પૈસા વગેરે)થી જીવવા, નભવા ટકવા ચાહે છે. તે પોતાના

સ્વરૂપથી ઉત્પન્ન થયેલો વિપર્યાસ છે.

વળી, જ્ઞાનને સ્વચ્છત્વ ઊર્ધ્વતા, વેદકતા આદિ ધર્મો છે. તેથી સ્વચ્છતાને લીધે જ્ઞાનમાં અન્ય જ્ઞેયોનું પ્રતિબિંબ ઊઠે છે. જેને પર-પ્રકાશપણું કહેવાય છે. પરંતુ પરને પ્રકાશવાથી (જાણવાથી) રાગાદિ દોષની ઉત્પત્તિ થતી નથી. રાગાદિ અનેક પ્રકારના દોષની ઉત્પત્તિ તો પરજ્ઞેય જાણવાના કાળે, પોતાના જ્ઞાન વેદનને ચૂકીને, પરાશ્રિતબુદ્ધિથી પરમાં તન્મય થવાથી થાય છે. તેમજ પરસન્મુખ થવાથી થાય છે. તેથી ચાલતા પરિણમનમાં, પોતાના જ્ઞાન-વેદનને ઊર્ધ્વ-મુખ્ય કરવાનો ઉપદેશ આપવામાં આવે છે. સમયસાર ગા.- ૧૫માં ઉક્ત પ્રકારને વર્ણન કરતાં જ્ઞેયાકાર જ્ઞાનને તિરોભૂત કરી, સામાન્ય જ્ઞાનનો આવિર્ભાવ કરતાં જ્ઞાન પ્રગટપણે અનુભવમાં આવે છે. તેમ કહ્યું છે અને તેવા ભાવશ્રુતજ્ઞાનને સમસ્ત જૈન-શાસનની અનુભૂતિ કહીને તેનો મહિમા કર્યો છે. આવું પરિણમન પ્રયોગથી થાય છે. જોકે અહીં જ્ઞાન સામાન્યના આવિર્ભાવ અને વિશેષ જ્ઞાનના તિરોભાવનો-પ્રયોગ કઈ રીતે કરવો ? તે પ્રશ્ન થવા યોગ્ય છે. તેનું સ્પષ્ટીકરણ નીચે પ્રમાણે છે :-

આવિર્ભાવ થવો એટલે તે ભાવની મુખ્યતા થઈ તે ભાવમાં ભાવાન્વિત થવું – તે આવિર્ભાવ છે. અને ત્યારે બીજું સમસ્ત અત્યંત ગૌણ થઈ જવું અર્થાત્ ઢંકાઈ જવું. તેને તિરોભાવ કહેવામાં આવે છે. જેમ કે કોઈ પણ જીવને પોતાના સુખનો વિષય-રુચિનો વિષય પરિણતિમાં મુખ્ય રહે છે, પરંતુ તે વિષયનો ઉદય પ્રત્યક્ષ વર્તવા લાગે, ત્યારે અત્યંત રસપૂર્વક તે ઉદયમાં ભાવ-વિભોર થાય છે. છતાં પણ ભિન્ન પદાર્થપણાને લીધે, ત્યાં તૃપ્તિ થતી નથી. પરંતુ રુચિપૂર્વક સ્વભાવનો આવિર્ભાવ થતાં અભેદભાવે નિજાનંદ ઉત્પન્ન થાય છે. કારણ કે સ્વરૂપ તો સહજ-પ્રત્યક્ષ છે. અને પોતાની મહાનતા પણ અદ્વિતીય છે. એવા અચિંત્ય અને મહા આશ્ચર્યકારી સ્વરૂપનો સહજ પ્રત્યક્ષતાને લીધે ભાવમાં વેદનથી આવિર્ભાવ થાય, અને તે પરિણમન અત્યંત ઉગ્રતા પકડે ત્યારે એકાકાર શુદ્ધોપયોગરૂપ દશા થાય છે. જેમાં પ્રગટ સ્વસંવેદન આવે છે. તેને જ સમ્યક્જ્ઞાન અને સમ્યગ્દર્શન અથવા સમયસાર કહેવામાં આવે છે. અને તેમાં અનંત ભાવનો છેદ કરવાનું



સામર્થ્ય રહેલું છે.

આ વિષયમાં, તાત્પર્યરૂપે વિચારવા યોગ્ય ખાસ વિષય એ છે કે સમ્યગ્દર્શન પહેલાં સવિકલ્પ દશામાં જે યથાર્થ નિર્ણય થાય છે, તેમાં એવું શું છે કે જેને લીધે, તે પરિણમન આગળ વધતું વધતું મોક્ષમાર્ગમાં પરિણામ પામે છે ?

ઉત્તર :- સ્વરૂપની ખરી ભાવનાવાળા જીવને યથાર્થ નિર્ણયથી સ્વરૂપનું લક્ષ બંધાતાં, તે જીવનું પરિણમન સમ્યક્ સન્મુખ થાય છે ત્યાં પરિણમનમાં એકલો વિકલ્પ નથી પરંતુ વિકલ્પની સાથે એક એવો ભાવ છે કે જે આગળ વધીને પુરુષાર્થનું અપૂર્વ પરાક્રમ કરીને નિર્વિકલ્પ અતીન્દ્રિય અનુભવ પ્રાપ્ત કરે છે. આ ભાવમાં જ્ઞાન-બળ, સ્વરૂપ પ્રત્યેની અનન્ય રુચિ, અને પુરુષાર્થનો અસાધારણ ઉપાડ-સ્વરૂપના મહિમાને લીધે-વર્તે છે કે જેમાં મિથ્યાત્વનો રસ ગળી જાય છે, અને પરોક્ષપણું છૂટીને પ્રત્યક્ષ અનુભવ થઈ જાય છે. આ વિષયમાં પૂ. બહેનશ્રીનાં વચનામૃત આંક-૪૦૪માં આ પ્રકારે નિરૂપણ આવ્યું છે :-

'પરથી ભિન્ન જ્ઞાયકસ્વભાવનો નિર્ણય કરી, વારંવાર ભેદજ્ઞાનનો અભ્યાસ કરતાં કરતાં મતિ-શ્રુતના વિકલ્પો તૂટી જાય છે. ઉપયોગ ઊંડાણમાં ચાલ્યો જાય છે અને ભોંયરામાં ભગવાનનાં દર્શન પ્રાપ્ત થાય, તેમ ઊંડાણમાં આત્મભગવાન દર્શન દે છે. આમ સ્વાનુભવની કળા હાથમાં આવતાં, કઈ રીતે પૂર્ણતા પમાય તે બધી કળા હાથમાં આવી જાય છે. કેવળજ્ઞાન સાથે કેલિ શરૂ થાય છે.'

ઉપરોક્ત વિધિપૂર્વક મોક્ષમાર્ગમાં પદાર્પણ થઈ શકવા યોગ્ય છે. અને બીજી કોઈ રીતે અન્યથા પ્રકારે આત્મ-દર્શન થતું નથી તેમ જાણવું જોઈએ, અને નિજહિતમાં પ્રવર્તવું જોઈએ, તેમજ બીજી સર્વ કલ્પનાની નિવૃત્તિ કરવી જોઈએ.

આ પ્રકારે જેણે મહાપુરુષાર્થથી પરમ સત્સ્વરૂપનો અભેદ અનુભવ કર્યો છે, એવા મૂર્તિમંત આત્મજ્ઞાન સ્વરૂપ સત્ પુરુષના અલૌકિક ગુણો અર્થાત્ તેમની ધીરજ, પ્રયોજનભૂત વિષયમાં જ્ઞાનની સૂક્ષ્મતા-ગવેષણા કોઈ

પણ પ્રસંગમાં મધ્યસ્થતા, સમસ્ત જગતથી નિર્લેપતા અને અતરંગ નિઃસ્પૃહતા, મહા વિવેકપૂર્ણ પ્રૌઢતા, ગુણ-ગંભીરતા, ભેદજ્ઞાનની સહજતા, પરમ જાગૃતિ, સમાધિ-ધ્યાન, નિઃશંકતા, નિર્ભયતા, આદિ પરમ આદર્શ પૂર્વક અવગાહન કરવા યોગ્ય છે. પરમાગમોમાં જ્યાં જ્યાં તેનું નિરૂપણ છે, ત્યાંથી જિજ્ઞાસુ જીવે તે અવશ્ય અવલોકન કરવા યોગ્ય છે. અહો ! સત્પુરુષની પ્રશમરસમય મુખમુદ્રા કે જે વચનની પ્રવૃત્તિ વિના પણ બોધનું કારણ છે.

પૂ. બહેનશ્રીનાં વચનામૃત આંક-૧૦૧માં સમ્યક્દૃષ્ટિની નિઃશંકતા કેવી હોય છે. તેની વાનગી પીરસી છે.

‘‘સમ્યક્દૃષ્ટિને એવો નિઃશંક ગુણ હોય છે કે ચૌદ બ્રહ્માંડ ફરી જાય તોય અનુભવમાં શંકા થતી નથી.’’

અંતમાં, શ્રીમદ્ રાજચંદ્રજીનું એક વચનામૃત ટાંકી અંત્ય મંગળ કરવામાં આવે છે.

‘‘અહો ! સર્વોત્કૃષ્ટ શાંત રસમય સન્માર્ગ.

અહો ! તે સર્વોત્કૃષ્ટ શાંત રસપ્રધાન માર્ગના મૂળ સર્વજ્ઞદેવ.

અહો ! તે સર્વોત્કૃષ્ટ શાંતરસ સુપ્રતીત કરાવ્યો એવા પરમકૃપાળુ સદ્ગુરુદેવ-આ વિશ્વમાં સર્વકાળ તમે જયવંત વર્તો. જયવંત વર્તો !!’’

*